વર્ષ : ૪૩ ❖ અંક :૧૦
ઓક્ટોબર - ૨૦૧૯

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

Retail Price Rs. 10/- Each



ભગવાન મહાવીર

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## 'શ્રી સદ્‌ગુરુપ્રાસાદ' (મીઠાખળી, અમદાવાદ) સ્વાધ્યાયશ્રેણી સમાપન સમારોહ વેળાએ (તા. ૧૮-૦૯-૨૦૧૯)







## ડુંગરપુર (રાજસ્થાન) મુકામે 'દશલક્ષણ મહાપર્વ' ની આરાધના વેળાએ





**5200 Copy & 2 Photo Positive**


-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) શ્રી સમાધિશતક - ગાથા : ૫૦ ........................ પૂજ્યશ્રી આત્માનંદજી .... ૬

(૩) મૃત્યુનું પ્લાનિંગ કરીએ ............................ ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન........................ . ............. પ્રા. ચંદાબહેન પંચાલી................ ૧૦

(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૩

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૫

(૭) સમ્યક્ તપ .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૧૯

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર .. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૯) મંગલમય કરુણાનું દિવ્ય ..શ્રી ગુણવંત બરવાળિયા . ૨૪

(૧૦) હોવું એ જ ધ્યાન ...... ચંદ્રહાસ ત્રિવેદી ......... ૨૬

(૧૧) દિવાળી પર્વ : પ્રકાશનું પર્વ .. શ્રી કનુભાઈ શાહ ..૨૮

(૧૨) વિશ્વવ્યવસ્થામાં કર્મના સિદ્ધાંતની ભૂમિકા ............ .......................શ્રી પારુલબેન ગાંધી ...... ૨૯

(૧૩) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ ... ૩૩

(૧૪) બાળ વિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪

(૧૫) સ્ટેચ્યુ ઓફ યુનીટી.... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર..... ૩૫

(૧૬) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૬



**વર્ષ : ૪૩ ઓક્ટોબર, ૨૦૧૯ અંક - ૧૦**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, "અબ ક્યોં ન વિચારત હૈ મનસેં, કછુ ઓર રહા.... કહ બાત કહે."

જીવનમાં આવો અપૂર્વ વિચાર તો અમને આપ મળ્યા પછી જ આવ્યો ! ત્યાં સુધી તો બધું પૂર્વાનુપૂર્વ જ ચાલતું હતું. દાદા-પરદાદા અને માતા-પિતાના પગલે પગલે અમે પણ ચાલતા હતા. શુભક્રિયાને ધર્મ સમજતા હતા અને અમુક સદાચરણ પણ સેવતા હતા. પરંતુ આપ મળ્યા પછી જ અમારામાં વિચારણાનો ઉદ્ભવ થયો ! આપે અમને "કર વિચાર તો પામ" એ અતિ મહત્ત્વનું સૂત્ર આપ્યું અને તે પ્રત્યક્ષ સદ્ગુરુ વિના સમજાવું અને સફળ થવું અશક્ય છે એમ કહ્યું. અમારા જેવા જીવો પ્રત્યે આપને કરુણા ઉત્પન્ન થઈ અને તન, મન અને ધનથી ગુરુદેવની આજ્ઞાનું આરાધન થાય ત્યારે જ કાર્યસિદ્ધિ થાય એવી માર્મિક વાત પણ આપે સમજાવી.

આપ અમારા પરમ ઉપકારી છો. કયા શબ્દોથી અમે આપનો ઉપકાર માનીએ ? માત્ર આટલું કહીએ -

આપ અમારા માટે અંધકારમાં પ્રકાશ કરનાર દીપક જેવા છો. મધદરિયે દિશા બતાવનાર ધ્રુવના તારા જેવા છો. તરસી ધરતીને તૃપ્ત કરનાર મૂશળધાર વર્ષા જેવા છો. પ્યાસ બુઝવનાર મીઠામધુર ઝરણા જેવા છો. અંધકારમાં વીજળીના ચમકાર જેવા છો. વિશ્રાંતિ આપનાર વડલા જેવા છો. અમારું અજ્ઞાન હરનાર જ્ઞાનદિવાકર છો. હે પ્રભુ ! આપના માટે કહેવાનું મન થાય છે -

"એક ચંદનનો ટુકડો ઘસાઈ ગયો, અનેરી ઠંડક આપી ગયો,
એક પૂર્ણ ચંદ્ર વિકસી ગયો, સૌના દિલમાં વસી ગયો,
એક કપૂરનો ટુકડો જલી ગયો, મંગલદીવો બની ગયો,
પ્રભુ ! પરમકૃપાળુ થઈ ગયા, પરમકૃપાળુ થઈ ગયા."


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**શ્રીમદ્ રાજચંદ્રજી**

## પત્રાંક ૫૨૨

**મુંબઇ ભા. સુદ ૩, રવિ, ૧૯૫૦**



જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યારપછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઇ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યા તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દૃઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દૃઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું, એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઇ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

• • •

# શ્રી સમાધિશતક - ગાથા : ૫૦

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી સમાધિશતક આશરે ૧૫૦૦ વર્ષ પહેલાં રચાયેલ સર્વમાન્ય આધ્યાત્મિક ગ્રંથ છે. આ ગ્રંથ પર અનેક સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ટીકાઓ અને પ્રવચનો થયેલાં છે, અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ૧૭ મા સૈકામાં તેના ઉપર જૂની ગુજરાતીમાં ટીકા પણ લખેલ છે (દોધક છંદ રૂપે). વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડે શ્રી મણિભાઈ નભુભાઈ દ્વિવેદીના પ્રમુખપદે તે વખતના જમાનામાં રૂપિયા પાંચ લાખ, 'ઇન્ડિયન - ઓરીએન્ટલ પબ્લિકેશન્સ' - ની શાસ્ત્રમાળા માટે મંજૂર કરેલા, તેમાં આ ગ્રંથ લગભગ ૧૦૦ વર્ષ પહેલાં પ્રકાશિત કરેલ.

તો ચાલો, આવા આ મહાન સર્વમાન્ય આધ્યાત્મિક ગ્રંથની ગાથા નં. ૫૦ સમજવાનો પ્રયત્ન કરીએ.

**आत्मज्ञानात् परं कार्यं न बुद्धो धारयेत् चिरम् ।**
**कुर्यात् अर्थवशात् किंचित् वाक्कायाभ्याम् अतत्परः ॥**

**અર્થ :** આત્મજ્ઞાન પ્રાપ્તિ સિવાયના બીજા કાર્યને (વિવેકી મનુષ્યોએ) બુદ્ધિમાં લાંબો સમય ધારણ કરવું નહીં. પ્રયોજનવશ કંઈક કરવું પડે તો દેહથી અને વાણીથી કરવું, પણ તલ્લીન થઈને કરવું નહીં.

**વિશેષાર્થ :** જેણે સત્પાત્રતાથી અને ગુરુઉપદેશ દ્વારા દેહથી ભિન્ન આત્માનો અભ્યાસ કર્યો છે તેવા જ્ઞાનીને માટે આ મહાન મંત્ર છે. તેમજ વળી તેવો પ્રામાણિક અભ્યાસ કરનાર મુમુક્ષુ માટે પણ આ મહાન મંત્ર છે; કેમકે જે જ્ઞાનીને લાગુ પડે છે તે મુમુક્ષુને પણ અમુક અંશે લાગુ પડે છે.

આચાર્યદેવની આ આજ્ઞા સમજવામાં તો સહેલી લાગે છે, પણ રોજબરોજના જીવનમાં તેનો પ્રયોગ કરવામાં કઠિનતા છે, કારણ કે જાગૃતિપૂર્વકનો અભ્યાસ નથી અને અનાદિના વિપરીત સંસ્કાર પડેલા છે.

મોક્ષમાર્ગનું પરમાર્થ-સાધન આપણી પાસે એક જ છે અને તે છે આપણી ચિત્તવૃત્તિ, જેને શાસ્ત્રભાષામાં 'ઉપયોગ' કહેવામાં આવે છે અથવા ચાલુ ભાષામાં તેને વિચારધારા પણ કહી શકાય. જેમ ઘડો બનાવવા માટે માટી તે પરમાર્થ (મુખ્ય) સાધન છે તેમ પોતાનાં ભાવો, વિચારો તે મોક્ષમાર્ગના પરમાર્થ સાધન છે. આ શાસ્ત્ર છે, આ પેન છે, આ ટેપ છે એવું આપણે વિચારથી જાણી શકીએ છીએ તેમ મોક્ષમાર્ગમાં આપણો ઉપયોગ જોડાય તો મોક્ષમાર્ગની સમજણ પડે.

**દૃષ્ટાંત :** કોઈ ચિત્રકાર ચિત્ર બનાવવા માટે પ્રથમ જુદા જુદા રંગ તૈયાર કરે છે, પછી તેમાં પીંછી બોળે છે. તે પીંછીને જો હવામાં ફેરવે તો ચિત્ર તૈયાર થઈ શકતું નથી. પરંતુ તે પીંછી કાગળને અડાડે ત્યારે ચિત્ર દોરી શકાય છે. તેવી જ રીતે આપણી ચિત્ત-રૂપી પીંછીને પ્રથમ પરમાત્મા કે સદ્‌ગુરુને અડાડવી પડે, ત્યારબાદ જ્ઞાયકભાવને અડાડવી પડે, પછી તેમાં (આત્મદ્રવ્યમાં) લીન કરવાની છે.

પોતાના વિચારોને વિચારક પ્રત્યે લઈ જવાં. વિચાર તથા વિચાર જેમાંથી નીકળે છે, તે બે તત્ત્વોની ભિન્નતા વિચારવી, દૃષ્ટિમાં લેવી. માત્ર વિચાર તે હું નથી પણ એ વિચારોનો જાણનાર 'હું' છું. આવા વારંવારના અભ્યાસથી નિર્વિકલ્પ અવસ્થા આવે

ત્યારે ઉપયોગરૂપી પીંછી જ્ઞાયકભાવને અડકી કહેવાય.

કોઇ પુસ્તકમાં મુખ્યત્વે બે પ્રકારે પૂંઠા હોય છે - એક તો પુસ્તકનું જાડું પૂંઠું અને બીજું તેની ઉપર ચઢાવવામાં આવતું કાગળ કે પ્લાસ્ટિકનું પૂંઠું. તે પ્રકારે આત્માનો ભાવ મુખ્ય બે વસ્તુનો બનેલો છે - (૧) અભિપ્રાય, (૨) પ્રવર્તન. જાડું પૂઠું તે અભિપ્રાય છે અને ઉપર ચઢાવેલું પૂંઠું તે પ્રવર્તન છે.

**અભિપ્રાય :** અભિપ્રાય એટલે આત્માનો પોતાનો અંતરંગ અભિગમ. નિશ્ચય મોક્ષમાર્ગ મુખ્યત્વે અભિપ્રાય પર અવલંબે છે. વળી, આ ગાથાનો મધ્યવર્તી વિચાર (Central theme) પણ આ જ છે કે આત્મજ્ઞાનમાં સહાયક ન હોય એવું કોઇ પણ કાર્ય પોતાની બુદ્ધિમાં લાંબો સમય ચલાવવું નહીં. વ્યવહારનું કે પરમાર્થનું કોઇ પણ કાર્ય કરતાં વચ્ચે થોડી થોડી વારે બ્રેક મારવી અને અંતર્મુખ વૃત્તિ કરીને ભગવાન, સદ્‌ગુરુ કે પોતાના જ્ઞાયકભાવનું સ્મરણ કરવું. બહારનાં કામો માત્ર ઉપલકપણે (ફરજ રૂપે) કરવાં પણ તેમાં તન્મય થઇ જવું નહીં, તે કાર્યથી પોતાને જુદો પાડી દેવો. જેમ ગાય જંગલમાં ચારો ચરવા જાય છે, પણ તેનું ચિત્ત તેના વાછરડામાં હોય છે. ચારો ચરતાં ચરતાં પણ કેટલીયે વાર વાછરડું યાદ આવે છે, તેમ જ્ઞાનીને કે સાચા મુમુક્ષુને કોઇ પણ કાર્ય કરતી વખતે સ્વયં ભગવાન યાદ આવે છે. મુનિને પણ આહાર, વિહાર, ઉપદેશ, ભિક્ષા વગેરે કરવું પડે છે પણ તેઓ તેમાં સંપૂર્ણ તન્મય હોતા નથી. સામાન્ય મનુષ્ય તથા મુમુક્ષુને ધર્મકાર્યમાં અરુચિને લીધે, પ્રમાદને લીધે, અનાદિના વિપરીત સંસ્કારોને લીધે, તેમજ ભગવાનની વાણીમાં યથાર્થ શ્રદ્ધાના અભાવને લીધે - આવા અનેક કારણોને લીધે મોક્ષમાર્ગમાં પ્રવર્તવું ગમતું નથી અને લોકો પણ એવું જ કહે છે, 'ખાવું-પીવું ને મજા કરવી.' દુનિયામાં આપણા સાચા મિત્રો તો કોઇક જ હોય છે.

"મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી."

(મોક્ષમાળા શિક્ષાપાઠ-૨૪)

પરભાવનાં કાર્યો તન્મયતાપૂર્વક કરવાથી તીવ્ર કર્મબંધ થાય છે. આત્માનું વિસ્મરણ થઇ જાય છે અને કર્મના અનુભાગ - સ્થિતિ વધી જાય છે. પોતાના જ્ઞાન આનંદ ગુણોની હાનિ થઇ જાય છે, જેને ભાવમરણ પણ કહેવાય છે, અને વ્યગ્રતાનો અનુભવ થાય છે.

"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે
કાં અહો રાચી રહો !"

માટે જ્ઞાની કહે છે કે ભાઇ ! હે વત્સ ! દુનિયાનું કોઈ કામ તન્મયપણે કરતો નહીં. માંહ્યલાને યાદ રાખીને, લક્ષ રાખીને કરજે, તો માંહ્યલાનો ક્રમે ક્રમે સ્વાદ આવશે એટલે કે સાક્ષાત્કાર થશે અને જો આમ થશે તો જગતનો સ્વાદ ફિક્કો થઇ જશે. જ્ઞાનીઓ કહે છે,

★ 'વિષયારસ વિષ સરીખો લાગે
ચેન પડે નહીં સંસારે....'

★ 'ઘડી ઘડી સાંભરે સાંઇ સલૂના....'

આ પ્રમાણે ટ્રેઇનિંગ લેવી પડશે. જેમ તમે તમારા ૧૧ વર્ષના દીકરાને વેકેશનમાં દુકાનમાં બેસાડો છો, તેમ આપણે જ્ઞાની પુરુષો પાસેથી મોક્ષમાર્ગની - ભેદજ્ઞાનના અભ્યાસ કરવાની રીતને ગ્રહણ (Grasp) કરવાની છે. દીર્ઘકાળ સુધી જ્ઞાની પુરુષનો તથારૂપ જિજ્ઞાસાવૃત્તિથી સત્સમાગમ કરવાથી, આત્મલક્ષ વધારવાથી આ ભેદજ્ઞાનની કળા અને વિજ્ઞાન ગુરુકૃપાથી સિદ્ધ થાય છે. જે વિશિષ્ટ મુમુક્ષુ આ પ્રમાણે અભ્યાસ કરી રહ્યા છે તેમને અહીં અન્ય કાર્યો કરવામાં તન્મય ન થવાની આચાર્ય ભગવાને આજ્ઞા કરેલી છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમનો સ્પર્શ - ૧૧૧

# મૃત્યુનું પ્લાનિંગ કરીએ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

દરેક જીવતો માનવી મૃત્યુ વિશે વિચાર કરતો હોય છે. એ બીજાનું મૃત્યુ જોતો હોય છે અથવા તો પોતાના મૃત્યુથી ભયભીત હોય છે. મૃત્યુ વિશે જીવન કરતાં પણ અનેક કલ્પનાઓ મળે છે. કોઈ મૃત્યુને જીવનનો થાક માને છે, તો કોઈ મૃત્યુને માનવીનો સાચો સાથી ગણે છે. કોઈ મૃત્યુને અમંગળ કહે છે, તો કોઈને મૃત્યુમાં અમરતાનો સંદેશ સંભળાય છે. કોઈ મૃત્યુને ધર્મ સાથે જોડે છે, તો કોઈ મૃત્યુને કર્મ સાથે જુએ છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરને મૃત્યુ એ પ્રભુનું નિમંત્રણ લાગે છે, તો કૉલ્ટનને મૃત્યુ એ મુક્તિદાયી લાગે છે. મૃત્યુ વિશે ઋષિ, મહર્ષિથી માંડીને સામાન્યજન સુધી સહુ કોઈએ ચિંતન કે વિચાર કર્યો હોય છે, પરંતુ મારે આજે મૃત્યુ સામે ઊભું હોય અથવા તો ધીમા પગલે માનવી તરફ ડગ ભરી રહ્યું હોય, ત્યારે વ્યક્તિએ કઈ રીતે જીવવું, એની વાત કરવી છે.

વર્તમાન યુગમાં લાંબા આયુને કારણે વ્યક્તિ પોતે મૃત્યુને જોતાં આકળવિકળ થઈ જાય છે. જો જીવનભર એણે પ્રવૃત્તિ કરી હોય, તો એ પ્રવૃત્તિઓ કે એનાં પરિણામો જ એનાં ચિત્ત પર ઘૂમરાયા કરે છે. જીવનના અંતિમ દિવસોમાં એ એક બાજુ પ્રવૃત્તિ વિના રહી શકતો નથી અને બીજી બાજુ પ્રવૃત્તિ કરવી મુશ્કેલ બનતી જતી હોય છે. શરીર રોગગ્રસ્ત હોય છે. માંડ માંડ થોડું પ્રવાહી લઈ શકાતું હોય છે. આંખે બહુ ઓછું દેખાતું હોય છે. અશક્તિ દેહની આસપાસ ઘેરો ઘાલીને બેઠી હોય છે, ડૉક્ટરોની દવા-ઈજેક્શનનો મારો ચાલતો હોય છે અને એક ડગલું ચાલવું એ પણ પહાડ ચડવા જેવું લાગતું હોય છે.

આવે સમયે વ્યક્તિનું મન એટલું ઘરડું થયું હોતું નથી, બલ્કે શરીરની શિથિલતાના મુકાબલે મનની ચંચળતા વધુ હોય છે. એણે જીવનમાં પોતાનો અંતિમ સમય પસાર કઈ રીતે કરવો તે વિશે લેશમાત્ર ચિંતન કર્યું હોતું નથી. વૅકેશન કયા હવાખાવાના સ્થળે મોજથી ગાળવું, એની ફિકર કરી હોય છે. મેળવેલી સંપત્તિ અંગે સઘળો વિચાર કર્યો હોય છે, પરંતુ નજરની સામે મૃત્યુ બેઠું હોય અને કઈ રીતે જીવવું એનો વિચાર કર્યો હોતો નથી.

આનું પરિણામ એ આવે છે કે એનું માંદલું શરીર એના ઉછળતાં મનને રોકી શકતું નથી અને પછી તો મન પર જીવનની સઘળી અતૃપ્તિઓ સવાર થઈ જાય છે. પોતાને જેની સાથે વેર હોય, એનું પહેલું સ્મરણ થાય છે. જેણે અન્યાય કર્યો હોય એ વખતોવખત યાદ આવે છે. જિંદગીમાં ભોંકાયેલા શૂળની વેદના વારંવાર ઊભરી આવે છે. એના મનની વ્યાકુળતા વધતી જાય છે અને પછી એનો ધૂંધવાયેલો ગુસ્સો બેકાબૂ બનતો જાય છે.

એણે મૃત્યુ પૂર્વેની આ પરિસ્થિતિનું ક્યારેય પ્લાનિંગ કર્યું હોતું નથી, તેથી આ પરિસ્થિતિ જ એને મૂંઝવી નાખે છે. એની અકળામણ વધી જાય છે અને એનો આક્રોશ આસપાસના સ્નેહીજનો પર ઉતરવા લાગે છે. એને ખબર હોતી નથી કે હવેનો સમય કઈ રીતે વ્યતીત કરવો ? એનું મન વારંવાર પોકારી પોકારીને એને કોઈના પ્રત્યે વેર લેવાનું કે કોઈ પ્રત્યે ઝેર દાખવવાનું કહે છે.

કેટલીક વ્યક્તિઓ સામે બેઠેલા મૃત્યુને જોઈને ભયભીત થઈ જતી હોય છે. એમને કંઈ સૂઝતું નથી કે કરવું શું ? કઈ રીતે આ સમયગાળો પસાર કરવો ? એમની આ મૂંઝવણ જુદા પ્રકારની હતાશારૂપે પ્રગટ થાય છે. એ હતાશ થઈ પોતાના જીવન વિશે નિસાસા નાખે છે. કોઈ એ અફસોસ કરે છે કે પુત્રપુત્રીના લગ્ન કરાવવા હજી બાકી રહી ગયા છે, તો કોઈને એ અફસોસ થાય છે કે જિંદગી આખી કુટુંબીજનો માટે જાત ઘસી નાખી, પણ સેવા કરતી વખતે કોઈ પરિચિતોએ ડોકિયું પણ ન કર્યું ! કોઈક તો કહેશે કે મારો પરમ મિત્ર મનસુખ મારી આવી સ્થિતિ જાણતો હોવા છતાં છેલ્લાં દસ દિવસથી ફરક્યો જ નથી. શું માણસ મૃત્યુ પામવાનો હોય એટલે મોં ફેરવી દેવાનું હોય ?

આવા કેટલાય વિચારો એ વ્યક્તિના

જીવનમાં જાગશે અને એ મનમાં આવતી વાતને તડ ને ફડ કરીને કહી દેશે. એના સઘળા રાગદ્વેષ સતત પ્રગટ થતા રહેશે અને એ રાગદ્વેષને કારણે એનું ઊછળતું મન એને આમતેમ ફંગોળશે.

જીવનના અંત સમયે કેટલીક વ્યક્તિઓને વાનગીઓનું વિશેષ સ્મરણ થતું હોય છે. આપણા સમાજમાં કેટલાકને માટે 'જીવવા માટે ભોજન નહીં, પણ ભોજન માટે જીવન' હોય છે. આથી જિંદગીભર જુદી જુદી વાનગીઓના રસાસ્વાદમાં એ ડૂબેલો રહે છે. એણે માત્ર એ વાનગીઓ આરોગી જ નથી, બલ્કે મિત્રો સાથે મળીને એનું વિગતે વર્ણન કર્યું હોય છે અને વર્ણન કરતી વખતે એ વાનગીઓ પોતાના હૃદયને કેટલી પ્રિય છે એ વાતને સતત ચગળાવતો રહ્યો હોય છે. આવી વ્યક્તિને અંતિમ સમય નજીક આવતા ફરી એનું મન પોકારે છે કે થોડો ઘીથી લથબથ શીરો ખાઇ લઉં અથવા તો એકાદ બે રસગુલ્લા ઝાપટી લઉં. કોઇને દવા લઇને મઘઇ પાન ખાવાનો વિચાર આવે છે, તો કોઇને દવા પછી ઠંડાઇ પીવાની ઇચ્છા જાગે છે.

મૃત્યુને સમીપ જોઇને જેટલી પ્રિય વાનગીઓ આરોગી શકાય એટલું આરોગવા માટે એનું મન દોડતું હોય છે. એની આ દોડ એના પરિચિતોને પજવનારી કે પ્રશ્નાર્થરૂપ બને છે, પણ વ્યક્તિ તો આખી જિંદગી વાનગીઓ વિશે વિચારવામાં અને એને આરોગવામાં જે કર્યું હોય છે, તેનો જ અંતે સરવાળો કરતી હોય છે.

કોઈ રોગની એકાએક જાણ થતાં માણસને પહેલાં ખૂબ આઘાત લાગે છે. કૅન્સર જેવો રોગ લાગુ પડતાં દર્દીને એના પલંગ પાસે મૃત્યુ બેઠેલું દેખાય છે, પણ ધીરે ધીરે એ આ રોગ સાથે જીવતા શીખે છે. કિંતુ મનોમન સતત એ વિચાર કરતો રહે છે કે બીજા કોઇને નહીં અને મને જ કેમ આ કૅન્સરનો વ્યાધિ લાગુ પડ્યો ! જેને રોગ લાગુ પડે છે, તે પહેલાં બીજાઓ માટે સવાલ ખડો કરે છે અને વિચારે છે કે મારા મિત્ર આટલી બધી મીઠાઇ ખાય છે, છતાં એમને ડાયાબિટિસ થયો નથી અને હું કેમ એનો શિકાર બન્યો ?

કોઇ જીવલેણ રોગની જાણ થતાં વ્યક્તિને પહેલાં મૃત્યુ સામે દેખાય છે અને જીવન ટૂંકું દેખાય છે. એને થાય છે કે જલ્દી જીવન આટોપાઇ ગયું. હજી તો ઘણું જીવવાની જિજિવિષા હતી. પરિણામે મૃત્યુ સાવ નજીક આવીને ઊભું હોય, ત્યારે એ આકળવિકળ બની જાય છે અને વધુ જીવવાની એની ઇચ્છા એને બહેકાવી મૂકે છે. એમની સ્વસ્થતા ઓછી થઇ જાય છે અને અસ્વસ્થ બનીને એ જિંદગીને પોતાના હાથમાંથી સરકતી જોઇ રહે છે. આવી રીતે વ્યર્થ ગયેલા આયુષ્યને માટે આંસુ સારે છે. ઘણીવાર તો માણસને જીવનનું મૂલ્ય મૃત્યુ સમીપે જ સમજાય છે.

આથી તો એક શાયરે આવી પરિસ્થિતિને માર્મિક રીતે વર્ણવતાં કહ્યું છે,

**'જિંદગીભર જિંદગી વિશે, અમોને કંઇ ખબર નહોતી,**
**મરણ ટાણે જ સમજાયું કે, એ કારણ વગર નહોતી.'**

આવી રીતે ઘણી વ્યક્તિઓ જીવનને વ્યર્થ રીતે ગાળતી હોય છે, તો ઘણી વ્યક્તિઓ મૃત્યુના ભયથી આખું જીવન પસાર કરી દેતી હોય છે, કારણ કે એમને જીવનની સાથે નહીં, પણ જીવનના છેડે રહેલું મૃત્યુ જ સતત દેખાતું હોય છે.

પરિસ્થિતિ ગમે તે થતી હોય પણ અહીં મુખ્ય બાબત સામે ધીમા ડગલે આવી રહેલા મૃત્યુ વેળાના જીવનના પ્લાનિંગની છે. એ મૃત્યુને કઇ નજરે નિહાળીશું એ વિચારવાની છે. એને કેવી રીતે આવકારીશું તેને વિશે આયોજન કરવાની છે. આવી વ્યક્તિ જ મૃત્યુની ક્ષણોને જીવી જાય છે. એમના ધબકતા જીવનનો તંતુ છેક અંતકાળ સુધી અસ્ત થતો નથી.

કોઇ મૃત્યુ સમયે જીવનનાં સત્કર્મોનું સ્મરણ કરતી હોય છે તો કોઇ પરમાત્મસ્મરણ કરીને એને આવકારતા હોય છે. કોઇ એને ધીમે પગલે ચાલતું જોઇને એનાથી દૂર જવાને બદલે એને સ્વસ્થતાથી મળવા ચાહતા હોય છે. આવે સમયે એ જાણે છે કે મનની સ્વસ્થતા કે ચિત્તની શાંતિ મહત્ત્વની હોય છે. વાનગીમાં દોડતું ચિત્ત, બદલો લેવા આતુર મન કે ભયભીત જીવન એ એના મૃત્યુની અંતિમ વેળાને કલુષિત કરી નાખે છે. મૃત્યુ સમીપના જીવનનું પ્લાનિંગ કરીશું ખરાં ?

મૃત્યુનો ભય માનવને ડરપોક બનાવે છે પરંતુ મૃત્યુનું ભાન માનવીને જાગૃત બનાવે છે, જાગૃત રાખે છે.

---

રૂપ અને રૂપિયાની દોડમાં માનવી પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૭૦)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પ્રેમસાગર, કરુણાસાગર, વાત્સલ્યસાગર, એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર વિશ્વવિભૂતિ છે. તેઓશ્રીના વચનામૃતો શીતલ વીરડી જેવા છે. તેઓશ્રીની અમૃતસરસ્વતી પત્રાંક - ૫૬૬ માં જણાવે છે, ''સમસ્ત સંસાર બે પ્રવાહથી વહે છે, પ્રેમથી અને દ્વેષથી. પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છુટાય નહીં અને પ્રેમથી વિરક્ત થાય તેણે સર્વસંગથી વિરક્ત થયા વિના વ્યવહારમાં વર્તી અપ્રેમ (ઉદાસ) દશા રાખવી તે ભયંકર વ્રત છે. જો કેવળ પ્રેમનો ત્યાગ કરી વ્યવહારમાં પ્રવર્તવું કરાય તો કેટલાક જીવોની દયાનો ઉપકારનો, અને સ્વાર્થનો ભંગ કરવા જેવું થાય છે; અને તેમ વિચારી જો દયા ઉપકારાદિ કારણે કંઇ પ્રેમદશા રાખતાં ચિત્તમાં વિવેકીને ક્લેશ પણ થયા વિના રહેવો ન જોઇએ, ત્યારે તેનો વિશેષ વિચાર કયા પ્રકારે કરવો ?'' ઉપકારમૂર્તિ શ્રી સોભાગભાઈને શબ્દોથી સંબોધન કર્યું છે. પત્રાંતે પ્રશ્ન મૂકીને આ સંબંધી વિચાર કયા પ્રકારે કરવો ? તેમ જણાવવા કહ્યું છે.

આપણે શ્રી પૂજયપાદાચાર્ય વિરચિત સમાધિતંત્રનું રસપાન કરી રહ્યા છીએ. ગતાંકમાં ૪૧ શ્લોકનો પૂર્વાર્ધ વિભાગ વિચાર્યો. ભાવાર્થમાં આવ્યું કે આત્મભ્રાન્તિથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ભેદજ્ઞાનથી નાશ પામે છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં નથી, પ્રયત્ન કરતાં નથી તે ઘોર તપ કરવા છતાં નિર્વાણની પ્રાપ્તિ કરી શકતા નથી. અર્થાત્ નિર્વાણ પામતાં નથી. આ શ્લોકના વિશેષાર્થમાં એક શબ્દનો અભ્યાસ કર્યો. **आत्मज्ञानात्** અર્થાત્ આત્મભ્રાન્તિથી ઉત્પન્ન થયેલું દુઃખ. હવે શ્લોકના અન્ય શબ્દોનો અર્થ કરીએ.

(૧) **आत्मज्ञानात् प्रशाम्यति** - આત્મજ્ઞાનથી નાશ પામે છે. **आत्म विभ्रमजं दु:खं** = આત્મવિભ્રમ એટલે શરીરાદિમાં અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે. ભ્રાન્તિ છે. તે દુઃખ આત્મજ્ઞાનથી દૂર થાય છે. સ્વ-પરના ભેદવિજ્ઞાનથી આત્મભ્રાન્તિ નાશ પામે છે. દેહાદિથી અને શુભભાવોથી ભિન્ન જ્ઞાન દર્શન સ્વરૂપ હું છું, બીજું કાંઇ મારું નથી. સમયસારમાં કહ્યું છે -

**अहमेक्को खलु शुद्धो दंसणणाणमहओ सदारुपी ।**
**ण वि अत्थि मज्झ किं चि वि अण्णं परमाणुमेतं पि ॥३८॥**

**હરિગીત :**

'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઇ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે !'

આ રીતના આત્મજ્ઞાનથી રાગદ્વેષનો નાશ થાય છે. આચાર્યશ્રીએ ટીકામાં લખ્યું છે. **आत्मज्ञानात् शरीरादिभ्यो भेदज्ञानात् आत्मस्वरूप वेदनात्** અર્થાત્ આત્મજ્ઞાનથી એટલે શરીરાદિથી ભેદજ્ઞાન કરવાથી આત્મસ્વરૂપનું વેદન થાય છે. શરીરાદિથી ભેદજ્ઞાન થતાં વિચારદશા સૂક્ષ્મ થાય છે ત્યારે આત્મા અને બંધભાવને નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી છુટા પાડવા ; રાગાદિ જેનું લક્ષણ છે એવા બંધને છોડવો, 'ઉપયોગ' જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને ગ્રહણ કરવો આ ભેદજ્ઞાનની વિધિ છે.

હવે તેનાથી સૂક્ષ્મ ભેદજ્ઞાન માટે આચાર્યદેવ સમજાવે છે. પરભાવોથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય જ હું છું, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારક ભેદો, સત્વ, અસત્વ, નિત્યત્વ અને અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન દર્શનાદિ ગુણભેદો જો કથંચિત્ હો તો ભલે હો પરંતુ શુદ્ધ ચૈતન્ય માત્ર ભાવમાં તો કોઇ ભેદ નથી. આમ, શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. આ સૂક્ષ્મ ભેદજ્ઞાનથી ભ્રાન્તિનો નાશ થાય

છે.

પૂ. શ્રી તારણસ્વામી મમલપાહુડ ભાગ-૨માં લખે છે કે નિશ્ચયથી જ્ઞાનચક્ષુથી આત્માને જોવો તે ચક્ષુદર્શન છે. આંખ તેને કહેવાય જે આત્મજ્ઞાનના દર્શન કરે અર્થાત્ આત્માને અનુભવે. ભેદજ્ઞાનપૂર્વક આત્મજ્ઞાનનો અભ્યાસ તે જ ખરેખર અભ્યાસ છે. તે અભ્યાસ તે જ સત્સાધન છે, જેનાથી આત્મારૂપી કમલ કર્મોરૂપી જડભાવથી મુક્ત થઇ સ્વસ્વભાવમાં સ્થિત થાય છે એવું જિનેન્દ્રદેવનું કથન છે. આત્માને જુએ તે ચક્ષુ, ભેદજ્ઞાનનો અભ્યાસ તે અભ્યાસ. ભેદજ્ઞાન તે ખરું સાધન. જેથી જડકર્મોનો નાશ થઇ આત્મરૂપી કમળ પુષ્પ પ્રફુલ્લિતતા પામે છે.

(૨) **कृत्वापि परमं तपः** ઉત્કૃષ્ટ તપ કરવા છતાં પણ. પરમતપ અર્થાત્ દુર્દ્ધરતપ. દુર્દ્ધર અનુષ્ઠાન દેહાદિ અને શુભભાવથી ભિન્ન એવા ભેદજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ભેદજ્ઞાનના પ્રયત્ન વિના ઘોર તપ કરે તો પણ જીવ સાચો ધર્મ પામતો નથી. મુક્તિ માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધ રૂપ તપ જ કાર્યકારી છે. આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી. ઘોર તપ સંસારપરિભ્રમણ માટે જ બને છે. અતિશય તપ આચરે તેનાથી આત્મા સ્વરૂપમાં સ્થિર થઇ શકતો નથી. જ્યાં સુધી આત્મસ્થિરતા ન થાય ત્યાં સુધી જીવ કર્મબંધનથી મુક્ત થઇ શકતો નથી.

પંડિત ટોડરમલજીએ કહ્યું છે કે "જિનમતમાં એવી પરિપાટી છે કે પહેલા સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે." તથા પંડિત દોલતરામજી કૃત 'છ ઢાળા'ની ચોથી ઢાળમાં લખે છે,

"કોટિ જન્મ તપ તપૈં જ્ઞાન બિન કર્મ ઝરૈં જે,
જ્ઞાની કે છીનમાંહિ, ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંતબાર, ગ્રીવક ઉપજાયૌં,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો." ૪.૪

અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરીને જેટલા કર્મોનો અભાવ કરે તેટલા કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન-વચન-કાયાનો નિરોધ કરીને ક્ષણવારમાં સહજ કરી દે છે. આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળીને, મુનિ થઇને તે નવમી ગ્રૈવેયક દેવલોક સુધી અનંતવાર ગયો પણ જરાય સુખ ન પામ્યો. માત્ર બહારમાં ઘોર તપ કરવાથી મુક્તિ મળતી નથી. આ વાતને આચાર્યદેવે બહુ સ્પષ્ટ કરી છે. અમુક લોકોની માન્યતા છે કે બહુ તપ તપવાથી મુક્તિ મળે છે માટે ખૂબ તપ તપીને કર્મોનો જથ્થો નષ્ટ કરી મોક્ષમાં જવું. ખરેખર મોક્ષનું કારણ તપ નથી પણ આત્મજ્ઞાન છે તે જીવોને સમજણ નથી.

પરમકૃપાળુદેવ 'યમ નિયમ સંજમ આપ કિયો..... કાવ્યમાં અંતરંગ રહસ્ય નિરૂપે છે. યમ, નિયમ, સંયમ લીધો. અથાગ ત્યાગ અને વૈરાગ્યમાં જીવે ભવો પસાર કર્યા. વનમાં વાસથી આત્મા પ્રાપ્ત થાય તો જીવે વનવાસ ગ્રહણ કર્યો. આખી જિંદગી મૌનમાં પસાર કરી. દૃઢ પદ્માસન લગાવી બેસી ગયો. પવન-શ્વાસોશ્વાસની ક્રિયાઓ કરી. હઠયોગમાં લાગી ગયો. જાપમાં રહ્યો. તપશ્ચર્યાઓ કરી, ઉરથી ઉદાસીન થઇને રહેવા લાગ્યો. આથી વિશેષ કૃપાળુદેવ કહે છે કે બધા શાસ્ત્રોના નય-ભેદ-પ્રભેદ હૃદયમાં ધારી રાખ્યા. અનેક મતમતાંતરોમાં પડ્યો - તેમાં વિવાદમાં ખંડન એટલે મતને તોડીને સમજાવે પછી સ્વમતનું સ્થાપન એટલે મંડન કરે એવા ખંડન મંડન કરી શાસ્ત્રાર્થો કર્યા, એટલું જ નહિ આવા પ્રકારના સાધન અનંત અનંત વાર કર્યા છતાં તેથી હાથમાં કાંઇ ન આવ્યું એટલે એક ભવ ઓછો ન થયો. અનંત ભવો ઊભા કર્યા ત્યારે જ્ઞાની સત્પુરુષો કહે છે કે હે જીવ ! હવે તો મનથી વિચાર કર. સાધન અનેક કર્યા અને કાંઇ પ્રાપ્ત ન થયું તો સાધન કોઇ અલગ છે ! તે સદ્‌ગુરુના ચરણકમળમાં છે. તન, મન, ધન સર્વથી સદ્‌ગુરુની આજ્ઞાનું યથાતથ્ય પાલન થાય તો કાર્યની સિદ્ધિ થાય છે.

ઘોર તપ કરવા છતાં મુક્તિ દૂર રહે છે. જીવ યથાર્થ વિચાર કરે તો અવશ્ય માર્ગ મળે; માર્ગ મળતાં દૃઢ શ્રદ્ધાથી આગળ વધે તો અવશ્ય સમ્યક્ત્વ થાય છે. શાસ્ત્રમાં શિવભૂતિ મુનિની કથા છે. તેઓનું જ્ઞાન, પાંડિત્ય રૂપે ન હતું. **मा रुष, मा तुष** થી ભેદજ્ઞાનની અપૂર્વ સિદ્ધિ હતી તથા તપ પણ **परमं तपः** ન હતું

પણ ભેદવિજ્ઞાન કે 'રાગ અને દ્વેષથી ભિન્ન હું આત્મા છું' આ ભાવો અંતરમાં પ્રયોગરૂપે યથાર્થ ચાલતા હતા. પરિણામે મોક્ષદશા પ્રગટ થઇ. જે કોઇ મુક્તિને પામ્યા છે તે ભેદવિજ્ઞાનથી પામ્યા છે. સ્વ મહિમા તથા પરભાવનો છેદ કરતા રહ્યા. ભેદવિજ્ઞાનના અભાવમાં બંધાયા છે, જેથી ચારગતિના પરિભ્રમણમાં ફરે છે.

મિથ્યાદૃષ્ટિ છે તેને આત્માના યથાર્થ સ્વરૂપની સમજણ નથી તેથી બાહ્ય પ્રયત્ન કરે પણ આત્મસ્વરૂપનો મહિમા અંતરમાંથી ઊગતો નથી, જ્યારે ભેદજ્ઞાની-અંતરઆત્મા-આત્મા અને દેહના સંયોગ સંબંધથી એટલે બન્નેનું જુદાપણું વર્તે છે, ક્યારેય શરીરમાં આત્માની કલ્પના કરતો નથી. બધા પરભાવથી ભિન્ન રહે છે. ભૂમિકા પ્રમાણે નવા કર્મનો બંધ થતો નથી. આત્મા શુદ્ધ, ચૈતન્ય, જ્ઞાન, આનંદમય છે, તે હું છું. તેનાથી ભિન્ન દેહાદિ જે કાંઈ પદાર્થો છે તે મારાથી ભિન્ન જ છે. આવી અંતરસ્થિતિમાં જીવતા ભેદજ્ઞાનીને મુક્તિ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછીના વ્રત, તપ, કાર્યકારી બને છે. સકામ નિર્જરા થતાં ફરીથી તે કર્મો ઉદયમાં આવતા નથી. સમ્યગ્દર્શન પહેલા જે વ્રત-તપાદિ જીવ કરે છે તે અકામ નિર્જરા કરતાં પુણ્યબંધથી નિર્જરા થાય છે પણ મોક્ષનું કારણ થતી નથી. આ દૃષ્ટિને કેળવવાથી કોઈપણ જીવ આગળ વધી શકે છે. જીવની ભૂલ પડતી નથી.

(૩) **तत्र अयताः न निर्वान्ति** - ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં જે પ્રયત્ન કરતા નથી તે નિર્વાણને પામતા નથી.

કેટલીક વાર સમ્યક્બોધના અભાવે વિપરીત પ્રયત્ન કરે છે, પરિણામે નિર્વાણપ્રાપ્તિ થતી નથી. જેમ રેતીમાંથી તેલ ક્યારેય નીકળતું નથી, કદાચ કોઇ પ્રયત્ન કરે તો તે પ્રયત્ન વ્યર્થ બને છે. ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિનો પ્રયત્ન કરે છે તેને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

શ્રીસદ્ગુરુના ઉપદેશથી સમજણમાં આવે છે કે આત્મા જ્ઞાન, દર્શન, સુખમય, આનંદમય છે અને દેહાદિનું મમત્વ, રાગ-દ્વેષાદિ ભાવો તે અચેતન જડનું લક્ષણ છે. આ બન્નેને ભિન્નપણે જાણવાથી આત્મા અનુભવાય છે. દેહાધ્યાસને કારણે આત્મા દેહસમાન ભાસે છે. શરીરને પીડા કે સુખ થાય છે તે મને થયું એવું માને તે અજ્ઞાનને કારણે છે પણ બન્નેના લક્ષણો ભિન્ન ભિન્ન છે એવું જાણવામાં આવે છે. શ્રદ્ધામાં દઢ થાય છે. સ્થિરતા થાય છે ત્યારે રત્નત્રયની ત્રિવેણી સધાય છે.

જે આ પ્રકારનો પ્રયત્ન કરતા નથી તે નિર્વાણ પામતા નથી. કોઇ કોઇ જીવો પ્રયત્ન કરે છે પણ એ પ્રયત્ન સત્‌રૂપ હોતા નથી. વ્રત, તપ, પૂજા, પાઠ, જપ આદિ કરીને નિર્વાણની કલ્પના કરે છે. અજ્ઞાનને કારણે ભેદજ્ઞાનની વિધિ જાણતા નથી, માનતા નથી તેથી મુક્તિ મળતી નથી. ભેદજ્ઞાનથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એ જ એક માત્ર ઉપાય છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતના ૩૬૦ ના બોલની અમૃતવાણી છે કે "સમ્યક્દૃષ્ટિને પુરુષાર્થ વિનાનો કોઇ કાળ નથી. પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન પ્રગટ કર્યું ત્યારથી પુરુષાર્થનો દોર ચાલુ જ છે. સમ્યક્દૃષ્ટિનો આ પુરુષાર્થ સહજ છે. હકપૂર્વકનો નથી. દૃષ્ટિ પ્રગટ થઇ પછી તે એકબાજુ પડી છે એમ નથી. જેમ અગ્નિ ઢાંકેલો પડ્યો હોય એમ નથી. અંદરમાં ભેદજ્ઞાનનું-જ્ઞાતાધારાનું પ્રગટ વેદન છે. સહજ જ્ઞાતા ધારા ટકી રહી છે. તે પુરુષાર્થથી ટકી રહે છે. પરમ તત્ત્વમાં અવિચળતા છે. પ્રતિકૂળતાના ગંજ આવે, આખું બ્રહ્માંડ ખળભળે તો પણ ચૈતન્ય પરિણતિ ડોલે નહીં એવી સહજ દશા છે.... શરીર, વાણી આદિ નહિ. વિભાવભાવ સ્વરૂપ નહિ, જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે એવી યથાર્થ શ્રદ્ધા કર". (ક્રમશઃ)

- ડુક્કરને માત્ર અશુચિ જ દેખાય, નિંદકને માત્ર દોષો જ દેખાય.
- અલ્પ ભાષણ, અલ્પ ભોજન, અલ્પ નિદ્રા એ અધ્યાત્મસાધનાના પાયા છે.
- જે સંબંધોની આધારશિલા સ્વાર્થ નહિ પણ સમર્પણ છે એ સંબંધ સુખદ અને સ્થિર નીવડી શકે છે.

પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત

# શ્રી અમિતગતિ સામાયિક પાઠ

એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

(શ્લોક - ૧૩)

**यो दर्शनज्ञान सुखस्वभावः ।**
**समस्तसंसार विकारबाह्यः ।**
**समाधिगम्यः परमात्मसंज्ञः ।**
**स देवदेवो हृदये ममास्ताम् ॥**

**અન્વયાર્થ :** यो = જે, दर्शनज्ञान = અનંતદર્શન અનંતજ્ઞાન, सुखस्वभावः = અનંત સુખરૂપ સ્વભાવવાળા છે, (यः) समस्त संसार = જે સંસારના સર્વ, विकारबाह्यः = વિકારોથી રહિત છે, समाधिगम्यः = જે સમાધિગમ્ય છે, परमात्मसंज्ञः = પરમાત્મસંજ્ઞાના ધારક છે, सदेव देवः = તે દેવોના દેવ, मम हृदये = મારા હૃદયમાં, आस्ताम् = વિરાજમાન રહો.

**ગદ્યાનુવાદ :**

જે અનંતદર્શન-જ્ઞાન અને સુખ સ્વભાવવાળા છે, જે સંસારના સમસ્ત વિકારોથી રહિત છે, જે સમાધિ (ધ્યાન) દ્વારા જ અનુભવી શકાય છે અને જેને યોગીજનો પરમાત્મા કહે છે તે દેવોના પણ દેવ મારા હૃદયમાં સદા સ્થાપિત રહો.

**પદ્યાનુવાદ :**

જેનું સ્વરૂપ સમજાય છે સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે અચળ છે વિકારથી,
પરમાત્મની સંજ્ઞા થકી ઓળખાય જે શુભધ્યાનમાં
તે દેવના પણ દેવ વ્હાલા સિદ્ધ વસજો હૃદયમાં

**વિશેષાર્થ :** આ ગાથામાં સાધક મહાત્મા પરમાત્માના ગુણો જાણી ભાવવિભોર થઇ જાય છે અને તેમને પોતાના હૃદયમાં વિરાજમાન થવા પ્રાર્થના કરે છે, તથા પરમાત્માના ગુણો દ્વારા તેમના સ્વરૂપને સમજે છે - ઓળખે છે.

- જોગીશ્વર નવ જાણે ભેદો, ગુણલા ગાતાં થાકે વેદો,
  પામર ક્યાંથી જાણે પુનિતને, ગુણગુણના ભંડાર પ્રભુજી.

**- સંતશ્રી પુનિત મહારાજ**

અહીં સાધકને સામાયિકમાં પ્રભુ સાથે સમતા-એકતારૂપ ભક્તિ દ્વારા - સમતાભાવ શુદ્ધ ભાવ પામવો છે, તેથી તે બીજા બધા સંસારી પ્રત્યેનો રાગ-મમતા છોડી પ્રભુને જ હૃદયમાં વિરાજમાન કરે છે.

- પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
  પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ-ગેહ,
  ઋષભ જિણંદશું પ્રીતડી.

**- શ્રી દેવચંદ્રજી મહારાજ**

આપણા જીવનમાં સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને સાચા આચરણની એકતા થાય તો પરમાત્માના સ્વરૂપની આપણને ઓળખાણ થાય. તે માટે શ્રી સદ્ગુરુ પાસે આપણે જીવ, અજીવ આદિ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન-બોધ પ્રાપ્ત કરવો પડશે. જ્ઞાનના અભ્યાસ દ્વારા તે બોધની યથાર્થ શ્રદ્ધા કરવી પડશે. યથાર્થ શ્રદ્ધા અને જ્ઞાન સહિત જીવનમાંથી પાપપ્રવૃત્તિ ઘટાડી સાચો વૈરાગ્ય પ્રગટાવવો પડશે. સત્પુરુષાર્થ કરી મુમુક્ષુના નેત્રો પ્રગટાવવા પડશે. જે મન શાંત અને નિર્મળ બનશે ત્યારે તત્ત્વચિંતન દરમ્યાન પોતાના જ હૃદયમંદિરમાં પરમાત્મદર્શન થાય છે, જે નિશ્ચયથી પોતાનું જ શક્તિરૂપે રહેલું સ્વતત્ત્વ છે.

- જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઇ;
  લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઇ.

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

- સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
  સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.

**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા - ૧૩૫**

● અબ કાલલબ્ધિ બલતૈં દયાલ,
તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ્વ,
ચાખ્યો સ્વાતમ રસ દુઃખ નિકંદ

**- શ્રી દૌલતરામજી**

સિદ્ધ ભગવાન - પરમાત્મા કેવા છે ? આનંદના ભંડાર છે. આત્મામાં આનંદ નામનો એક ગુણ છે પણ કર્મને આધીન થવાથી તે દુઃખરૂપે કે સુખરૂપે પરિણમે છે. જે સાધકો કર્મફળને આધીન નથી થતા તેમનો આનંદ ગુણ સુખ રૂપે પરિણમે છે.

● દુઃખ સુખરૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે

**- શ્રી આનંદઘનજી મહારાજ**

આવા સિદ્ધ પરમાત્મામાં કોઈપણ પ્રકારના વિકારનો અનંતાંશ પણ હોતો નથી, કારણ કે તેઓએ મોહનીયકર્મનો પૂર્ણપણે નાશ કરી દીધો છે. આમ, તેઓ સંપૂર્ણપણે નિર્વિકારદશાને એટલે શુદ્ધ સ્વભાવને પામેલા છે.

વળી, કેવા છે તે પરમાત્મા ? તો કહે છે કે જ્ઞાની અને યોગીજનો તત્ત્વચિંતન - ધ્યાન દરમ્યાન તેમના સ્વરૂપનો (નિશ્ચયથી પોતાના સિદ્ધ સમાન સ્વપદનો) સ્વસંવેદન દ્વારા અનુભવ કરે છે.

ધર્મધ્યાનમાં સાધકને ચોથા ગુણસ્થાને આત્મિક આનંદનો અંશે અનુભવ થાય છે અને ગુણસ્થાન ચઢતાં જેમ જેમ ધ્યાનમાં સ્થિર થાય છે તેમ તેમ આનંદ વધતો જાય છે, જે કેવળજ્ઞાન થતાં પૂર્ણરૂપે પ્રગટી જાય છે. અંતમાં પ્રાર્થના

સુખધામ અનંત સુસંત ચહી,
દિન રાત્ર રહે તદ્ધ્યાન મહી,
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જયતે.

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

● પ્રભુને રહેવાનું મન થાય એવું હૃદય બનાવું મારું,
મને તું મારામાં દેખાય એવું, હૃદય બનાવું મારું.

**શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

**સમ્યક્ તપ .....**

(પાના નં. ૨૦ પરથી ચાલુ...)

તેમને ભોજનાદિ વિકલ્પ જ થતા નથી માટે તે અનશનાદિ કરતા નથી, તે તેમને સહજ થઈ જાય છે. જો આવું થાય તો સર્વોત્તમ છે પરંતુ આ યોગીઓ પણ સંકલ્પપૂર્વક અનશનાદિ કરતા જોવામાં આવે છે. જ્યારે તેમને લાંબુ ધ્યાન-સ્વાધ્યાયાદિ કરવાનાં હોય ત્યારે તે ત્યાં સુધી સર્વ પ્રકારના આહારાદિનો ત્યાગ કરી ધ્યાનાદિમાં તલ્લીન થાય છે એવું પણ જોવામાં આવે છે. તેનું શું કારણ છે ? તેનું કારણ સ્પષ્ટ છે કે ધ્યાનાદિના સમયે વચમાં ક્ષુધાદિનો વિકલ્પ આવે તો તેને પોતાના પૂર્વના અનશનના સંકલ્પ બળથી તે વિકલ્પ છોડી દે છે. જો તેઓ પૂર્વમાં અનશનનો સંકલ્પ ન કરે અને ક્ષુધાનો તીવ્ર ઉદય આવે તો સંભવતયા તેઓ ધ્યાનાદિનું અનુષ્ઠાન છોડીને ભોજનાદિમાં લાગી જતા. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને જ તેઓ પહેલાથી જ તેનો નિરોધ કરીને પોતાના ધ્યાનાદિ અનુષ્ઠાનમાં દઢતાપૂર્વક લાગેલા રહે છે. *"એનું નામ જ તપ છે કે જો ભવિષ્યમાં પણ કર્મોદયથી મનમાં ઈચ્છા જાગે તો તે ઈચ્છા રૂપ પ્રવર્તન કરવું નહીં."* આનાથી જ કર્મોની નિર્જરા થાય છે. તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે અનશનાદિ બાહ્ય તપોનું પણ પોતાનું એક સ્વતંત્ર પ્રયોજન છે, માત્ર તે અંતરંગ તપમાં સહાયકારી જ હોતા નથી કારણ કે ભોજન સંબંધી વિકલ્પનો નિરોધ મુખ્યરૂપથી અનશનથી જ થઈ શકે છે. હા, તેમાં સ્વાધ્યાયાદિ સહાયકારી સિદ્ધ થઈ શકે છે પરંતુ અનાદિકાલીન આહાર સંજ્ઞાને શિથિલ કરવાનો પ્રધાન ઉપાય તો આહાર કરવાની ઈચ્છાનો નિરોધ કરવો જ છે અને અનશનાદિ બાહ્ય તપ તેમાં અપેક્ષાકૃત વધારે કાર્યકારી છે તેથી અનશનાદિ બાહ્ય તપનું પણ પોતાનું એક સ્વતંત્ર પ્રયોજન સિદ્ધ થાય છે. એટલા માટે જે વખતે જે તપથી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય તેનું તે સમયે અનુષ્ઠાન કરવું જ વધારે શ્રેયસ્કર છે. જ્યારે દેહાસક્તિથી મન શિથિલ થઈ જાય ત્યારે બાહ્ય તપ વધારે કાર્યકારી સિદ્ધ થાય છે તથા જ્યારે કોઈ બાહ્ય તપ તો ખૂબ કરે છતાં પણ મનની તરંગો ષોડશી (સોળ વરસની ચંચળબાળા) ની જેમ ન મટે ત્યારે તેના માટે સ્વાધ્યાય - ધ્યાનાદિ વધારે શ્રેયસ્કર થાય છે એવો તપસ્વી મહાત્માઓનો અભિમત છે.

(ક્રમશઃ)

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## પંદરમા તીર્થંકર

## શ્રી ધર્મનાથજિન સ્તવન (ગતાંકથી ચાલુ)

ગણિશ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી ધર્મનાથ ભગવાનના વિવિધ સામાન્ય અને વિશેષ ગુણોનું વર્ણન ગાથા-૨ થી ૫ માં કર્યુ અને પહેલી જ ગાથામાં પ્રભુના ગુણગાનરૂપ આ પ્રભુસ્તવનાનું પ્રયોજન બતાવી દીધું કે "આપણો આતમા તેહવો ભાવિયે". ત્યારબાદ જે ગુણોનું સૈદ્ધાંતિક શૈલીમાં વર્ણન થયું તેમાં પોતાના બહોળા શાસ્ત્રજ્ઞાનને બતાવવાનો લેશમાત્ર આશય નથી પરંતુ પોતાની ઉત્કૃષ્ટ પ્રભુભક્તિના રંગથી રંગાયેલ નિર્મળ પ્રજ્ઞાથી ભગવાનના અનંત ગુણોમાંથી ચૂંટી ચૂંટીને કાઢેલા આશ્ચર્યકારક સ્યાદ્વાદમય ગુણોનું ભક્તિભાવે વર્ણન થયું છે, જે આપણે ગયા અંકમાં જોયું. [ગત અંકમાં પૃષ્ઠ-૧૯ માં 'અભિલાપ્યતા' ગુણ વિશે પ્રથમ વાક્યમાં ત્રુટિ છે તે આ પ્રમાણે સુધારવી - દ્રવ્યશ્રુતજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાનના આધારે દ્રવ્યમાં એવા અનંતા ભાવો છે જે (કેવળી ભગવાન દ્વારા) વચન દ્વારા કહી શકાય છે.]

હવે ગણિશ્રી દેવચંદ્રજી જ્ઞાનમાર્ગને ભક્તિમાર્ગમાં પલટાવી સ્તવનને આખો નવો જ વળાંક આપે છે. ઉપરોક્ત સૈદ્ધાંતિક ગુણોને રજૂ કરવાનું પ્રયોજન જ હતું ભક્તિનો પાયો નાખવાનું. ભક્તિ તો પ્રભુના ગુણોને લક્ષમાં રાખીને જ કરવાની હોય તે હેતુથી તે ગુણોનું વર્ણન કર્યુ. કદાચિત્ આ ગુણો સમજવામાં કઠિન લાગ્યા હોય તો પણ સર્વકક્ષાના સાધકો ભક્તિમાર્ગથી મોક્ષમાર્ગમાં સહેલાઈથી હરણફાળ ભરી શકે છે એવો વિશ્વાસ હવે પછીની ગાથાઓમાં દેવચંદ્રજી કરાવે છે. વળી, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ તો પત્રાંક-૨૦૧ માં ભક્તિને 'સર્વોપરી માર્ગ' અને 'ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ' કહ્યો જ છે. પણ હા, ત્યાં કહેલ શરત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે "તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો" ! આવા ભક્તિમાર્ગના રહસ્યો દેવચંદ્રજી હવે ખોલે છે તે જોઇએ:

**સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,**
**શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું;**
**જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,**
**પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ૬**

**શબ્દાર્થ :-** હે સ્વામી ! આપે તો પરના સંગનો પરિહાર, ત્યાગ કરી, શુદ્ધ આત્મિક આનંદમય એવા નિજપદને પ્રાપ્ત કર્યુ અને સંગ્રહ કર્યુ, જ્યારે હું તો પરભાવથી ભવસમુદ્રમાં વસ્યો છું, અને પરના સંગથી સંસારે મને જકડી લીધો છે. (પરિહાર = ત્યાગ; લહ્યું = પ્રાપ્ત કર્યું; જહવિ = જ્યારે; ભવોદધિ = ભવસમુદ્ર; ગ્રસ્યો = જકડી લીધો)

**વિશેષાર્થ :-** શ્રી દેવચંદ્રજી સૌ પ્રથમ તો પ્રભુની પ્રભુતા પ્રત્યે અહોભાવ લાવી તેની સરખામણીમાં પોતાની પામરતાનો સ્વીકાર કરે છે. આપણી અને પ્રભુની વચ્ચે કેટલો તફાવત છે, કેટલું મોટું અંતર છે તેનું ભાન કરાવે છે. અરે ! પૂર્વ-પશ્ચિમની જેમ દિશા જ એકબીજાથી કેટલી વિપરીત ! દેવચંદ્રજી આટલા મહાન હોવા છતાં પ્રભુ પાસે પોતાના દોષની આલોચના કરે છે પણ ખરેખર તો ત્રીજા, ચોથા ચરણમાં આપણા જ પરિભ્રમણની કથા છે. પ્રભુ કઇ રીતે પોતાના આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શુદ્ધ આત્મિક અનંત આનંદમયદશાને પ્રાપ્ત થયા ? તો કહે છે **"સંગ પરિહારથી"**, અર્થાત્ સર્વ કર્મરૂપ સંગનો ત્યાગ કરી, ક્ષય કરીને જ્યાં હવે "એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા." પણ પ્રભુની આ નિ:સંગ વીતરાગી આનંદમય દશા તો પ્રભુએ પૂર્વમાં

અને આ ભવમાં કરેલા અપૂર્વ અને અનંત પુરુષાર્થનું ફળ હતું, જેમાં તેમણે બાહ્યમાં સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ આદિનો સંગ અને અંતરથી તે સર્વ પ્રત્યેના મોહનો સંગ છોડી દીધો હતો. ફળસ્વરૂપે હવે **"નિજ પદ લહ્યું"**, એટલું જ નહીં પણ આત્મિક આનંદપદ "સંગ્રહ્યું". આત્માના સ્વભાવથી જ પ્રગટતા અનંત આનંદનો એવો સંગ્રહ થયો છે કે ક્ષણે ક્ષણે અનંતકાળ સુધી તેને ભોગવશે !

તેનાથી વિપરીત હે પ્રભુ ! મારી અત્યંત દીનહીન દશા જુઓ. અજ્ઞાન, રાગ અને દ્વેષને વશ થઇ હું પરભાવમાં જ અનાદિથી રાચી રહ્યો છું. અર્થાત્ મારા સ્વરૂપ અને સ્વભાવથી તદ્દન જુદા એવા ક્રોધાદિ પરભાવ અને પરવસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિ એવા **"પરતણા સંગથી"** હું એવા ઘોર મોહનીય આદિ કર્મબંધ કરી રહ્યો છું જેનાથી સંસારે મને ગ્રસી લીધો છે, જકડી લીધો છે. પરિણામે હું અનાદિથી અનંત ભવસમુદ્રમાં પરિભ્રમણ કરી રહ્યો છું. જુઓ, દેવચંદ્રજીએ બે જ શબ્દોમાં મોક્ષ અને સંસારનું કારણ બતાવી દ્વાદશાંગનો સાર આપી દીધો કે "પરતણો સંગ" કરે તો સંસાર અને "સંગ પરિહારથી" મોક્ષ !

ભક્તે નિર્મળ હૃદયથી કરેલ પોતાના દોષોની આલોચનામાં તે દોષોથી મુક્ત થવાની અને પ્રભુ જેવા પદની પ્રાપ્તિની તીવ્ર અભિલાષા દેખાય છે. તેથી પ્રભુ તે નિઃસંગ પદની પ્રાપ્તિનો હવે ઉપાય બતાવે છે :

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મળો,**
**અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામળો;**
**જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,**
**ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં. ૭**

**શબ્દાર્થ :** તથાપિ સત્તાગુણે અર્થાત્ સ્વરૂપદૃષ્ટિએ, સ્વભાવદૃષ્ટિએ જીવ નિર્મળ જ છે. જેમ સ્ફટિક કોઇ અન્યનો (કાળા પદાર્થના) સંયોગમાં કાળો થઇ જતો નથી તેમ. જે પર-ઉપાધિથી રાગ-દ્વેષરૂપ પરિણતિનું ગ્રહવું થાય છે તે મારા ભાવ નથી કારણ કે તેનો મારા શુદ્ધ ભાવ સાથે તાદાત્મ્ય સંબંધ નથી. (તહવિ = તથાપિ, તેમ છતાં; સત્તાગુણે = જીવની મૂળભૂત સત્તા જોતાં, સ્વભાવદૃષ્ટિએ; સંશ્લેષ = સંયોગ; નવિ = નહીં, નથી; શામળો = કાળો; પરોપાધિ = કર્મજન્ય પર-ઉપાધિ; તાદાત્મ્ય = કદી છૂટે નહીં એવો શાશ્વત સંબંધ, એકમેકપણું, અભેદપણું).

**વિશેષાર્થ :** 'તહવિ' એટલે 'તથાપિ' શબ્દ મૂકતાં હવે આખી બાજી પલટાઇને જીવના પક્ષમાં આવે છે કે ભલે હું અજ્ઞાનવશ અને કર્મવશ પરભાવ અને પરસંગથી પામરદશામાં છું તથાપિ સત્તાગુણે, અર્થાત્ મારી ચૈતન્યસત્તા તરફ દૃષ્ટિ કરતાં, સ્વભાવદૃષ્ટિએ હું ધર્મનાથ ભગવાન જેવો જ નિર્મળ છું. આ વાત સમજાવવા દેવચંદ્રજી સ્ફટિક રત્નનું પ્રચલિત દૃષ્ટાંત આપે છે. જેમ કોઇ અન્ય કાળા રંગનો પદાર્થ સ્ફટિક રત્ન પાછળ મૂકવામાં આવે તો તે નિર્મળ સ્ફટિક સંશ્લેષ (સંયોગ) ને કારણે કાળો દેખાય છે પણ તે **"નવિ શામળો"** - કંઇ કાળો થઇ જતો નથી. કાળો દેખાય ત્યારે પણ તે નિર્મળ જ છે, કારણ કે તે પદાર્થનો સ્ફટિક સાથે માત્ર સંશ્લેષ, સંયોગ સંબંધ થયો છે, તાદાત્મ્ય સંબંધ નહીં. તેથી તે પદાર્થ દૂર ખસેડતાંવેંત સ્ફટિક તેના મૂળ સ્વરૂપે દેખાય છે, તે જ રીતે **"સત્તાગુણે જીવ એ નિર્મળો"** - જીવની અર્થાત મારી સત્તા, જ્ઞાયકસત્તા સદાય નિર્મળ જ છે. દ્રવ્યદૃષ્ટિએ હું નિર્મળ જ છું. હા, જો કે પર્યાયદૃષ્ટિએ **"પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી"** - કર્મોદયથી અને મારા અજ્ઞાનથી પરની વ્યર્થ ઉપાધિ કરીને રાગ-દ્વેષરૂપ દુષ્ટ પરિણામોની મલિનતા મારી વર્તમાન અવસ્થામાં છે, તેનો હું ચોક્કસ સ્વીકાર કરું છું. તેનાથી હું દુઃખી પણ થઇ રહ્યો છું. પરંતુ જેમ કાળાશ સ્ફટિકમાં ઘુસી ગઇ નથી તેમ આ ઔપાધિકભાવો મારા શુદ્ધ આત્મદ્રવ્યમાં તાદાત્મ્યપણે ઘુસી જઇ મને અશુદ્ધ કરી શકતા નથી. હવે તે દુષ્ટ પરિણતિને પર્યાયમાંથી પણ કાઢવા મારે એટલું જ ભેદજ્ઞાન કરવાનું છે કે **"માહરું તે નહીં"** - તે મલીન પર્યાય તે મારું શાશ્વત સ્વરૂપ નથી, માત્ર ક્ષણિક સ્વરૂપ છે. હું તો સનાતન શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન આત્મા છું.

આમ, પર્યાયદષ્ટિને ગૌણ કરી દ્રવ્યદષ્ટિ લાવતાં ક્રોધાદિ પરભાવોનું કાલ્પનિક તાદાત્મ્ય તૂટી ક્ષમાદિ આત્મિક ભાવો સાથે તાદાત્મ્ય થશે. જેમ કાળો પદાર્થ સ્ફટિકની પાછળથી હટાવતાં તુરત જ સ્ફટિક જે સદૈવ નિર્મળ જ હતો તે હવે પ્રગટપણે નિર્મળ દેખાય પણ છે, તેમ ક્રોધાદિ ''પરોપાધિ'' રૂપ ભાવોને જાગૃતિ રાખીને આત્મામાંથી જાકારો આપી શુદ્ધ, શાશ્વત, આત્મતત્ત્વ તરફ દષ્ટિ થતાંજ અને તેમાં સ્થિર થતાં આત્માનું સ્ફટિક જેવું નિર્મળ, શાંત, પરમાનંદમય સ્વરૂપ અનુભવમાં આવે છે. *''હું પરતણો નહીં, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું''* આવું ભેદજ્ઞાન કરી આત્મસ્વરૂપમાં અભેદતા સાધવાનું સુંદર તત્ત્વજ્ઞાન ઉપરોક્ત ગાથામાં પીરસ્યું. હવે ભક્તિમાર્ગની પ્રધાનતાથી આત્મસ્વરૂપની ઉપલબ્ધિનો ઉપાય બતાવે છે :-

**તિણે પરમાત્મપ્રભુ-ભક્તિરંગી થઈ,**
**શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી;**
**આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા,**
**તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ૮**

**શબ્દાર્થ :** તેણે (મોક્ષાર્થી સાધકે) પરમાત્મપ્રભુરૂપ શુદ્ધ નિમિત્ત-કારણનો આશ્રય કરી તેમની ભક્તિના રસમાં રંગાઈને આત્મતત્ત્વની શુદ્ધ પરિણતિમાં મગ્ન થવું. આમ, આત્મસ્વરૂપનો ગ્રાહક થતાં પરની ગ્રહણતા છૂટી જાય છે અને આત્મતત્ત્વનો ભોગી થતાં પરની ભોગ્યતા પણ ટળી જાય છે. (તિણે = તેણે, સાધકે; તત્ત્વ = શુદ્ધ આત્મતત્ત્વ; પરિણતિમયી = પરિણામમાં મગ્નતા.)

**વિશેષાર્થ :** જે મોક્ષનો અભિલાષી સાધક છે તેણે પોતાના પ્રયોજનની સિદ્ધિને અર્થે શું કરવું તેનું ભક્તિસભર માર્ગદર્શન દેવચંદ્રજી પોતાના સ્વાનુભવથી અહીં આપે છે. પરમાત્મપ્રભુ એવા શ્રી ધર્મનાથ આદિ તીર્થંકર ભગવંતોરૂપ **''શુદ્ધ કારણ રસે''** - એ શુદ્ધ પરમાત્મારૂપ નિમિત્ત કારણના ભક્તિરસમાં રંગાઈને, **''ભક્તિરંગી થઈ''** સાધકને પરમાત્માના સ્વરૂપ અને તેમના ગુણો પ્રત્યે અપૂર્વ અહોભાવ આવે અને તેથી તે ધર્મનાથનો રસિયો બની જાય. પરમાત્મા પ્રત્યેની પ્રીતિ, ભક્તિ, શ્રદ્ધા, સમર્પણ વધતાં વધતાં ધીમે ધીમે તેમના જેવી જ પોતાની આત્મસત્તાનો રસિયો બની જાય, પોતાની જ પરિણતિને શુદ્ધ બનાવી તે પરિણતિમય, તે પરિણતિમાં મગ્ન થતો જાય. આમ, પોતાના જ આત્માનો ગ્રાહક, આત્માના ગુણોનો ગ્રાહક બનતાં પરપદાર્થોની ગ્રહણતા સહજપણે તજી દે અને પોતાના જ આત્મતત્ત્વનો ભોગી બનતાં પરપદાર્થની ભોગ્યતા, ભોક્તૃત્વ ટળી જાય. આમ, નિજાનંદનો કર્તા-ભોક્તા બનતાં સર્વ પદાર્થોમાં થયેલ અનાદિનું કર્તાભોક્તાપણું એટલું તુચ્છ લાગે કે સહજપણે તેનો ત્યાગ થઈ જાય. જુઓ, આ જ છે જ્ઞાનીઓ પ્રેરિત યથાર્થ ત્યાગમાર્ગ કે જેમાં પ્રથમ પ્રભુપ્રેમ, પછી આત્મપ્રેમ અને તેથી સાચો ત્યાગ અને વૈરાગ્ય. નિશ્ચયનયથી તો જીવ પરપદાર્થનું ગ્રહણ-ત્યાગ કરી જ ન શકે. માત્ર મમત્વથી જ તેનો ગ્રાહક બને છે. દેવચંદ્રજી જેવા જ્ઞાનીપુરુષો તેને 'આત્મગ્રાહક' બનાવી તે મમત્વરૂપી 'પરગ્રહણતા' છોડાવે છે. પ્રભુરંગી અને આત્મરંગી થયેલ સાધકની આત્મદશાનું વર્ણન કરતાં દેવચંદ્રજી કહે છે :

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવભોગી યદા,**
**આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;**
**એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા,**
**શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા. ૯**

**શબ્દાર્થ :** જ્યારે આત્મા હવે કોઈપણ પ્રયાસ વગર શુદ્ધ નિજભાવનો ભોગી થયો ત્યારે હવે આત્માના ક્ષેત્રમાં અન્ય એવા કર્માદિ પદાર્થને રક્ષણ મળતું નથી. એક, અસહાય અર્થાત્ સ્વાધીન, અસંગ અને નિર્દ્વંદ્વતારૂપી શક્તિની વ્યક્તતા થતાં સર્વ પરદ્રવ્ય, પરભાવોનો ઉત્સર્ગ અર્થાત્ તે આત્મામાંથી બહાર નીકળી જાય છે. (નિઃપ્રયાસ = પ્રયાસ વગર, સહજપણે; યદા = જ્યારે; તદા = ત્યારે; અસહાય = સ્વાધીન, નિસ્સંગ = અસંગ; નિર્દ્વંદ્વતા = રાગદ્વેષાદિ દ્વંદ્વ રહિતપણું; ઉત્સર્ગ = બહાર ફેંકવું)

**વિશેષાર્થ :** પ્રભુસંગે અને ગુરુકૃપાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતાં સાધક સ્વભાવમાં કેવો ખીલી ઊઠે છે તેની અહીં વાત છે. એક વખત પ્રભુપ્રેમ જાગ્યો અને તેથી નિજાત્માનો પ્રેમી થયો ત્યારપછી જ્ઞાનાનંદરૂપ નિજભાવનો ભોગવટો કરવામાં તેને કોઇ પ્રયાસ કરવો પડતો નથી. જ્યાં પ્રેમ છે ત્યાં બધું સહજ, 'નિઃપ્રયાસ' થાય છે. જ્ઞાનીને પ્રવૃત્તિમાં પણ સહજપણે, વિના પ્રયાસે અંતરંગ નિવૃત્તિ વર્તે છે અને તેથી સદાય પ્રસન્નતાનો ભોગવટો કરે છે. નિજ આત્મસ્વરૂપમાં જ પરિપૂર્ણતા, પરમ શાંતિ, પરમ તૃપ્તિ અને કૃતકૃત્યતાનો અનુભવ થતાં હવે તેને કોઇ બાહ્ય સહાયતા, પરાધીનતા સેવવાની જરૂર નથી પડતી એવી અસહાય, સ્વાધીન દશા વર્તે છે. ધર્મનાથ ભગવાન આદિ તીર્થંકરોના ઉપદેશથી ઉપજેલી વસ્તુસ્વરૂપમાં નિઃશંકતાથી એવી નિર્ભયતા આવે છે કે હવે તેને કોઇ સંગની જરૂર નથી એવી નિઃસંગતા ઉત્પન્ન થાય છે. વળી, રાગ-દ્વેષ, હર્ષ-શોક, ગમા-અણગમા, ઇષ્ટ-અનિષ્ટ આદિ આકુળતામય દ્વંદ્વોથી રહિત નિરાકુળ નિર્દ્વંદ્વ દશાનો સ્વામી બને છે. હવે કર્મોને રક્ષણ આપતા એવા મોહરાજા ઉપર જ વિજય થતાં આત્મક્ષેત્રે, હવે તે કર્મોને કોઇ રક્ષણ ન મળતાં બધા કર્મો ટપોટપ પડવા માંડે છે. આત્મા અબંધ પરિણામી થતાં સંવરભાવથી નવીન કર્મોનો બંધ થતો નથી, ઉદયમાં આવેલ કર્મોની નિર્જરા એટલું જ નહીં, સત્તામાં પડેલા કર્મોને પણ જ્ઞાની આત્મશક્તિથી ઉદીરણા કરી આત્મક્ષેત્રેથી બહાર ફેંકે છે ! આમ, કર્મોને બહાર ફેંકવારૂપ ઉત્સર્ગશક્તિની વ્યક્તતા, પ્રાગટ્ય થાય છે. પછી તો રહ્યા સહ્યા કર્મોનો પણ ઉત્સર્ગ કરી આ મહાપુરુષ તે જ ભવે કે થોડા જ ભવોમાં અરિહંત-સિદ્ધપદને પામે છે !

આપણને સૌને તત્ત્વમય ભક્તિરૂપ સાધનામાર્ગ બતાવી તે પરમપદ પ્રાપ્તિની પ્રેરણા શ્રી દેવચંદ્રજી અંતિમ કડીમાં કરી સ્તવનની સમાપ્તિ કરે છે :

**તેણે મુજ આતમા તુજ થકી નીપજે,**
**માહરી સંપદા સકળ મુજ સંપજે;**
**તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઇએ,**
**પરમ દેવચંદ્ર નિજસિદ્ધિસુખ પાઇએ. ૧૦**

**શબ્દાર્થ :** આ રીતે હે પ્રભુ ! મારો આત્મા તારા થકી પ્રગટ થાય છે અને મને મારી સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય છે. જે કોઇ સાધક મનમંદિરમાં ધર્મનાથ પ્રભુનું ધ્યાન કરે છે તે દેવોમાં ચંદ્રસમાન નિર્મળ, પરમ નિજ સિદ્ધિસુખને પામે છે. (તુજ થકી = તારાથી, તારા અવલંબનથી; નીપજે = ઊપજે, પ્રગટે; સંપદા = સંપત્તિ; સંપજે = પ્રાપ્ત થાય.)

**વિશેષાર્થ :** સાધકમાં જ્યારે આમ જ્ઞાન અને ભક્તિના સમન્વયથી સ્વસંવેદનરૂપ આત્મા નીપજે છે, પ્રગટે છે, ત્યારે અત્યંત વિનય ગુણ પણ સાથે જ પ્રગટવાથી તેને પ્રભુના અનંત ઉપકારનું વેદન થતાં કહે છે કે હે પ્રભુ ! મારી આ સ્વાત્મેપલબ્ધિ "તુજ થકી" નીપજી છે, જેમ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ના અંતે શિષ્ય 'બોધબીજ પ્રાપ્તિકથન' માં ઉપકારનું વેદન કરતાં ઉપાદાન-નિમિત્ત એવા કંઇ વિકલ્પો કર્યા વિના બોલી ઊઠે છે કે "તે તો પ્રભુએ આપિયો" ! આવો આત્મજ્ઞાન સહિતનો વિનયવંત સાધક કૃતકૃત્યતાનો અનુભવ કરતાં કહે છે કે **"માહરી સંપદા સકળ મુજ સંપજે"** - જ્ઞાન, દર્શન, વીર્ય આનંદ, ક્ષમાદિ ગુણોરૂપ મારી સર્વ આત્મિક સંપત્તિ પ્રાપ્ત થઇ ગઇ છે, જેની આગળ હવે જગતના કોઇ માયિક સુખ સંપત્તિની ઇચ્છા રહી નથી. ઇન્દ્રનરેન્દ્રનું સુખ પણ આ નિરાકુળ સંપદાની તોલે આવે તેમ નથી. અંતમાં, સમસ્ત સાધનાનો ટૂંકમાં સાર બતાવતાં શ્રી દેવચંદ્રજી ફરમાવે છે કે જે પોતાના મનમંદિરમાં ધર્મનાથ પ્રભુનું ધ્યાન કરે છે, અર્થાત્ તેમના સ્વરૂપનું અને ગુણોનું ધ્યાન કરે છે તેનો ઉપયોગ અંતર્મુખ થવા લાગે છે અને કોઇ ધન્ય પળે પ્રભુના ધ્યાનરૂપ સવિકલ્પક ઉપયોગ પ્રગાઢ બનતાં નિર્વિકલ્પ થઇ સ્વરૂપમાં લીન થાય છે. બસ, પછી તો પૂછવું જ શું ? તે આત્માનંદનો સ્વાદ વધુ ને વધુ અનુભવવા તે ચારિત્રમોહને નષ્ટ કરતો એકેક ગુણસ્થાનો પાર કરી અંતે દેવોમાં ચંદ્ર

**(અનુસંધાન પાના નં. ૨૩ પર...)**

# સમ્યક્ તપ (ક્રમાંક-૩)

બા.બ્ર. સુરેશજી

(૩) **પાપજન્ય અનિષ્ટ સંયોગને દૂર કરવાની ઇચ્છા :-** "આત્માને (મનને) જે સારી ન લાગે એવી વસ્તુઓ (રોગ, શરદી, ગરમી, શત્રુ આદિ) નો સંયોગ થવો અનિષ્ટ સંયોગ કહેવાય છે." પાપકર્મના ઉદયથી આવું થાય છે. એવા અનિષ્ટ સંયોગોને દૂર કરવાની અંતરંગ અભિલાષાનું નામ આ ત્રીજા પ્રકારની ઇચ્છા છે. આમાં નુકસાન તો એ છે કે જીવ જ્યાં સુધી રોગાદિ અનિષ્ટ સંયોગ દૂર ન થઇ જાય ત્યાં સુધી સતત દુઃખી રહે છે અને તે અનિષ્ટ સંયોગ દૂર કરવાના પ્રયત્નમાં લાગ્યો રહે છે, તેના માટે તે નૈતિક-અનૈતિક બધા ઉપાયો કરીને હિંસાદિ દ્વારા નવીન પાપકર્મોનું ઉપાર્જન કરે છે, જેના ફળસ્વરૂપ ફરી તેને આવા અનિષ્ટ સંયોગોનો યોગ થાય છે. આ રીતે પરંપરા ચાલતી રહે છે અને જીવ આ સંસારપરિભ્રમણથી બહાર નીકળી શકતો નથી. તેથી આ ઇચ્છા પણ એકાન્તે દુઃખદાયી જ છે કારણ કે જ્યાં સુધી જીવ ચતુર્ગતિરૂપ સંસારમાં સકર્મ અવસ્થામાં રહે છે ત્યાં સુધી તેના પાપ - પુણ્યનો ઉદય નિરંતર ચાલતો રહે છે અને અનિષ્ટ સંયોગ પાપનું ફળ છે. કર્મ જ્યારે તેનું ફળ આપવાનું શરૂ કરી દે છે અર્થાત્ જ્યારે તે ઉદયમાં આવે છે ત્યારબાદ તે આપણા વશમાં રહેતું નથી, તેથી દુઃખી થઇને પ્રતિક્રિયા કરવાથી તો નવો કર્મબંધ થાય છે. માટે "ઉત્તમ એ જ છે કે અનિષ્ટ સંયોગને પોતે જ કરેલા અપરાધનું ફળ સમજી શાંતભાવથી સહન કરવું અને નવીન બંધ થતો રોકવો." વિશેષ એ કે તે અનિષ્ટ સંયોગને સહન કરવાનું સામર્થ્ય આપણા અંદર ન હોય અર્થાત્ તેના કારણે કલુષિત આર્ત્તધ્યાનરૂપ પરિણામ નિરંતર રહેતા હોય તો તેને નૈતિક ઉપાયથી (ઓછામાં ઓછી હિંસા સાથે) શાંતિપૂર્વક, યોગ્ય સાધનો દ્વારા દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેમકે આપણને કોઇ રોગ થાય તો અહિંસક ઔષધિ દ્વારા ઉપચાર કરવો જોઇએ અથવા આપણા ઘરમાં સાપ ઘૂસી જાય તો તેને પ્રેમથી બહાર કાઢવો જોઇએ પરંતુ મારવો જોઇએ નહિ. આપણને કોઇ કીડી આદિ કરડે તો તેને કોમળતાપૂર્વક આપણા શરીર પરથી હટાવીને યોગ્ય સ્થાન પર રાખવી જોઇએ. આ રીતે યોગ્ય રીતિથી અનિષ્ટ સંયોગોનું નિરાકરણ કરતાં નવીન કર્મબંધ અત્યલ્પ માત્રામાં જ થાય છે તથા અનિષ્ટ સંયોગોના સમયે કોઇપણ પ્રતિક્રિયા ન કરીને શાંતભાવ તથા સમત્વભાવથી સહન કરવાથી અતિશય કર્મોની નિર્જરાનો લાભ થાય છે. આને ઉપસર્ગ સહન કરવો કહે છે.

(૪) **પુણ્યજન્ય ઇષ્ટ સંયોગોને ભોગવવાની ઇચ્છા :-** "જે આત્માને (મનને) સારી લાગે એવી વસ્તુઓ (શાતા, સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, ભોજનાદિ) ને ઇષ્ટ સંયોગ કહે છે." આ પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. આ ઇષ્ટ સંયોગોને ભોગવવાની ઇચ્છા ચોથા પ્રકારની ઇચ્છા છે. આ ભોગાદિ સામગ્રીઓ રહે તેમાં તો જીવને કોઇ નુકસાન નથી પરંતુ તેને આસક્તિ રાખીને ભોગવવાથી જીવને હાનિ છે કારણ કે આમાં આસક્તિ મોહાદિ વિના થઇ શકતા નથી તથા મોહિત થઇને અતિરાગપૂર્વક ભોગવવાથી નવીન તીવ્ર પાપકર્મોનું બંધન થાય છે. એક તો તેને ભોગવતા સમયે આસક્તિને લીધે આકુળ-વ્યાકુળ રહે છે અને વ્યાકુળતા જ દુઃખ છે. બીજું, જ્યારે ભોગસામગ્રી વધારે હોય છે ત્યારે વ્યક્તિનું મન સદાય તે ભોગોને ભોગવવાના વિકલ્પમાં જ રહે છે, જેથી તે વિકલ્પોના કારણે સદાય તે દુઃખી રહે છે. ત્રીજું, જ્યારે ભોગસામગ્રી વધારે અને ભોગવવાની શક્તિ સીમિત હોય છે ત્યારે તે પૂર્ણ રૂપથી ન ભોગવી શકવાને લીધે દુઃખી રહે છે કારણ કે ભોગવવાની ઇચ્છા તો ઘણી છે અને ભોગસામગ્રી પણ ઘણી છે પરંતુ ભોગવવાની શક્તિ ઓછી હોવાથી હું તેને એક સાથે કેવી રીતે ભોગવી લઉં એમ વિચારી વ્યાકુળ રહે છે. જેમ કે દશ દિવસના ભૂખ્યા સામે છપ્પન પ્રકારના પકવાન આવી જતાં તેની જેવી દશા થાય છે તેવી જ

દશા આ અજ્ઞાની જીવની પણ થાય છે, જે એકાંતથી દુઃખદાયી છે.

"આશય એ છે કે ભોગસામગ્રી હોવા છતાં પણ સર્વ પ્રથમ તો તેને ભોગવ્યા વિના આપણું કામ ચલાવવું જોઇએ એ જ સર્વોત્તમ છે. જો ભોગવ્યા વિના ન રહેવાય તો વૈરાગ્યભાવ અને દુઃખબુદ્ધિ (આ દુઃખદાયી છે એવી માન્યતા) થી આવશ્યકતાનુસાર, જાગૃતિપૂર્વક (અવ્યગ્રતાથી) ભોગવવું જોઇએ અને ભોગવ્યા બાદ પ્રતિક્રમણ કરવું જોઈએ." પરંતુ આમાં શું છે ? આ ભોગ તો મારા પુણ્યના ઉદયથી મળ્યા છે. કોઈની પાસેથી ઝૂંટવીને મેં થોડા લીધા છે ? આના ઉપર મારો પૂર્ણ અધિકાર છે, આ કોઇ પાપના કારણ નથી, પાપનું કારણ તો કોઇનું ઝૂંટવીને કે દુઃખ દઇને ભોગવવામાં છે. એવા વિપરીત વિચાર કરીને "અધિકારપૂર્વક, નિર્ભય પરિણામોથી ઈષ્ટ સંયોગોને પણ ક્યારેય ભોગવવા જોઇએ નહીં," નહીં તો તે વિશેષ કર્મબંધના કારણ થશે.

આ રીતે આપણે જેનો નિરોધ કરવાનો છે એવી ઇચ્છાઓના સ્વરૂપનો સંક્ષેપમાં વિચાર કર્યો. દુનિયાની સમસ્ત ઇચ્છાઓ આ ચાર શ્રેણીઓમાં સમાહિત થઇ જાય છે. હવે આ ઇચ્છાઓનો નિરોધ કરવાનો જે અનન્ય ઉપાય તપ છે, તેના ભેદોને સમજવાનો પ્રયત્ન કરીશું.

સર્વ પ્રથમ એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે તપના બધા પ્રકારોમાં ચાહે તે બાહ્ય રૂપ અનશનાદિ હોય કે અંતરંગ રૂપ પ્રાયશ્ચિત્ત આદિ હોય, 'ઇચ્છા-નિરોધ' લક્ષણ બધામાં સમાન રૂપથી લાગુ પડે છે અર્થાત્ આ બધા પ્રકારના તપ અનુષ્ઠાનોનું લક્ષ્ય તો ઇચ્છા-નિરોધ કરવો તે જ છે અને ઇચ્છા-નિરોધનું લક્ષ્ય કર્મ નિર્જરા કરવી છે તથા કર્મનિર્જરાનું લક્ષ્ય પરમાનંદ લક્ષણવાળો મોક્ષ પ્રાપ્ત કરવો છે. અહીં કર્મનિર્જરાનું તાત્પર્ય અવિપાક(સકામ) નિર્જરાથી છે. *"ઉદયકાળ પહેલા જ કર્મોને નીરસીભૂત કરીને અર્થાત્ ફળ આપવાની શક્તિને નષ્ટ કરીને, ઉદયાવલિમાં લાવીને તેને નિર્જરીત કરી દેવા તે અવિપાક નિર્જરા કહેવાય છે."* આ 'તપભાવ' થી થાય છે. આત્માના મોહ-ક્ષોભ રહિત નિસ્તરંગ પરિણામ 'તપભાવ' કહેવાય છે અને તેનું અનન્ય સાધન 'ઇચ્છા નિરોધ' છે.

બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે અનશનાદિ બાહ્ય તપથી ઓછી નિર્જરા થાય છે અને ધ્યાનાદિ અંતરંગ તપથી વધારે નિર્જરા થાય છે એવું સર્વથા સમજવું નહીં. જેમાં ઇચ્છા-નિરોધ વધારે હોય તેનાથી નિર્જરા વધારે થાય છે એમ માનવું જોઇએ કારણ કે બાહ્ય અને અંતરંગ ભેદ તો યોગોના અવલંબનના આધારે કર્યા છે અર્થાત્ બાહ્ય તપ મુખ્યરૂપથી કાયયોગના અવલંબનથી કરવામાં આવે છે તથા અંતરંગ તપ મુખ્યરૂપથી મનોયોગના અવલંબનથી કરવામાં આવે છે. બાહ્ય તપમાં શરીરને માધ્યમ બનાવીને ઇચ્છાઓનો નિરોધ કરવામાં આવે છે તથા અંતરંગ તપમાં મનને માધ્યમ બનાવીને ઇચ્છા-નિરોધ કરવામાં આવે છે. જ્યારે દેહના નિમિત્તથી અર્થાત્ ભોજનાદિ ગ્રહણ કરતા કે તેમના પ્રત્યે ગૃદ્ધતા કે ઉન્મત્તતા આવવાથી આત્મામાં વધારે ઇચ્છાતરંગો ઉત્પન્ન થાય ત્યારે આ ભોજનાદિ વિષયોની ઇચ્છાનો નિરોધ કરવો વધારે કાર્યકારી સિદ્ધ થાય છે. આવા સમયમાં અનશનાદિ બાહ્ય તપ વધારે કાર્યકારી સિદ્ધ થાય છે. જ્યારે મનના નિમિત્તથી અર્થાત્ મન કામ, અહંકાર, ક્રોધાદિ કષાયોથી વધારે ઉદ્વેગ પામે ત્યારે, વિનય, સેવા, સ્વાધ્યાયાદિ અંતરંગ તપ વધારે કાર્યકારી સિદ્ધ થાય છે. વાસ્તવમાં બાહ્ય તપમાં બાહ્ય વિષયોનો નિરોધ કરીને આત્માને ઇચ્છા રહિત નિસ્તરંગ કરવામાં આવે છે તથા અંતરંગ તપમાં અહંકારાદિ કષાયોના નિરોધપૂર્વક આત્માને ઇચ્છા રહિત કરીને નિસ્તરંગ કરવામાં આવે છે. બન્નેનું લક્ષ્ય તો એક 'ઇચ્છા-નિરોધ' જ છે પરંતુ બાહ્ય તપમાં કાય નિમિત્તક વિષયોને લક્ષ્ય બનાવવામાં આવે છે તથા અંતરંગ તપમાં મન નિમિત્તક કષાયોને લક્ષ્ય બનાવીને ઇચ્છા-નિરોધ કરવામાં આવે છે. બન્નેમાં આ જ અંતર છે પરંતુ કાર્યકારી બંન્ને સમાનરૂપથી છે. જો આમ ન હોઇને માત્ર અંતરંગ તપથી જ કાર્યસિદ્ધિ થઇ જતી હોત તો શ્રી જિનેન્દ્રદેવ દ્વારા બાહ્ય તપનું નિરૂપણ કરવાની આવશ્યકતા જ રહેત નહી. વળી બાહ્ય તપ અંતરંગ તપમાં માત્ર સહાયકારી છે, તે સ્વયં કાર્યકારી નથી એમ માનવામાં આવે તો મહામુનીશ્વરાદિ અનશનાદિ અનુષ્ઠાન કેમ કરત ? જો કે તેઓ નિરંતર સ્વાધ્યાય - ધ્યાનાદિમાં લાગેલા રહે છે અને જો એવું માનવામાં આવે કે આ મુનીશ્વરોનું જ્ઞાન-ધ્યાનમાં ચિત્ત લાગવાથી

**(અનુસંધાન પાના નં. ૧૪ પર...)**

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૫)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**આચાર્યશ્રીની લઘુતા-૩**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**अभ्युद्यतोऽस्मि तव नाथ ! जडाशयोऽपि,**
**कर्तुं स्तवं लसदसंख्य गुणाकरस्य ।**
**बालोऽपि किं न निजबाहुयुगं वितत्य,**
**विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ॥५॥**

● **અન્વયાર્થ :**

**नाथ ! जडाशयः अपि तव लसद् असंख्य गुणाकरस्य स्तवं कर्तृं अभ्युद्यतः अस्मि । बालः अपि निज बाहुयुगं वितत्य स्वधिया अम्बुराशेः विस्तीर्णतां किं न कथयति ?**

● **શબ્દાર્થ : अभ्युद्यतः** - (હું) ઉદ્યમવંત થયો, **अस्मि** - છું, **तव** - તમારા, **नाथ !** - (હે) નાથ!, **जडाशय** - મંદબુદ્ધિવાળો, જડ, અજ્ઞ, **अपि** - (હોવા) છતાં, **कर्तुं** - કરવાને, **स्तवं** - સ્તુતિ, **लसद्** - ઉજ્જવળ, દેદીપ્યમાન, **असंख्य** - અસંખ્ય, **गुणाकरस्य** - ગુણોની ખાણ, **बालः** - બાળક, **अपि** - પણ, **किं** - શું, **न** - નહી, નથી, **निजबाहुयुगं** - પોતાના બન્ને હાથને, **वितत्य** - પહોળા કરીને, **विस्तीर्णतां** - વિસ્તારને, **कथयति** - કહે છે, **स्वधिया** - પોતાની બુદ્ધિથી, **अम्बुराशेः** - સમુદ્રના વિસ્તારને.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**દેદીપ્યમાન અસંખ્યગુણની ખાણ નાથ ! તમારી હું,**
**આરંભતો કરવા સ્તુતિ પણ મંદબુદ્ધિમાન છું;**
**શું બાળ પણ કે'તું નથી ? લંબાવી બેઊ હાથને,**
**નિજબુદ્ધિના અનુસારથી ઉદધિતણા વિસ્તારને - (૫)**

(મંદાક્રાંતા)

**ગુણો તારા અગણિત છતાં તેમના ગાન કાજે,**
**જો કે હું છું જડસમ છતા નાથ તૈયાર આજે;**
**જોયો મોટો જલનિધિ અમે આવડો હતો તે,**
**દેખાડે છે કરયુગલથી બાળકો માપ પોતે - (૫)**

● **ભાવાર્થ :** હે નાથ ! મંદબુદ્ધિ (જડ જેવો) એવો હું (ભક્તિવશ થઇ), અસંખ્ય ગુણોથી સુશોભિત એવા આપનો મહિમા ગાવાને તૈયાર થયો છું. શું બાળક પણ પોતાના બે નાનકડા હાથ પહોળા કરી પોતાની બુદ્ધિ મુજબ સમુદ્રના (અપાર) વિસ્તારનું વર્ણન નથી કરતો ? હા કરે છે. તેમ હું પણ મારી બુદ્ધિ પ્રમાણે આપના ગુણોનું કીર્તન કરીશ.

● **વિશેષાર્થ / પરમાર્થ :** ભિન્ન-ભિન્ન પ્રકારની ઉપમાઓથી આચાર્યશ્રીનું ભક્તહૃદય પ્રભુના ચરણોમાં નતમસ્તક બનીને પોતાની અલ્પશક્તિનું આખ્યાન કરે છે.

આચાર્યશ્રી નમ્રતા અને વિનયથી કહે છે કે તેઓ જ્ઞાનીજનો પાસે બાળક સમાન છે. તેમની અલ્પમતિ હોવા છતાં હૃદયમાં પાર્શ્વપ્રભુ પ્રત્યે અથાગ શ્રદ્ધા, અનુપમ ભક્તિ અને અત્યંત અહોભાવ છે. સ્તુતિ કરવા તત્પર બન્યા છે તેમાં હૃદયની ભાવના અને ભક્તિ મુખ્ય કારણ છે. તેમને શ્રદ્ધા છે કે પાર્શ્વનાથ ભગવાનની અચિંત્ય શક્તિના પ્રભાવે સ્તુતિ કરવાની તેમની ભાવના પૂરી થશે. સ્તુતિકાર વિદ્વાન હોવા છતાં પોતાની લઘુતા બતાવી પરમાત્મા પ્રત્યેની સમર્પણતાની ભાવના પ્રગટ કરે છે.

પાર્શ્વપ્રભુના અસંખ્ય ગુણોને કહેવાની અશક્તિ હોવા છતાં આચાર્યશ્રી સ્તુતિ કરવાનું પ્રયોજન કહે છે કે, હે પ્રભુ ! હું જડ આશયવાળો અર્થાત્ મંદમતિવાળો (મંદબુદ્ધિ) છું છતાં પણ ભક્તિના વશથી તમારું સ્તોત્ર રચવા તત્પર બન્યો છું.

પોતે પ્રખર પંડિત હોવા છતાં, અત્રે સિદ્ધસેન દિવાકરસૂરિજી તેમની સરખામણી બાળક સાથે કરીને પોતાની લઘુતા પ્રગટ કરે છે. બાળક જેમ મહાસાગરના અસીમ વિસ્તારને પોતાના બે નાનકડા હાથોથી દર્શાવે છે તે જ પ્રમાણે હું તમારા ગુણોનું વર્ણન અને સ્તુતિ મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે કરીશ. આમ કહીને આચાર્યશ્રી તેમના અંતરમાં પ્રભુભક્તિની જે અદ્‌ભુત સરવાણી વહી રહી છે તેની શક્તિ વડે પોતે પાર્શ્વપ્રભુનું સ્તવન (કલ્યાણમંદિર સ્તોત્ર) રચશે એવી અનન્ય શ્રદ્ધા પ્રગટ કરીને સઘળું શ્રેય પ્રભુને આપે છે.

વળી, બાળકનું મહાસાગરના અસીમ વિસ્તારને બતાવતું આ નિર્દોષ નિદર્શન મોટેરાઓને મહાસાગરના અફાટ વિસ્તારની સાચી સમજ આપવા ઉપરાંત બાળકની ચાતુરીથી પ્રસન્ન કરે છે. તે જ પ્રમાણે, હે પ્રભુ ! આપના અપાર ગુણોની સમજણ મારી આ કાલીઘેલી સ્તુતિથી લોકોના હૃદયમાં અવશ્ય આવશે તેમ જ આ રૂડી સ્તુતિથી સામાન્ય જનસમૂહ આનંદિત પણ થશે.

સમુદ્રને જોઇને આનંદિત થવાથી બાળકને તેનું માપ, પોતાની બાળબુદ્ધિ પ્રમાણે કાલીઘેલી ભાષામાં બતાવતા કોઇ નાનમ કે ક્ષોભ અનુભવાતો નથી. બસ એવી જ ભૂમિકામાં રહેલ કવિ આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિ પણ કહે છે કે ભલે અલ્પમતિવાળો હોઉં તો પણ પ્રભુભક્તિથી હું પ્રેરાઉં છું. ભલે તે બાળચેષ્ટા લાગે પણ ભક્તહૃદયની ગંગોત્રીમાંથી નીકળેલ તે પ્રભુસ્તુતિરૂપ ગંગા શોભા અને પ્રશંસાને પાત્ર થશે. આમ અશક્ય છતાં ભક્તિભાવથી સરળહૃદયી ભક્તને શક્તિ અનુસાર સ્તુતિ કરવામાં સ્વ-પર પારમાર્થિક લાભ જ છે.

એક નાનું બાળક સમુદ્રની વિશાળતાથી પ્રભાવિત થઇને, તેનો વિસ્તાર દર્શાવવા પોતાની મતિ અનુસાર ઉદ્યમી થાય છે, અને એમ કરવામાં પોતાના બે નાના હાથોનો સાધન તરીકે ઉપયોગ કરે છે. પોતે જેટલા અંશે બાહુ ફેલાવી શકે તેટલા ફેલાવીને, સમુદ્રની વિશાળતા અન્યને દર્શાવે છે ત્યારે પોતાની મર્યાદા કે અશક્તિના ખ્યાલથી તે બાળક ક્ષોભ (સંકોચ) પામતું નથી. ઉલટાનું પોતે જે વર્ણવવા ઇચ્છે છે તેને કાંઇક ફલિતાર્થ થતું જોઇને તે બાળક આનંદ તથા સંતોષ અનુભવે છે.

આ બાબતે આચાર્યશ્રીની પરિસ્થિતિ પણ કેટલાક અંશે તે બાળક જેવી છે. બાળક સમુદ્રની વિશાળતા અને ક્ષિતિજ સુધીનો વિસ્તાર જોઇને સાનંદાશ્ચર્ય પામે છે અને એવો ઉલ્લાસ અનુભવે છે કે તે તેને છુપાવી શકતો નથી, કહ્યા વિના રહી શકતો નથી અને પ્રગટ કર્યે જ સંતોષ પામે છે, પછી ભલે ને તેની પાસે બે નાનકડા હાથ અને નિર્દોષ ચહેરો જ સાધન તરીકે હોય.

પાર્શ્વ પ્રભુ સાગર જેવા મહાન છે, ગંભીર છે અને પોતે પેલા નાના બાળક જેવા છે એવું બતાવી આચાર્યશ્રી બે વચ્ચેની જ્ઞાનદશાનો તફાવત દર્શાવે છે. બાળક અને સમુદ્ર વચ્ચે જેવો તફાવત છે તેવો ભક્ત અને પ્રભુ વચ્ચે છે. તેથી પોતે પ્રભુના ગુણોને વર્ણવવા માટે વાણી સાધનરૂપે સ્વીકારીને તેને ન્યાય/તર્કયુક્ત કહે છે. બાળક બાહુ (અને ચહેરા) ને સાધન બનાવે છે, જ્યારે આચાર્યશ્રી વાણી (તથા અલંકાર, કાવ્યકળા, શબ્દરત્નો) ને સાધન કરે છે.

અહીં બાળક અને આચાર્યશ્રી વચ્ચે એક તફાવત છે : બાળકને પોતાની શક્તિની અલ્પતા અને મર્યાદાનું ભાન નથી, જ્યારે સિદ્ધસેન દિવાકર સૂરિજીને પોતાની મર્યાદાનું ભાન વર્તે છે.

અહીં એક પ્રશ્ન ઉદ્‌ભવી શકે કે બાળક તો પોતાની મર્યાદા જાણતું નથી તેથી સમુદ્રની વિશાળતા દર્શાવવાની ચેષ્ટા કરે છે, પરંતુ આચાર્યશ્રી તો પોતાની મર્યાદા સ્પષ્ટપણે જાણતા-અનુભવતા છતાં કેમ પ્રભુના ગુણો વર્ણવવાની ચેષ્ટા કરે છે ? તેનું સમાધાન અને રહસ્ય એ છે કે તેમના ભક્તહૃદયમાં પ્રભુ ભક્તિ, સમર્પણતા અને પ્રભુમહિમાની શ્રદ્ધા છે. પ્રભુના અસંખ્ય (ખરેખર તો અનંત) ગુણોનો પ્રભાવ, વિશાળતા અને ગંભીરતા આચાર્યશ્રીને સ્પર્શી ગયા છે.

બાહ્યસમૃદ્ધિ અને વિશાળતા જોનાર બાળક સમુદ્રથી કેટલો બધો આકર્ષાય છે ! એ જ રીતે પ્રભુના બાહ્ય ઐશ્વર્યથી અત્યંત પ્રભાવિત થયેલ આચાર્યશ્રી પ્રભુના હૃદયમાં રહેલા રહસ્યો અને જ્ઞાનના જ્ઞાતા

કાળાંતરે થશે. આચાર્યશ્રી જેવા સાચા ભક્ત-મુમુક્ષુ જ પ્રભુના જ્ઞાનના રહસ્યો સમજી શકે.

**ઉદ્યત** માં સામાન્ય પુરુષાર્થ (ઉદ્યમ) છે, જ્યારે **અભ્યુદ્યત** માં ઉત્તમ નિમિત્ત તથા વિશિષ્ટ પુરુષાર્થ છે. તેમાં આધ્યાત્મિક જાગરણ પ્રવાહિત થાય છે. આચાર્યશ્રીનો ઉદ્યમ વિશિષ્ટ કોટિનો છે, જેથી 'કલ્યાણમંદિર' જેવા મહાન સ્તોત્રનું નિર્માણ થયું. આ એક પ્રકારની ઉત્તેજના છે કે જે જીવને ઈશ્વરભક્તિમાં રમણતા કરાવે છે. આચાર્યશ્રીનો આ અભ્યુદ્યત પુણ્યમય અને ભક્તિમય હોવાથી તેમની પોતાની ભક્તિ સાથે સાથે 'કલ્યાણમંદિર' જેવા મંગલમય સ્તોત્રનું પ્રદાન કરીને સમાજકલ્યાણ કરેલ છે.

ખરેખર તો બાળભાવ જ જીવાત્માની સામાન્ય સ્થિતિ છે. દુન્યવી પદાર્થોનો મન પર પ્રભાવ ન પડવા દઈને ઈશ્વરીય ભાવોમાં રહેવું તે ભક્તિ છે. આ જ નિર્મળ જ્ઞાનનો આદર્શ છે અને આ જ નિર્દોષ સ્થિતિ છે. તેને જ બાળભાવ કહ્યો છે.

પરમાત્માના ગુણોનો અનંત વિસ્તાર જોઇને બાલાત્મા મુગ્ધ બની ગયો છે અને હવે તે જ્ઞાન અને ક્રિયારૂપી બન્ને હાથ ઉંચા કરે છે. નિર્દોષભાવથી ભક્તિના ચરમબિંદુને સ્પર્શ કરે છે. આ બાળક જ નિર્દોષ શુદ્ધ ચૈતન્યપિંડ આત્મા છે. નિર્દોષતા એ જ આ શ્લોકનો આધ્યાત્મિક સંપુટ છે.

**ઉત્થાનિકા :** યોગસાધક મહાત્માઓનો સમૂહ પણ પ્રભુના ગુણાખ્યાન કરવામાં સમર્થ નથી તો મારું શું ગજું ? એ પ્રકારે હવે પછીના છઠ્ઠા શ્લોકમાં આચાર્યશ્રી લઘુતા દર્શાવે છે. પક્ષીઓના ગુંજારવનું પ્રાકૃતિક દષ્ટાંત મધુરતા અને સ્વાભાવિકતા આપે છે.

અંતમાં સર્વ જીવ નિર્દોષ બાળભાવે પ્રભુભક્તિ કરીને આત્મશુદ્ધિ કરે એવી મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## શ્રી દેવચંદ્રજી ચોવીસી .....

(પાના નં. ૧૮ પરથી ચાલુ...)

સમાન નિર્મળ પરમ પરમાત્મપદને પ્રાપ્ત થઈ સર્વોત્કૃષ્ટ સિદ્ધિરૂપ સિદ્ધપદમાં પોતાના જ અનંત સુખનો ભોગવટો કરે છે.

શ્રી દેવચંદ્રજીએ ફરી એકવાર આ સ્તવનમાં તાત્ત્વિક ભક્તિનો પરિચય કરાવ્યો. ભક્તિ તો મુખ્યપણે પ્રભુના ગુણોની જ કરવાની હોય તે હેતુથી દેવચંદ્રજીએ પ્રભુના અનંત ગુણોમાંથી કેટલાક વિશિષ્ટ પ્રકારના પ્રભુના સામાન્ય અને વિશેષ ગુણોનો પરિચય કરાવ્યો. ખરેખર તો દેવચંદ્રજીનો ઉપકાર એટલા માટે માનવો જોઇએ કે જે ગુણો કેટલાક ગહન શાસ્ત્રોના અભ્યાસથી જ જાણવા મળે તે આ સ્તવનના આધારે આપણને સહેલાઈથી જાણવા મળ્યા. જો કે ગાથા ૨ થી ૫ માં દર્શાવેલ ગુણોનું સ્વરૂપ થોડું સૂક્ષ્મ હતું, પરંતુ શ્રીમદ્‌જીએ પત્રાંક-૧૦૫ માં કહ્યા મુજબ આપણે 'સદૈવ સૂક્ષ્મ બોધના અભિલાષી' થઈને 'મહાવીરના બોધને પાત્ર' તો થવું જ જોઈએ ને ? આવો સૂક્ષ્મ બોધ પ્રસ્તુત કરતાં દેવચંદ્રજીએ 'અભિલાપ્યતા', 'નિરવયવતા', 'અક્રિયતા', 'પ્રાગ્‌ભાવતા' આદિ ગુણો પ્રકાશમાં લાવીને આવા ગુણોના ધારક એવા પ્રભુ જેવા આપણા જ આત્માનું અચિંત્ય માહાત્મ્ય આપણા હૃદયમાં સ્થાપ્યું. અગમ, અગોચર આત્મતત્ત્વને આ રીતે જેટલી બને તેટલી મહાવીરની અનેકાંતદષ્ટિએ સમજીએ તો બીજા એકાંતમાર્ગી દર્શનોની ગેરસમજણથી આપણે બચી જઇએ. આમ સુંદર તત્ત્વજ્ઞાન પીરસીને તુરત સ્તવનને છઠ્ઠી ગાથાથી ભક્તિમાર્ગમાં વળાંક આપી દેવચંદ્રજીએ આવા અનંત ગુણોના સ્વામી એવા શ્રી ધર્મનાથ ભગવાનની ઉલ્લાસપૂર્વક ભક્તિ કરાવી તેમના જેવા બનવાનો માર્ગ ઉઘાડી આપ્યો. આવા અનંત ઉપકાર માટે શ્રી દેવચંદ્રજીને તથા શ્રી ધર્મનાથ પ્રભુને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. શ્રી દેવચંદ્રજીના આશયથી કંઇપણ વિપરીત લખાયું હોય તો સર્વ જ્ઞાનીપુરુષ સમક્ષ ક્ષમાયાચના કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અભિવંદના

# મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય

ગુણવંત બરવાળિયા

સૂર્યના સૌમ્ય કિરણો રાત્રિના અંધારાને દૂર કરી નગરી પર પ્રકાશનું આધિપત્ય જમાવી રહ્યા છે. પ્રભાતના રમ્ય વાતાવરણમાં, જ્યોતિષ વિદ્યાના પ્રખર વિદ્વાન છાયાશાસ્ત્રી વિદ્યાપાળ અને તેના મિત્ર હર્ષદત્ત ચાલી રહ્યા હતા. શાંત વાતાવરણમાં મૌન તોડતા હર્ષદત્તે કહ્યું, 'મિત્ર ! થોડી ક્ષણો પહેલા આ માર્ગ પરથી કોઇ મહાન વ્યક્તિ પસાર થઇ હોવી જોઇએ.'

'મિત્ર શા કારણે આમ કહે છે ?' વિદ્યાપાળે પ્રશ્ન કર્યો. 'કોયલના ટહુકો અને ખળખળ વહેતા ઝરણાંના સંગીતનું સામંજસ્ય, મલયાનિલને સુગંધિત બનાવતી ફૂલોની પરાગ, સામેની એક તલાવડીમાં સિંહ અને હરણ બંને સાથે પાણી પી રહ્યા છે, એક જ વૃક્ષની છાયામાં સાપ અને નોળિયો વિશ્રામ કરી રહ્યા છે. માર્ગ નિષ્કંટક છે. મિત્ર ! કોઇ દિવ્ય પુરુષના પરમાણુની ઉપસ્થિતિની અનુભૂતિ કરાવે છે. વાતાવરણનું માધુર્ય અને પ્રસન્નતાની પ્રતીતિ કરાવે છે.' અધ્યાત્મ સાધનામાં મસ્ત રહેતા ધર્મનિષ્ઠ હર્ષદત્તે વાત પૂરી કરી.

નતમસ્તક ચાલી રહેલા પંડિત છાયાશાસ્ત્રી નીચે રસ્તા પર જોઇ દંગ થઇ ગયા, થંભી ગયા અને બોલ્યા કે મિત્ર તારી વાતમાં તથ્ય લાગે છે, જો આ પગલા ! કોઇ સમ્રાટના પગલા ... ! સામુદ્રિક લક્ષણ પ્રમાણે એક ચક્રવર્તી સમ્રાટના પગલા જ હોય. પરંતુ પંડિત વિદ્યાપાળ ક્ષણિક ચમક્યા અને પછી બોલ્યા 'ચક્રવર્તી સમ્રાટ.... એકલા.... અને ખુલ્લે પગે.... જો સમ્રાટ જતા હોય તો તેની સાથે પરિવાર, સેવકો કે સેના પણ હોય. પરંતુ આ પગલા તો એક જ વ્યક્તિના છે મિત્ર ! શું મારી જ્યોતિષવિદ્યા મને દગો દઇ રહી છે ? શું આ ઉંમરે મારી બુદ્ધિ નષ્ટ થઇ રહી છે. ?'

હર્ષદત્ત કહે, 'ના, મિત્ર નિરાશ ન થા, મને તારી જ્યોતિષ વિદ્યામાં શ્રદ્ધા છે' બન્ને મિત્ર પેલા પગલાનું અનુસરણ કરતાં આગળ ચાલ્યા. આ પગલા રાજગૃહી નગરના ગુણશીલ ચૈત્ય ઉદ્યાનમાં કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાન કરી રહેલા એક સાધક પાસે સમાપ્ત થયાં.

ખિન્ન વદને વિદ્યાપાળ બોલ્યા, 'હર્ષ ! ક્યાં છે સમ્રાટ ? અહીં તો એક ભિક્ષુક... !'

હર્ષવિભોર હર્ષદત્ત બોલ્યા, 'વિદ્યાપાળ ! તારી વિદ્યાને ગૌરવ અપાવે એવી આ ઘટનાની વાત સાંભળ. જેમના મુખારવિંદ પર પ્રશમભાવો રમી રહ્યા છે, તેવા કલ્યાણ મિત્ર આ ભિક્ષુક બીજા કોઇ નહીં, પરંતુ સ્વયં ભગવાન મહાવીર છે.'

'આંતરકર્મો સામે દારુણ યુદ્ધ કરી વિજય મેળવનાર ચક્રવર્તી છે. અષ્ટકર્મના કાલીનાગને સંયમના શસ્ત્રોથી એમણે જીતી લીધા છે. નિર્વિકલ્પ ધ્યાનરૂપી પિતાના ખોળામાં તેઓ ઊભા છે. તે અહિંસારૂપી અષ્ટપ્રવચન માતાની નિશ્રામાં છે. બ્રહ્મચર્ય રૂપી ભાઇ, અનાસક્તિરૂપી બહેનને એમનું સદૈવ સાન્નિધ્ય છે. શાંતિરૂપી પ્રિયતમા એમના જીવનમાં અભિપ્રેત છે. વિવેકરૂપી પુત્ર અને ક્ષમારૂપી પુત્રી તેમની સાથે જ હોય છે. અનેકાંત તેમનો મંત્રી છે.'

'રાજાની સેનાને એક નિશ્ચિત સીમા હોય, પરંતુ પ્રભુના આભામંડળમાંથી નીકળેલા દિવ્ય કિરણો લોકોના કલ્યાણનું કારણ બની જાય, અકારણ કરુણા કરનારા આ યુગપુરુષના ઉચ્ચ પુણ્ય અને તીર્થંકરના અતિશયોની અસરને કારણે તેમની ઉપસ્થિતિથી ચોપાસ વૈર વિખવાદ મટે, રોગ ન હોય, દુષ્કાળ ન હોય, માલાકૌસ રાગમાં પ્રવાહિત થતી તેમની પાવન

વાણી સૃષ્ટિના તમામ જીવો પોતાની ભાષામાં સમજી અને સ્વનું કલ્યાણ સાધી શકે.'

'એમની શુભ તરંગોની સેના જ ચારે બાજુ સુરક્ષા કરી શકે છે. એમનું ધરમચક્ર સર્વત્ર આનંદ, શાંતિ અને માધુર્ય ફેલાવતું રહે છે. તેમને સ્પર્શેલું વાયુ-મંડળ સર્વત્ર પવિત્રતા અને ચંદન જેવી શીતળતા પ્રસરાવે છે. સંસારના તમામ સામ્રાજ્ય કરતાં આ સામ્રાજ્ય ઉત્કૃષ્ટ છે. કોઇ પણ વ્યક્તિ સાથે લડાઇ નથી કરી, હિંસા નથી કરી છતાં હૃદય સિંહાસન પર રાજ્ય કરનારા આ રાજાનું જ વાસ્તવિક રાજ્ય છે કારણ કે આ સામ્રાજ્યમાં હિંસા નથી, ચોરી નથી, અબ્રહ્મ નથી. જૂઠ નથી અને પરિગ્રહ નથી. અહીં સત્યના સિંહાસન પર અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહને રાજતિલક કરાયું છે.'

હર્ષદત્તે જ્યારે વાત પૂરી કરી ત્યારે બંને મિત્રોએ ભગવાનના શ્રીચરણોમાં ભાવપૂર્વક વંદના કરી અને છાયાશાસ્ત્રી વિદ્યાપાળે કહ્યું, 'હવે મને સમજાયું કે સામુદ્રિક લક્ષણો માત્ર બાહ્ય ચિહ્નો કે સંકેતો પર આધારિત નથી હોતા. માનવીની આંતરિક લાક્ષણિકતાઓમાં અગણિત સંભાવના છુપાયેલી પડી હોય છે. આજે હું ભગવાન મહાવીરના આંતર વૈભવના ઘૂઘવતા સાગરના પ્રચંડ મોજાંઓ નિહાળી રહ્યો છું. મિત્ર ! આજે મારી જ્યોતિષ વિદ્યા સાથે જ સાર્થક થઇ. આજે મને સાચા સમ્રાટનું દર્શન થયું. પંચમહાવ્રતનું માહાત્મ્ય સમજાયું.'

પ્રણામ હો અનેકાંત દષ્ટાને ! વંદન હો મંગલમય કરુણાના દિવ્ય સામ્રાજ્યને !

- સમ્યક્ત્વને પામીને તમે ગમે તે ધર્મશાસ્ત્ર વિચારો તો પણ આત્મહિત પ્રાપ્ત થશે.
- જો જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.
- પરહિત એ જ નિજહિત સમજવું.
- દુર્જનતા કરી ફાવવું એ જ હારવું એમ માનવું.

## દિવાળી પર્વ : પ્રકાશનું પર્વ ....

(પાના નં. ૨૮ પરથી ચાલુ...)

અને તાજગી ભરે છે. નૂતન વર્ષ મનનો અંધકાર ધોઇ નાખીને અંતરને અજવાળીને, વેર-ઝેર ભૂલીને પરસ્પર સદ્‌ભાવ-શુભેચ્છા પાઠવીને આપણે એકબીજાના જીવનમાં મધુરતા અને સુગંધ પ્રસરાવીએ, ઉજાસ પાથરીએ, મીઠાશની લ્હાણી કરીએ અને કરાવીએ. નૂતન વર્ષે ગોવર્ધન પૂજાનો મહિમા છે, ગોધનની પૂજા પણ કરાય છે.

કારતક સુદ-બીજ એટલે ભાઇબીજ. ભાઇબીજના દિવસે સ્ત્રી તરફ સન્માનથી જોવાની દૃષ્ટિ કેળવવાની છે અને ભાઇના નિર્વ્યાજ સ્નેહથી સમસ્ત સ્ત્રી જાતિને બહેન તરીકે સ્વીકારવાની છે. જૈન દૃષ્ટિએ આ દિવસ એટલે વીર પ્રભુના નિર્વાણને લીધે તેમના મોટાભાઇ નંદિવર્ધને તે દિવસે ઉપવાસ કર્યા અને બીજના દિને તેમની બહેન સુદર્શનાને ત્યાં પારણું કર્યું. ત્યારથી ભાઇબીજનો તહેવાર ઉજવાય છે.

દિવાળીનો દિવસ ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણક અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાન કલ્યાણકનો પવિત્ર દિવસ છે. આ દિવસે જૈનો રાત્રિએ ધર્મની આરાધના કરે છે. આ રીતે દિવાળી એ આત્માના જાગરણનું પર્વ છે.

દિવાળી પર્વની ઉજવણીથી આપણા સૌનું જીવન વધુ જ્ઞાનમય, આનંદમય, પ્રેમમય અને મૈત્રીમય બની રહે તેવા વિચાર, વાણી અને વર્તન હો. મનુષ્યભવ સાર્થક થાય એવા સત્કાર્યો અને સદ્‌ભાવના ભાવીએ,અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનપ્રકાશ પ્રજવલિત કરીએ, સૌનું જીવન જ્યોતિર્મય બને અને બધામાં મૈત્રીભાવરૂપી દીપકનું પ્રાગટ્ય થાય, ધર્મઆરાધનામાં વૃદ્ધિ થાય એવી સૌને મંગલકામના.

દિ'વાળે તે દિવાળી. દિ' ત્યારે વળે જ્યારે અહં ગળે, અહં ત્યારે ગળે જ્યારે સાચી અર્હમ્ ભક્તિમાં મન ભળે. એવી સાચી અર્હમભક્તિ કરીએ. સહુ સાચી દિવાળી ઉજવતા થાઓ ! સર્વત્ર જ્ઞાનનો પ્રકાશ વિસ્તરો ! સર્વના હૃદયમાં દયાના દીવા પ્રગટો !

# હોવું એ જ ધ્યાન

ચંદ્રહાસ ત્રિવેદી

ઝેન પંથમાં બોકાઈ નામના એક સંત થઈ ગયા. જ્ઞાન - ધ્યાનમાં તેઓ સારા એવા આગળ વધેલા હતા. નગરની વસ્તીથી દૂર તેમનો મઠ આવેલો હતો. તેમાં પાંચસો ભિખ્ખુઓ રહેતા હતા અને બોકાઈના માર્ગદર્શન હેઠળ સાધના કરતા હતા. બોકાઈ અગમ - નિગમની વિદ્યાઓના જાણકાર છે એવી વાત પણ લોકોમાં ચર્ચાતી હતી. તેથી દેશ - પરદેશથી પણ કેટલાક જિજ્ઞાસુઓ મઠની મુલાકાતે આવતા હતા. મઠની કીર્તિ વિશેની વાતો સાંભળીને જાપાનના સમ્રાટને પણ મઠની મુલાકાત લેવાનું અને બોકાઈને મળવાનું મન થયું. તેમણે પોતાનો ખાસ દૂત મોકલીને બોકાઈને પોતાની ઈચ્છા જણાવી અને પોતાની મુલાકાત માટે દિવસ અને સમય નક્કી કર્યાં. અગાઉથી નક્કી કરેલા દિવસે અને સમયે સમ્રાટ બોકાઈના મઠમાં આવી પહોંચ્યા. મઠના પ્રાંગણમાં બોકાઈએ તેમનું સ્વાગત કર્યું. ઔપચારિક સ્વાગત થઈ ગયા પછી સમ્રાટ બોકાઈની સાથે મઠ જોવા માટે નીકળ્યા.

બોકાઈ સમ્રાટની સાથે રહીને ફરી ફરીને સમ્રાટને મઠ બતાવતા જાય અને મઠમાં થતી વિવિધ પ્રવૃત્તિઓથી તેમને અવગત કરાવતા હતા. બોકાઈએ સભાખંડ બતાવ્યો, મુખ્ય મંદિર બતાવ્યું, અતિથિગૃહ બતાવ્યું, ગ્રંથાલય અને અભ્યાસખંડ બતાવ્યા. ત્યાર પછી ભિખ્ખુઓના આવાસો બતાવતાં તેમની સાધના વિશે બોકાઈએ સમ્રાટને વાત કરી. સમ્રાટ બોકાઈ સાથે ફરીને બધી વ્યવસ્થા રસપૂર્વક જોતા હતા ત્યાં તેમની નજર જરા ઓતાડે આવેલા એક મંદિર જેવા દેખાતા મકાન ઉપર પડી. સમ્રાટે તે તરફ આંગળી ચીંધીને બોકાઈને પૂછ્યું, ''આ મંદિર જેવું શું છે?ત્યાં શું પ્રવૃત્તિ થાય છે?''પણ બોકાઈ જાણે પ્રશ્ન સાંભળ્યો જ ન હોય તેમ આગળ વધતા ગયા અને મઠની દૂર દૂર પથરાયેલી જગ્યા વિશે વાત કરતા રહ્યા. પેલા મંદિર જેવા એકાંત સ્થળ વિશે તેઓ કંઈ જ ન બોલ્યા.

સમ્રાટને લાગ્યું કે સંત બોકાઈએ કદાચ મારો પ્રશ્ન નહીં સાંભળ્યો હોય તેથી તેમણે થોડીક વાર પછી તે સ્થળ બતાવતાં બોકાઈને પૂછ્યું, ''પેલું દૂર ખૂણામાં મંદિર જેવું કંઈક દેખાય છે તે સ્થળે તમે શું કરો છો?''

બોકાઈએ વાતને વાળી લેતા હોય તેમ કહ્યું, ''ત્યાં તો કંઈ થતું નથી. ભિખ્ખુઓ વખત - બેવખત ત્યાં રહે છે. ત્યાં કંઈ નથી.''

સમ્રાટને ઉત્તરથી સંતોષ ન થયો એટલે તેમની ઈંતેજારી વધી ગઈ. તેમણે વાતને વળ આપતાં કહ્યું, ''પણ ભિખ્ખુઓ ત્યાં જઈને કરે છે શું?''

બોકાઈએ ટૂંકમાં ઉત્તર આપ્યો, ''કંઈ નહીં'' અને તેમણે મઠની જગામાં આગળ વધતાં બીજી બધી વાતો કરવા માંડી. છેવટે તેઓ મઠના વ્યવસ્થાકક્ષમાં આવી પહોંચ્યા. ત્યાં થોડીક ઔપચારિક વાતચીત કરીને સમ્રાટ પાછા જવા માટે નીકળ્યા. બોકાઈ સમ્રાટને મઠના મુખ્ય દ્વાર સુધી વળાવવા માટે ગયા. સમ્રાટે વિદાય લેતી વખતે જરા કટુતાથી બોકાઈને કહ્યું, ''મને એ વાતનો ખેદ છે, તમે મને પેલી મંદિર જેવી જગા વિશે કંઈ કહ્યું નહીં અને તમે મને ત્યાં લઈ પણ ન ગયા. શક્ય છે કે ત્યાં તમારી કોઈ ગૂઢ સાધના થતી હશે. તેથી તમે મને એ સ્થળથી દૂર રાખ્યો હશે અને ત્યાં શું થાય છે તેની પણ વાત નહીં કરી હોય.''

બોકાઈને લાગ્યું કે સમ્રાટ અકારણ નારાજ થઈ રહ્યા છે અને ગેરસમજ વધી રહી છે તેથી વાતને

સુધારી લેવા કહ્યું, ''ત્યાં કંઈ જોવા - જાણવા જેવું નથી તેથી અમે મહેમાનને ત્યાં લઈ જતા નથી. ત્યાં અમારા ભિખ્ખુઓ જતા-આવતા રહે છે. અમે પણ પ્રયોજન વગર ત્યાં જતા નથી. આમ તો તે કક્ષ બધા માટે રાત - દિવસ ખુલ્લો જ રહે છે.''

સમ્રાટના મનમાંથી તે સ્થળ ખસતું ન હતું. એટલે તેમણે વાતનો તંત પકડતાં કહ્યું, ''ત્યાં જઈને ભિખ્ખુઓ કરે છે શું? કંઈક તો કરતા હશે ને? ખાલી તો નહીં જતા હોય ને!''

બોકાઈએ જરા લાચારી બતાવતાં કહ્યું, ''સમ્રાટ, હું તમને શું કહું? ત્યાં ભિખ્ખુઓ કંઈ જ કરતા હોતા નથી. કેવળ ખાલી જ બેઠા હોય છે.''

સંત બોકાઈ વિચક્ષણ હતા. તેમને લાગ્યું કે વાત તાત્ત્વિક છે પણ જો તે નહીં કહું તો સમ્રાટના મનમાં મઠ વિશે ખોટો ખ્યાલ બંધાશે. મઠ માટે તે ઠીક નહીં થાય. તેમણે સમ્રાટને કહ્યું, ''એ સ્થળે કોઈ ખાનગી પ્રવૃત્તિ થતી નથી. ત્યાં કોઈ ગૂઢ સાધના પણ થતી નથી. મેં આપને જે કંઈ કહ્યું તે બધું અક્ષરશઃ સાચું છે પણ આપના મનમાં સંદેહ રહી જાય છે માટે આપ પાછા ફરો. હવે તમે એ કક્ષને જોઈને જ જવાનું રાખો.''

સમ્રાટે ઔપચારિક વિવેક કરતાં કહ્યું, ''એવી કંઈજ જરૂર નથી. પણ હવે તમે કહો છો તો ચાલો એ સ્થળ પણ જોઈ લઈએ, જેથી મન હળવું થઈ જાય.'' અને સમ્રાટ પાછા વળ્યા.

બોકાઈ સમ્રાટને લઈને છેવાડે આવેલી તે જગ્યા ઉપર પહોંચ્યા. ત્યાં જતાં પહેલાં બોકાઈએ સમ્રાટને સંપૂર્ણ મૌન રાખવા કહી રાખ્યું હતું. ત્યાં એક સાદો સ્વચ્છ ખંડ હતો. બોકાઈએ હળવેથી ખંડનું બારણું ખોલ્યું. ખંડમાં મહાત્મા બુદ્ધની એક ધ્યાનસ્થ પ્રતિમા હતી. નજીકમાં પ્રગટાવેલા ચાર દીવાઓની ઝળહળ થતી જ્યોતમાંથી ખંડમાં મંદ પ્રકાશ રેલાતો હતો. થોડીક વારે નજર કરતાં સમ્રાટે જોયું તો ચાર - છ ભિખ્ખુઓ અહીં તહીં ધ્યાનસ્થ થઈને બેઠેલા હતા. થોડીક વાર ત્યાં ઊભા રહ્યા પછી બોકાઈ અને સમ્રાટ નીકળી ગયા.

બહાર આવ્યા પછી બોકાઈએ સમ્રાટને કહ્યું, ''આ અમારો ધ્યાનકક્ષ છે. અહીં કંઈ કરવા કે કરાવવામાં આવતું નથી. અહીં પ્રવૃત્તિ માત્રનો નિષેધ છે. આપ મને પૂછ્યા કરતા હતા કે આ જગ્યાએ શું થાય છે? હું તેનો શું ઉત્તર આપું? તેથી હું એ વિશે મૌન રહેતો હતો. આપને લાગ્યું કે હું કંઈ છુપાવું છું.''

સમ્રાટ બોલ્યા, ''આ ભિખ્ખુઓ.....'' અને તેમણે વાત અડધેથી છોડી દીધી.

બોકાઈએ કહ્યું, ''સાધનામાં આગળ વધેલા ભિખ્ખુઓ કોઈ પણ સમયે અહીં આવીને ધ્યાનમાં રહે છે. ઠીક લાગે તેટલો સમય ધ્યાનમાં રહે અને પૂર્ણ થતાં ઊઠીને ચાલ્યા જાય. અહીં ધ્યાનની કોઈ વિધિ કરાવવામાં આવતી નથી. વાસ્તવમાં અહીં ધ્યાન કરવાનું હોતું નથી, પણ **ધ્યાનમાં કેવળ હોવાનું હોય છે. આ ધ્યાન સ્વયંસિદ્ધ હોય છે.** જેઓ ધ્યાનમાં હોય તેમને કંઈ વિક્ષેપ ન થાય તેથી અમે અહીં કોઈને લાવતા નથી. અમે પણ ધ્યાનમાં ન હોવું હોય તો અહીં આવતા નથી.'' બોકાઈની વાતથી સમ્રાટને સંતોષ થયો હોય તેમ લાગ્યું અને તેમણે વિદાય લીધી.

ધ્યાનની ઊંચી કક્ષાની આ વાત છે. આપણે કંઈક કરવાની જ ભાષા જાણીએ છીએ એટલે હોવાની વાત આપણી સમજમાં આવતી નથી. આપણે કંઈ કરવામાં ,કંઈક થવામાં ક્યાંક પહોંચવામાં માનીએ છીએ પણ હોવાનો ફક્ત હોવાનો આનંદ જાણતા નથી. તૃષ્ણા કે તૃપ્તિના કોઈ તરંગ વિના કેવળ હોવું એ પણ ધ્યાન છે. ધ્યાનના આ શિખર સુધી બહુ ઓછા સાધકો પહોંચે છે.

● ● ●

# દિવાળી પર્વ : પ્રકાશનું પર્વ

**કનુભાઈ લ. શાહ**

ભારત પર્વો અને ઉત્સવોનો દેશ છે. તેનું કારણ એ છે કે આ દેશમાં વિવિધ રાજ્યોમાં અનેકવિધ જાતિઓ પોતપોતાના ઉત્સવ, આનંદ અને ઉલ્લાસથી ઉજવે છે. દરેક ઉત્સવમાં ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે.

દરેક પર્વ કંઈક ને કંઈક નવી પ્રેરણા અને સંદેશો આપતું હોય છે. દિવાળીનો તહેવાર પ્રકાશ વર્ષ તરીકે ઉજવાય છે. એક દીપથી અનેક દીપ પ્રગટાવી એમાંથી ઉદ્ભવતા પ્રકાશ દ્વારા ઈશ્વરનું સર્જન એવી રીતે સૃષ્ટિને સુશોભિત કરવાનું લૌકિક અને આધ્યાત્મિક પર્વ એટલે દિવાળી.

દિવાળીનું સંસ્કૃત સ્વરૂપ "**दिपावली**" છે અને તેનો અર્થ દીવાઓની શ્રેણી એવો થાય છે. જો કે, સામાન્ય રીતે પ્રતિદિન લોકોના ઘરમાં અનેક દીવાઓ થાય છે પણ તેને દિવાળીઓની શ્રેણી કહેવાતી નથી. દિવાળીઓની શ્રેણી તો દિવાળીના દિવસે લાઇનબંધ જે દીવાઓમાં થાય છે તેને જ કહી શકાય.

દીપોત્સવીના પાંચ દિવસો એટલે આસો વદ તેરસ થી કારતક સુદ-બીજ : ૧. ધનતેરસ ૨. કાળી ચૌદસ, ૩. દિવાળી, ૪. નૂતન વર્ષ અને ૫. ભાઈબીજ.

ધનતેરસના દિવસે લક્ષ્મીજીના પૂજનનું વિધાન છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે લક્ષ્મી ચંચળ છે. એક જગ્યાએ વધુ સમય રહેતી નથી. લક્ષ્મી માંગલ્યમાંથી ઉદ્ભવે છે, ચાતુર્યથી વધે છે અને સંયમથી કાયમ વધે છે. ધનતેરસનો બીજો દિવસ એટલે કાળીચૌદસ. આ દિવસ નરકચૌદસ કે રૂપ ચૌદસ તરીકે પણ ઓળખાય છે. આ દિવસે મહાકાલી માતાજીનું પૂજન કરવાનું વિધાન છે. મહાકાલી આસુરી તત્વનો વિનાશ કરી સ્વાસ્થ્ય અને આયુષ્ય આપે છે. આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ નરકાસુરનો વધ કરી એના કારાગૃહમાં કેદ કરાયેલ ૧૬,૦૦૦ કન્યાઓનો ઉદ્ધાર કર્યો હતો. એટલે એને નરકચૌદસ કહેવાય છે.

આસો વદ અમાસ દીપાવલી પર્વનો મુખ્ય હાર્દ સમો દિવસ છે. એ દિવસ વર્ષનો છેલ્લો દિવસ હોવાથી ધામધૂમથી ઉજવાય છે. વેપારીઓ એ દિવસે શારદાપૂજન કરે છે. આગામી વર્ષ વેપારીની દષ્ટિએ ઉત્તમ નીવડે એ માટે મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની પૂજા કરે છે.

આ દિવસે રામચંદ્રજીએ રાવણનો નાશ કરી અયોધ્યામાં પુનઃ પધાર્યા હતા તેની ખુશાલીમાં અયોધ્યામાં ઘેર-ઘેર દીવા પ્રગટાવવામાં આવ્યા હતા અને દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન આવ્યાની આ સ્મૃતિમાં આ દિવાળીનો તહેવાર ઉજવાય છે. દિવાળીના આ દિવસમાં ઘર, દુકાન, બજાર, રસ્તાઓ દીવાઓની રોશનીથી ઝળહળી ઉઠે છે.

જૈન દષ્ટિએ આ પર્વ એ લૌકિક નહીં પણ આધ્યાત્મિક છે. આ દિવાળી પર્વ શ્રી મહાવીર સ્વામી સાથે અભિન્નપણે જોડાયેલ છે. પ્રભુજી મોક્ષે સિધાવ્યા એટલે ભાવદીપકનો ઉચ્છેદ થયો. તેથી પ્રભુજીના ભક્ત એવા ૧૮ દેશના સર્વે રાજાઓએ તે દિવસે દ્રવ્યદીવા કર્યા. ત્યારથી લોકોમાં દિવાળીનું પર્વ શરૂ થયું. તેવી જ રીતે નૂતન વર્ષ સાથે ગૌતમ સ્વામીજીની સ્મૃતિ સંકળાયેલી છે. વિનય ગુણના ભંડારસમા ગૌતમ સ્વામીજીએ પ્રભુ વીરની જેવી ભક્તિ કરી તેવી ભક્તિ કરવાની ભાવના આપણે ભાવવી જોઈએ.

દિવાળીના દિવસે કોડિયામાં દીવા પેટાવી દીધા એટલે દિવાળી થઇ ગઇ એમ માની લેવાથી સાચી દિવાળી નથી થઇ જતી. સાચી દિવાળી તો દિલનો અંધકાર નાશ પામે ત્યારે પ્રગટે છે.

કારતક સુદ-એકમ નૂતન વર્ષનો મંગલ અને શ્રેષ્ઠ દિવસ છે. નૂતન વર્ષ એટલે શુભ સંકલ્પનો દિવસ. આ દિવસે લોકો દેવદર્શન કરી પોતાના સ્નેહીજનોને પ્રેમથી મળે છે અને સંબંધોમાં ઉષ્મા

**(અનુસંધાન પાના નં. ૨૫ પર...)**

# વિશ્વવ્યવસ્થામાં કર્મના સિદ્ધાંતની ભૂમિકા

પારૂલબેન ભરતકુમાર ગાંધી

**પ્રાસ્તાવિક :**

પ્રત્યેક જીવ ચાહે તે પૃથ્વી, પાણી કે વનસ્પતિ, કીટાણુ, પશુ કે પક્ષી અથવા માનવી હોય તાત્ત્વિક દૃષ્ટિએ સમાન છે. એ જ આત્મવિદ્યાનો સાર છે. પરંતુ જ્યારે તત્ત્વતઃ બધા જીવો સમાન હોય ત્યારે તેમાં પરસ્પર વિષમતા શા માટે ? આ પ્રશ્નના ઉત્તર માટે જ કર્મસિદ્ધાંતનો જન્મ થયો. અધ્યાત્મવાદી ભારતીય દાર્શનિક ચિંતનમાં કર્મસિદ્ધાંતનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સુખ-દુઃખ અને જુદા જુદા પ્રકારની સાંસારિક વિચિત્રતાઓના કારણો શોધતા ભારતીય ચિંતકોએ કર્મના સિદ્ધાંતને શોધ્યો. આ સિદ્ધાંતનું સુવ્યવસ્થિત અને સુવિકસિત રૂપ જે જૈનદર્શનમાં મળે છે તે અન્યત્ર ક્યાંય ક્રમબધ્ધરૂપે મળતું નથી.

અન્ય દાર્શનિક પરંપરાઓમાં કર્મને માનવા છતાં પણ તેના ફળની પ્રાપ્તિના કારણમાં યેન-કેન પ્રકારે ઈશ્વરને માધ્યમ માની લેવામાં આવે છે. તેથી વિપરીત જૈનદર્શને ઈશ્વરને સૃષ્ટિની ઉત્પત્તિ, વિનાશ અને કર્મનું ફળ આપનાર ન માનતા સ્વયં જીવને કર્મ કરવાવાળો, કર્મ ભોગવવાવાળો અને તેનાથી મુક્ત થઈ શકનાર માન્યો છે. જીવ અનાદિકાળથી સ્વકૃત કર્મોને વશ થઈને વિવિધ ભવોમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જીવ પોતાના શુભ-અશુભ કર્મોને પરભવમાં સાથે લઈ જાય છે. એક જીવ બીજા જીવના કર્મફળનો અધિકારી ન હોઈ શકે. આ બધી જૈનદર્શન અનુસાર કર્મસિદ્ધાંતની માન્યતા છે.

**જૈનદર્શનમાં કર્મનો સિદ્ધાંત :**

જૈનદર્શનના સંપૂર્ણ ચિંતન, મનન અને વિવેચનનો આધાર આત્મા છે. આત્મા સ્વતંત્ર શક્તિ છે. પોતાના સુખ-દુઃખનો નિર્માતા પણ તે જ છે. આત્મા સ્વયં અમૂર્ત છે, પરમ વિશુદ્ધ છે પરંતુ તે શરીરની સાથે મૂર્તિમાન બનીને અશુદ્ધ દશામાં સંસારમાં પરિભ્રમણ કરે છે. સ્વયં પરમાનંદરૂપ હોવા છતાં પણ જન્મ-મરણના પ્રવાહમાં વહી રહ્યો છે. આશ્ચર્ય થાય છે કે જે આત્મા પરમ શક્તિસંપન્ન છે તે જ દીન-હીન, દુઃખી-દરિદ્રના રૂપમાં સંસારમાં યાતના અને કષ્ટ ભોગવી રહ્યો છે. વાસ્તવમાં તેનું કારણ શું છે ?

જૈનદર્શન અનુસાર - આત્માને સંસારમાં ભટકાવનાર કર્મ છે. કર્મ જ જન્મમરણનું મૂળ છે - पाम्मं च जाई मरणस्स मूलं - ભગવાન મહાવીરનું આ કથન અક્ષરશઃ સત્ય છે, તથ્ય છે. કર્મ સ્વતંત્રરૂપથી કોઈ શક્તિ નથી. તે સ્વયં એક પુદ્ગલ છે, જડ છે, પરંતુ રાગ-દ્વેષને વશ થઈ આત્મા દ્વારા કર્મ કરવાથી તે બળવાન અને શક્તિસંપન્ન બની જાય છે કે જેનાથી કર્તાને તે પોતાના પાશમાં બાંધી દે છે. આપણા જીવન અને જગતના સમસ્ત પરિવર્તનનું મુખ્ય બીજ કર્મ એ હકીકતમાં શું છે ? તેનું સ્વરૂપ શું છે ? તેના પરિણામ કેવા હોય છે ? આ એક ખૂબ જ ગંભીર વિષય છે.

આ ઉપરાંત આત્માની સાથે કર્મનું બંધન કઈ રીતે થાય છે ? તેનું કારણ શું છે ? કયા કારણે કર્મમાં કેવી શક્તિ ઉત્પન્ન થાય છે ? આત્માની સાથે કર્મનો સંબંધ કેટલા સમય સુધી રહે છે ? તેની ઓછામાં ઓછી અને વધુમાં વધુ સમયમર્યાદા કેટલી છે ? કર્મ કેટલા સમય સુધી ફળ દેવામાં કામિયાબ થઈ શકતું નથી ? કર્મનો ફળ દેવાનો સમય બદલી શકાય કે નહિ ? જો તે બદલી શકાય છે તો તેના માટે કેવા આત્માના ભાવો હોવા જરૂરી છે ? કર્મની શક્તિની તીવ્રતાને મંદતામાં અને મંદતાને તીવ્રતામાં પરિવર્તિત કરવાવાળા કયા પ્રકારના આત્મપરિણામ છે ? સ્વભાવથી શુદ્ધ આત્મા પણ કર્મના પ્રભાવે કેવી રીતે મેલો થાય છે અને કર્મના આવરણથી આવૃત

થઈને પણ આત્મા પોતાના મૂળ સ્વભાવથી ચ્યુત શા માટે નથી થતો ? વગેરે કર્મોના બંધ, સત્તા, ઉદયની અપેક્ષા ઉત્પન્ન થવાવાળા સંખ્યાતીત પ્રશ્નોના વિશદ્, યુક્તિસહ, વિસ્તૃત સ્પષ્ટીકરણ જૈન કર્મસાહિત્યમાં જ મળે છે.

જૈન કર્મશાસ્ત્ર અનુસાર કર્મોના આઠ પ્રકાર બતાવ્યા છે, જે નીચે પ્રમાણે છે :

૧. જે કર્મ આત્માના જ્ઞાન ગુણનું આવરણ કરે તેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે.
૨. જે કર્મ આત્માના દર્શન ગુણનું આવરણ કરે તેને દર્શનાવરણીય કર્મ કહે છે.
૩. જે કર્મ દ્વારા જીવને સાંસારિક ઈન્દ્રિયજન્ય સુખ-દુઃખનો અનુભવ થાય છે તે વેદનીય કર્મ છે.
૪. જે કર્મ આત્માના સમકિત અને ચારિત્રગુણનો ઘાત કરે તેને મોહનીય કર્મ કહે છે.
૫. જે કર્મના અસ્તિત્વથી જીવ જીવે છે તથા ક્ષય થવાથી મરે છે, પ્રાપ્ત (શરીરને છોડે છે) તે આયુષ્યકર્મ કહેવાય.
૬. જે કર્મના ઉદયથી જીવ નારકી, મનુષ્ય, દેવ, તિર્યંચ તરીકે ઓળખાય તે નામકર્મ છે.
૭. જે કર્મ જીવને ઉચ્ચ-નીચ કુળમાં જન્મ અપાવે તેને ગોત્ર કર્મ કહે છે.
૮. જે કર્મ આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યરૂપ શક્તિનો ઘાત કરે છે તેને અંતરાય કર્મ કહે છે.

જે કર્મ જે પ્રકારના સ્વભાવવાળું છે તે કર્મનું તે પ્રકારે ફળ મળે છે. જૈન દર્શનમાં કર્મની જુદી જુદી અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. તે આ પ્રકારે છે : ૧) બંધ, ૨) સત્તા, ૩) ઉદય, ૪) ઉદ્દીરણા, ૫) ઉદ્વર્તન, ૬) અપવર્તન, ૭) સંક્રમણ, ૮) ઉપશમ, ૯) નિધત્તિ, ૧૦) નિકાચિત, ૧૧) અબાધકાળ. આ વર્ગીકરણમાં કર્મની શક્તિની સાથે આત્માની ક્ષમતાને પૂર્ણરૂપે સ્પષ્ટ કરવામાં આવી છે, જેનાથી તે જન્મ-મરણના ચક્રનું ભેદન કરીને પોતાના મૂળ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપર દર્શાવેલા આઠેય કર્મોને ક્ષય કરનાર આત્મા સિદ્ધ બની સિદ્ધશિલામાં બિરાજિત થાય છે. આખું વિશ્વ પણ કર્મના કાયદા અનુસાર જ ચાલે છે. તેમાં કોઈપણ પ્રકારની ગરબડ નથી જોવા મળતી. વળી, આ કાયદાની એક રસપ્રદ બાબત એ છે કે દુનિયાના બધા કાયદામાં કોઈને કોઈ અપવાદ Exception to the Rule હોય છે પણ કર્મનો કાયદો તેનાથી પર છે. અહીં કોઈનું કશું ચાલતું નથી.

## કર્મના મુખ્ય ત્રણ પ્રકાર :

**(૧) ક્રિયમાણ કર્મ :** ક્રિયમાણ કર્મ એટલે એવું કર્મ જે કરવાથી તેનું ફળ તરત જ મળી જાય છે. જેમ કે ભૂખ લાગે - ભોજન કરે તો ભૂખ શાંત થઈ જાય. શરીર પર મેલ જામી ગયો હોય છે, સ્નાન કર્યું, શરીરની શુદ્ધિ થઈ ગઈ. જગતમાં જન્મ લેનાર દરેક લોકો, જીવજંતુ, પશુ-પક્ષી વગેરે બધા જ કોઈને કોઈ કર્મ કરતાં હોય છે. કર્મ કર્યું, ફળ મળ્યું અને કર્મ ખલાસ. આ છે ક્રિયમાણ કર્મનો ફાયદો.

**(૨) સંચિત કર્મ :** સંચિત કર્મ એટલે એવા કર્મ જે કરવાની સાથે તરત જ ફળ આપતા નથી. કેટલાક સમય સુધી તે કાચું રહે છે, પરિપક્વ નથી થતું તેથી ફળ પણ ન મળે. બીજા શબ્દોમાં કહીએ તો આ કર્મ સિલકની જેમ જમા થઈ જાય છે અને સમય આવતાં ફળ આપે છે. એ માટે એક દષ્ટાંત જોઈએ તો,

એક બગીચામાં માળીએ આંબાનો ગોટલો વાવ્યો. તેમાંથી કૂંપળ ફૂટે, વૃક્ષ થાય, મૉર આવે, ફળ બેસે પછી કેરી મળે. એ માટે પાંચ-સાત વર્ષ સુધી રાહ જોવી પડે. એ જ છે સંચિત કર્મ. એક માણસ આખા દિવસમાં ૧૦૦૦ કર્મ કરે તેમાં ૯૦૦ કર્મ એવા હોય જે ક્રિયમાણ હોય, ફળ તરત મળે. ૧૦૦ કર્મ સંચિત કર્મ હોય, જે જમા થઈ ગયા. આ

રીતે એક સપ્તાહમાં માની લો કે ૫૦૦ કર્મ સંચિત થયા, એક મહિનામાં ૨૦૦૦ કર્મ સંચિત થયા અને પૂરા જીવનમાં એક લાખ કર્મ સંચિત થયા. આ રીતે જન્મ-જન્માંતરમાં એક વ્યક્તિના કેટલાયે કર્મો સંચિત થઈ જાય છે. આ સંચિત કર્મ ક્યારેક ત્રીજા-ચોથા ભવે, ક્યારેક પચીસ-છવીસ ભવે તો ક્યારેક હજારો ભવ પછી પણ ઉદયમાં આવી શકે છે. જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધી શાંત ન થાય.

આ બાબત જાણવા માટે ચરમ તીર્થંકર મહાવીરસ્વામીનું જ દૃષ્ટાંત લઈએ. મહાવીર સ્વામીએ વાસુદેવના ભવે શય્યાપાલકના કાનમાં સીસુ રેડાવ્યું. એ કર્મ તેમને છેક મહાવીરસ્વામીના ભવે ઉદયમાં આવ્યું અને ગોવાળોએ તેમના કાનમાં ખીલા ઠોક્યા. મહાવીરસ્વામી તીર્થંકર હતા, અતુલ બળના સ્વામી હતા છતાં કર્મ ભોગવવું પડ્યું. કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી. અમીર કે ગરીબનું ત્યાં કાંઈ ચાલતું નથી. આ જ કર્મનો અટલ સિદ્ધાંત છે.

(૩) **પ્રારબ્ધ કર્મ :** પ્રારબ્ધ કર્મ એટલે જેવા કર્મનો ઉદય તે કર્મ અનુસાર તેને શરીર, પુત્ર, મિત્ર, સ્ત્રી, સત્તા, સંપત્તિ વગેરે યોગો પ્રાપ્ત થાય છે. આ કર્મને જ્યાં સુધી ભોગવાય નહિ ત્યાં સુધી તે શાંત ન થાય. જેમ કે કોઈ વ્યક્તિને લકવો છે. પથારીમાં પડ્યો પડ્યો રોજ ભગવાનને પ્રાર્થના કરે છે કે, “ભગવાન ! કાં તો મને રોગથી છૂટકારો આપો અથવા મારું આયુષ્ય પૂર્ણ કરો.” આમ છતાં તે મરી નહિ જાય કારણ તેણે કર્મોને પૂરા ભોગવ્યા નથી. એવી જ રીતે કોઈ વ્યક્તિએ ગુનો કર્યો છે છતાં પ્રારબ્ધ કર્મ પક્વ નહિ થયું હોય તો તે નિર્દોષ છૂટી જશે અને જો પક્વ થયું હશે તો પકડાયા પછી લાખો કોશિશ કર્યા બાદ પણ છૂટકારો નહિ મળે. આ જ છે પ્રારબ્ધ કર્મ.

દુનિયામાં આપણે જોતાં જ હોઈએ છીએ કે - જેની પાસે કરોડો રૂપિયા છે તેને સંતાન નથી. જે બધાનું કરે છે, મદદરૂપ થાય છે તે જ જિંદગીમાં સુખ માટે ટળવળતો હોય છે. જે બીજા સાથે મારપીટ કરે છે, જુલમોનો વરસાદ વરસાવે છે તેનો કોઈ વાળ પણ વાંકો નથી કરી શકતું. આવું જોઈએ ત્યારે થાય કે કર્મનો કાયદો બરાબર નથી કારણ સારા કાર્યનું ફળ તો સારું જ મળવું જોઈએ, ખરાબ કાર્યનું ફળ ખરાબ જ મળવું જોઈએ પણ વાસ્તવમાં એવું થતું નથી. આના પરથી જ ક્રિયમાણ કર્મ, સંચિત કર્મ અને પ્રારબ્ધ કર્મનો ખ્યાલ આવે છે અને મહત્ત્વ સમજાય છે. જ્યાં સુધી અબાધાકાળ છે ત્યાં સુધી ઉદય આવતો નથી અને નિકાચિત કર્મોને ભોગવ્યા વગર છૂટકો નથી. આ દુનિયાની વિષમતાઓ અને વિચિત્રતા જોઈને જ કર્મના અટલ સિદ્ધાંતનો ખ્યાલ આવે છે.

આમ છતાં આ બાબતનો અર્થ સર્વથા એવો નથી કે એકલા કર્મના સિદ્ધાંતથી જ બધું થાય છે. એ માનવું મિથ્યાત્વ છે કે એકલા કર્મથી જ દુનિયા ચાલે છે. કોઈપણ કાર્ય થાય છે અગર કરવામાં આવે છે તેમાં પાંચ સમવાયનું ઘણું મહત્ત્વ રહેલું છે. પાંચ સમવાયથી દરેક કાર્ય સિદ્ધ થાય છે. પરંતુ દરેક કાર્યમાં કોઈ એક સમવાયની પ્રધાનતા હોય એવું બની શકે. પાંચ સમવાયના નામ ૧) કાળલબ્ધિ ૨) વસ્તુ સ્વભાવ (પ્રકૃતિ) ૩) નિયતિ (ભવિતવ્ય) ૪) પુરુષાર્થ ૫) નિમિત્ત.

આ વાતને દૃષ્ટાંતથી સમજીએ તો, એક ગામમાં સુંદર, લીલોછમ બગીચો હતો. બગીચામાં એક માળી હતો. તેણે ક્યાંકથી લાવીને એક કેરીનો ગોટલો (પ્રકૃતિ) ત્યાં વાવ્યો. તેને ખાતર-પાણી આપી તેનું યોગ્ય જતન કરવું, વાડ બાંધી રક્ષા કરવી (પુરુષાર્થ) એ માળીનું કામ હતું. ગોટલી વાવ્યા પછી તુરત જ એ થોડું ઘટાદાર વૃક્ષ બની જવાનું હતું ? તેને વિકસિત થવા માટે થોડા વર્ષો અવશ્ય લાગી જશે. (કાળ). તે પછી તે ફળશે. તેમાં મૉર આવી કેરી ઊગશે. આ માટે ઓછામાં ઓછા પાંચ-સાત વર્ષ થાય. બધું થયા પછી કદાચ વરસાદ ન આવ્યો, દુષ્કાળ પડ્યો, તેમાં જંતુનો ઉપદ્રવ થયો આવું થતાં બધી અનુકૂળતા હોવા છતાં ફળ નહિ આવે. બધી

અનુકૂળતા હશે તો ફળ આપશે. (પૂર્વકૃત કર્મ). તે ગોટલી સારી હશે તો જ ઊગશે, નહિ તો બળી જશે. (નિયતિ). આ દૃષ્ટાંત પરથી પાંચેય સમવાયનું મહત્ત્વ સમજાય છે. પાંચેય ભેગા થાય તો જ કાર્યસિદ્ધિ સંભવે છે. આ જ છે જૈન ધર્મનો શ્રેષ્ઠ સિદ્ધાંત અનેકાંત, અનેક સમસ્યાઓનું સમાધાન કરવાની Master Key. આમ છતાં એ પણ હકીકત છે કે જે કાંઈ બને છે તેની પાછળ કર્મનો સિદ્ધાંત કાર્ય કરે છે, કોઈ તેનાથી પર નથી. આથી જ જો કર્મનો સિદ્ધાંત છે તો તેની સાથે આઠ કર્મ, કર્મની ૧૧ અવસ્થા, કર્મની પ્રકૃતિ, કર્મક્ષયની પ્રક્રિયા, કર્મક્ષય કરવાના સાધનો વગેરે બાબતો પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. કર્મનો બંધ કોણ કરે ? તેનું ફળ કોણ ભોગવે ? આ પ્રશ્નનો ઉત્તર છે આત્મા. કર્મનો સિદ્ધાંત માનતા હોઈએ તો આત્માનું અસ્તિત્ત્વ પણ સ્વીકારવું જ પડે. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ નીચેના સાત પ્રમાણોથી સિદ્ધ થાય છે :-

૧) **સ્વસંવેદન :** "હું છું" એ બાબતની પ્રતીતિ

૨) **બાધક પ્રમાણનો અભાવ :** ચંચળ, ભટકતું મન આત્માને પકડી શકતું નથી તેની પાછળ બાધક સ્વભાવ નહિ પણ મનની અશક્તિ રહેલી છે.

૩) પોતે આત્મા છે કે નહિ તેવી શંકાનો અનુભવ કરે તે આત્મા.

૪) **તર્ક :** બધા જ પદાર્થો જે જગતમાં છે તેનો વિરોધી કોઈને કોઈ હોય જ છે જેમ કે અંધકારનો પ્રકાશ, સુખનો દુઃખ, રાતનું દિવસ; તેમ જડનું ચેતન. જડ અને ચેતન બંને સ્વતંત્ર તત્ત્વ છે.

૫) **શાસ્ત્રમાં સાબિતી :** કેટલાયે શાસ્ત્રો આત્માના અસ્તિત્વ વિષે બતાવે છે.

૬) **આધુનિક વૈજ્ઞાનિકોની સંમતિ :** જગદીશચંદ્ર બોઝના પ્રયોગોએ વિજ્ઞાનને એ માનવા મજબૂર કર્યું છે કે આત્મા જેવું કોઈ તત્ત્વ છે. વળી, કેટલાક વિજ્ઞાનના પ્રયોગોએ પણ સાબિત કર્યું છે કે આત્મા જેવું કોઈ સ્વતંત્ર તત્ત્વ છે.

૭) **પુનર્જન્મ :** પુનર્જન્મના કેટલાયે એવા કિસ્સાઓ છે કે જે વાત કોઈએ બતાવી કે શીખવાડી નથી તે પૂર્વજન્મથી જ આવી છે. વળી, સત્ય કિસ્સાઓ સાબિત પણ કરે છે કે મરે છે દેહ પણ આત્મા અમર છે. ઈન્દ્રિયો જે વેદન કરે છે તે વેદન કરાવનાર આત્મા છે તેથી જ મૃત્યુ થતા ઈન્દ્રિયો નકામી થઈ જાય છે.

આ બધી બાબતો આત્મા અને કર્મનો સિદ્ધાંત કેવી રીતે એકબીજા સાથે ઓતપ્રોત છે તે બતાવે છે. એટલું જ નહિ, તેનાથી સાબિત થાય છે કે આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા જ કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષપ્રાપ્તિનો ઉપાય પણ છે.

### સાર (ઉપસંહાર) :

આ સઘળી ચર્ચાનો સાર એ છે કે આત્મા અનંત શક્તિનો માલિક છે પરંતુ જ્યાં સુધી કર્મોનું આવરણ આત્મા કરે છે ત્યાં સુધી તેની શક્તિ કોઈ કામ આવતી નથી. જીવ ગમે તેટલો પરિશ્રમ કરે, ગમે તેટલું મથે તો પણ જ્યાં સુધી તેના કર્મો તેને સાથ નહિ આપે ત્યાં સુધી તેને કશું જ મળતું નથી. જ્યારે અમુક જીવોને જન્મની સાથે જ સુખ, સુવિધા, પૈસા, ઉચ્ચ જ્ઞાતિ, કુળ વગેરે મળી જાય છે. આ જ કર્મનો સિદ્ધાંત છે.

● વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, ઈર્ષા ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે, કામ લજ્જાને હરે છે અને અભિમાન સર્વસ્વ હરી લે છે.

**-વિદૂરનીતિ**

● નશ્વરનું આકર્ષણ દુઃખનું કારણ બને છે અને ઈશ્વરનું આકર્ષણ સુખનું કારણ બને છે.

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઇ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

(૧) **પુસ્તકનું નામ : જૈન પારિભાષિક શબ્દકોશ**

**લેખક :** સ્વ. પૂજ્ય ક્ષુ. શ્રી જિનેન્દ્ર વર્ણીજી **સંકલન :** શ્રી પ્રવીણભાઇ પી. દેસાઇ

**આવૃત્તિ :** દ્વિતીય, ૨૦૧૯ **મૂલ્ય :** સ્વાધ્યાય

**પાના :** ૨૧૧ **પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી પ્રવીણભાઇ દેસાઇ (મો.) ૯૮૨૫૪૯૪૭૪૧ (૨) શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા ફોન : (૦૭૯:) ૨૩૨૭૬૨૧૯(૩) કુ. રીનાબેન શાહ (મો.) ૯૪૨૭૪૧૮૧૦૭ (૪) શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કુકમા (ભુજ) (મો) ૯૯૭૮૨૨૧૪૨૧

આ પુસ્તક માટે શ્રી જિનેન્દ્ર વર્ણી કૃત 'જૈનેન્દ્ર સિદ્ધાંત શબ્દકોશ', અન્ય દિગંબર ગ્રંથો તથા આદ. શ્રુતાભ્યાસી / સાધક શ્રી પ્રવીણભાઇ દેસાઇએ સ્વાધ્યાયની નોંધપોથી બનાવી હતી તેનો આધાર લેવામાં આવ્યો છે. પ્રયોજનભૂત જૈન પરિભાષાના શબ્દોના અર્થ સરળતાથી જાણવા મળે તે પ્રયોજનથી આ પુસ્તકની રચના કરવામાં આવી છે. આ પુસ્તકમાં આત્માના પ્રકાર, સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર, ધ્યાન, લેશ્યા વગેરે અનેક વિષયોનું કક્કાવારી વર્ણન છે. જૈનાગમનો અભ્યાસ કરનારા સાધકો માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી છે.

(૨) **પુસ્તકનું નામ : જૈન વિશ્વકોશ (ખંડ-૫)**

**સંપાદક :** પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ, શ્રી ગુણવંતભાઇ બરવાળિયા

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૯ **પૃષ્ઠ :** ૨૨ + ૩૭૮ **મૂલ્ય :** રૂા. ૧૫૦૦/-

**પ્રકાશક :** શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, ઘાટકોપર, મુંબઇ ફોન. (૦૨૨) ૩૨૦૪૩૨૩૨

પાકું બાઇન્ડિંગ, સારા અને ટકાઉ કાગળનો ઉપયોગ થયેલ છે. 'જૈન વિશ્વકોશ' માટે પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ તથા વિદ્વાનોનો ઉમદા સહયોગ પ્રાપ્ત થયો છે. યુગદિવાકર રાષ્ટ્રસંત પૂજ્ય નમ્ર મુનિ મહારાજની પ્રેરણાથી જૈન ધર્મના સમૃદ્ધ વારસાના સંચયને માટે શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, મુંબઇના સહયોગથી અને ડૉ. સાધ્વી આરતીના પરમાર્શન સાથે આ પાંચમો ગ્રંથ (દ થી નૌ) શાસ્ત્રીય રીતે તૈયાર કર્યો છે.

જૈન વિશ્વકોશના પાંચમા ખંડમાં કુલ ૩૨૭ જેટલાં અધિકરણો અને ૧૨૬ ચિત્રોનો સમાવેશ થાય છે. ૭૦ જેટલા તજજ્ઞોએ આમાં સંશોધન કરીને અધિકરણોનું લેખન કર્યું છે.


(૩) **પુસ્તકનું નામ :** અંતરનાદ

**કવિયિત્રી :** જ્યોત્સનાબેન દેસાઇ **સંપાદક :** શ્રી રાધેશ્યામ શર્મા, શ્રી રાજેન્દ્ર જૈન


**આવૃત્તિ :** પ્રથમ, જુલાઇ ૨૦૧૯ **પાના :** ૧૧૮ **મૂલ્ય :** લખેલ નથી.

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** શ્રી જ્યોત્સનાબેન દેસાઇ, પરમ પ્રકાશન નં. ૨, રોલેન્ડ રોડ, આનંદ એપાર્ટમેન્ટ, કોલકત્તા-૭૦૦૦૨૦ (મો.) ૯૮૩૦૧૪૦૬૧૪

આ પુસ્તકમાં ૭૭ શીર્ષક હેઠળ મીઠો સાગર ભર્યો છે; જે જ્યોત્સનાબહેનના નિર્મળ હૃદયની કલમ અધ્યાત્મનો સાક્ષાત્કાર કરાવે છે.



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## ફટાકડાં ફોડી, ના ભરશો પાપની ઝોળી

બાળમિત્રો !

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. તમારામાંથી કેટલાક બાળકોને ફટાકડાં ફોડવાનો શોખ હશે, પરંતુ ફટાકડાં ફોડવાથી શારીરિક નુકસાન, આર્થિક નુકસાન, પ્રાણીસૃષ્ટિને નુકસાન, માલમિલકતને નુકસાન, પર્યાવરણને નુકસાન તથા ધાર્મિક નુકસાન થાય છે. આ ઉપરાંત ફટાકડાં ફોડવાથી આધ્યાત્મિક નુકસાન પણ થાય છે.

(૧) કાગળ અને અક્ષરોના નાશથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે; જેને કારણે સરળતાથી વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત થઈ શકતી નથી.

(૨) જીવોને ત્રાસ અને વેદના આપવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

(૩) નિર્દોષ અને અબોલ જીવોનું આયુષ્ય અકાળે સમાપ્ત કરવાથી આપણને અશુભ આયુષ્ય કર્મ બંધાય છે.

(૪) ફટાકડાં ફોડીને અભિમાન કરવાથી નીચ ગોત્રકર્મ બંધાય છે.

(૫) ફટાકડાં ફોડીને રાજી થવાથી કે ખુશી મનાવવાથી મોહનીય કર્મ બંધાય છે, જે સંસાર વધારે છે.

(૬) જીવોને જીવનવ્યવહારમાં અંતરાય કરવાથી અંતરાયકર્મ બંધાય છે.

(૭) ધર્મ વિરુદ્ધ શ્રદ્ધા કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

(૮) ફટાકડાં ફોડવાથી અશુભ નામકર્મનો બંધ પડે છે, જેથી અપકીર્તિ મળે છે.

(૯) ફટાકડાં જાતે ફોડવાથી કરણ(કૃત) નું પાપ લાગે છે.

(૧૦) ફટાકડા વેચવા-વેચાવવા-બનાવવા, ફટાકડા અપાવવા વગેરે પ્રવૃત્તિથી કરાવણ (કારિત) નું પાપ લાગે છે.

(૧૧) ફટાકડાંની આતશબાજી જોવાથી, તેની પ્રશંસા કરવાથી, રાજી થવાથી અનુમોદનાનું પાપ લાગે છે.

ફટાકડાં ફોડવાં એ ભારતની સંસ્કૃતિ કે પરંપરા નથી. જૈનધર્મમાં તો સૂક્ષ્મ જીવોની પણ રક્ષા કરવાની વાત કહેલ છે, જ્યારે ફટાકડાં ફોડવાથી અસંખ્ય સ્થાવર જીવો અને કેટલાય ત્રસ જીવોનો ઘાત થાય છે. ફટાકડાનાં ભયંકર અવાજોથી પક્ષીઓ ફફડી ઊઠે છે.

''ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન,
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવાં દોષ''

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

''દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ''

તો હવે ફટાકડાં ન ફોડવાનો નિર્ણય કરીને

(૧) જીવપ્રેમી બનો.

(૨) દેશ, કુટુંબ તથા સમાજને આર્થિક રીતે પરોક્ષપણે પણ સહાયભૂત બનો.

(૩) પોતાના આત્માને પાપથી ખરડાતો બચાવો.

(૪) સ્વ-પરના શરીરને રોગથી અને ખોડખાંપણથી બચાવો.

(૫) પ્રકૃતિને પ્રદૂષણથી બચાવો.

(૬) ભીષણ મોંઘવારીમાં ઘરના બજેટને ખોટાં ખર્ચાઓથી બચાવો.

(૭) જીવોને ભય અને મોતથી બચાવો.

(૮) દુર્ગતિમાં જતા આત્માને બચાવો.

**દિવાળી આવી... દિવાળી આવી...**
**કરવા કર્મોની હોળી,**
**એમાં ફટાકડાં ફોડીને,**
**ભરશો ના પાપની ઝોળી,**
**ફટાકડામાં પાપ છે,**
**જીવજંતુને ત્રાસ છે.**

# "સ્ટેચ્યુ ઓફ યુનીટી" યાત્રા પ્રવાસ

મહેન્દ્રભાઈ કે. ખંધાર

દેશભક્તિના ઉછરંગી પૂ. સાહેબજીની ઘણા વખતથી ભાવના હતી કે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વવિખ્યાત રાષ્ટ્રીય એકતાના પ્રતીકસમા સ્ટેચ્યુ ઓફ યુનીટીના દર્શને જવું. તેથી ડૉ. રાજેશભાઈની પ્રેરણા અને આદ. અરૂણભાઈ બગડિયાના સંચાલન હેઠળ બે દિવસ (સપ્ટેમ્બર ૨૪-૨૫) નો નાનો યાત્રા-પ્રવાસ યોજાયો. ૪૦ મુમુક્ષુઓ જોડાયા.

૨૪ સપ્ટેમ્બર વહેલા ૫:૩૦ વાગે નીકળીને પહેલા પાવાગઢ તીર્થમાં ગયા. આદ. અનુપમભાઈના સફળ ૪૮ ઉપવાસ (ગયા એક વર્ષ દરમ્યાન દરેક મહિનામાં ૪ ઉપવાસ) ના તપ નિમિત્તે તેમણે અને નીતાબેને શ્રી ભક્તામર સ્તોત્રના વિધાનનું આયોજન પાવાગઢ સિદ્ધક્ષેત્રમાં કર્યુ. વિધાન માટે વડોદરાથી વિધિકાર શ્રી ભરતભાઈ ચંદુલાલ શાહ (ત્રાગડવાળા) અને બહેનશ્રી જ્યોત્સનાબેન ખાસ આવેલ. ૪ કલાકનું વિધાન સુંદર રીતે ભાવથી થયું. બધા મુમુક્ષુઓએ યથાશક્તિ ભાગ લીધો. કેટલાક મુમુક્ષુઓએ ઉડનખટોલા (રોપવે) દ્વારા પહાડ પર મંદિરોમાં દર્શન કર્યા. સવારની નવકારશી અને બપોરનું સ્વામિવાત્સલ્ય આદ. અનુપમભાઈ અને નીતાબેન તરફથી હતા. આહાર પછી નીકળીને સ્વામિનારાયણ સંસ્થાન પોઇચા જવા રવાના થયા.

રસ્તામાં સાકવા ગામે, પૂ. સાહેબજીના ભત્રીજા શ્રી ધીરેન્દ્રભાઇ સોનેજીને ત્યાં ગયા. તેઓ અમદાવાદમાં કૉલેજમાં પ્રોફેસર હતા. તે ૨૫ વર્ષ પહેલા છોડીને સહકુટુંબ (બે નાના બાળકો સાથે) ધરતીના ખોળે આવીને અહીં વસ્યા. ખેતી, શાકભાજી, અનાજ વગેરેમાં સ્વાશ્રયી થયા. તેમની ત્રણ પેઢી એક ખોરડા નીચે રહીને પ્રકૃતિના પટમાં સાદુ, સરળ, સંતોષી અને સુખી જીવન જીવે છે. ત્યાંથી પોઇચા ગયા ત્યારે ૪ વાગ્યા. પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી અને આદ. બા.બ્ર. સુરેશજી કોબાથી સીધા વડોદરા ગયા. ત્યાં પૂ. સાહેબજીના બીજા ભત્રીજા શ્રી ધર્મેશભાઇ સોનેજીના ઘરે ગયા. તેમણે અને તેમના કુટુંબે ખૂબ ભાવથી આદર સત્કાર કર્યો. આહાર અને આરામ પછી, પૂ. સાહેબજી આદિ પોઇચા જવા રવાના થયા અને પ્લાન પ્રમાણે ૪ વાગ્યે ત્યાં પહોંચ્યા.

પોઇચામાં અનેક એકરમાં સ્વામિ નારાયણ સંસ્થાનું સુંદર ધામ છે. ભવ્ય મંદિર, જોવા લાયક પ્રદર્શની અને સુશોભિત કેમ્પસથી સહુને પ્રસન્નતા થઇ. રાત્રે ત્યાં જ રોકાયા.

બીજા દિવસે (૨૫ સપ્ટેમ્બર) નવકારશી કરીને કેવડીયા ગામમાં અને સરદાર સરોવર પર આવેલ સ્ટેચ્યુ ઓફ યુનીટી જોવા ગયા. ૧૧ થી ૧ દરમ્યાન સારી રીતે જોયું.

૧૮૧ મીટર (૫૯૭') આ સ્ટેચ્યુ દુનિયામાં સૌથી ઊંચું છે અને ન્યુયોર્કના પ્રખ્યાત સ્ટેચ્યુ ઓફ લીબર્ટી (૯૩ મીટર) કરતા લગભગ ડબલ ઉંચું છે. સ્ટેચ્યુમાં બે લીફ્ટ છે અને ૧૫૦ મીટર ઉંચાઇએ પ્રેક્ષક ગેલેરી છે. ચારેક વર્ષના રેકોર્ડ સમયમાં આ સ્ટેચ્યુ રૂા. ૩૦૦૦ કરોડના ખર્ચે બન્યું. વડાપ્રધાન માન. નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે તેનું લોકાર્પણ કર્યુ. નર્મદા નદીમાં આવેલ સાધુબેટના મજબૂત રોક પર બાંધકામ કરેલ છે. એન્જીનીયરીંગ મારવેલ છે. દરેક ભારતીયને ગૌરવ થાય તેવો આ સમગ્ર પ્રોજેક્ટ છે.

બપોરે ૩ થી ૫ સરદાર સરોવર ડેમ અને પાવરહાઉસ જોવા ગયા. ડેમની ઉંચાઇ ફાઉન્ડેશનથી ૧૬૩ મીટર છે અને પાણીની સપાટી (ઊંડાઇ) ૧૩૮ મીટર છે. ૧૨૦૦ મીટર લંબાઇવાળા આ ડેમને ૩૦ ગેઇટ છે અને ૧૪૫૦ મેગાવોટનો પાવર પ્લાન્ટ છે. ગુજરાત આદિ ૬ રાજ્યોને પાણી તથા વીજળી પૂરા પાડે છે. પરમીશન લઇને અંડરગ્રાઉન્ડ હાઇસીક્યોરીટી ટરબાઇન આદિ પાવર પ્લાન્ટ જોયો.

વળતા પૂ. સાહેબજી ધીરેન્દ્રભાઈને ત્યાં આહાર લઇને સાંજે કોબા પહોંચી ગયા. યાત્રા સંઘ ત્યાં જ રોકાઇને, સાંજે સ્ટેચ્યુ પરનો લેઝર લાઇટ શો જોઇને ૯ વાગે નીકળીને મધ્યરાત્રિએ સહીસલામત કોબા પહોંચી

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૬-૧૦-૨૦૧૯થી<br>૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી<br>કાર્તિક સુદ એકમ | શનિવારથી<br>મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૨-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી<br>૩-૧૨-૨૦૧૯ | | રવિવારથી<br>મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં દીપાવલી આરાધના શિબિરનું આયોજન

સંસ્થામાં તા. ૨૬-૧૦-૨૦૧૯ થી તા. ૨૯-૧૦-૨૦૧૯ દરમિયાન દીપાવલી આરાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમિયાન આદ. ડૉ. જિતેન્દ્રભાઈ શાહ 'જ્ઞાનસાર' ના આધારે તથા આદ. બા.બ્ર. સુરેશજી 'ઉપમિતિભવપ્રપંચકથા' ના આધારે સ્વાધ્યાય આપશે. રાત્રે ઘાતીકર્મોની ૪૭ પ્રકૃતિઓનો નાશ થાય તેવી ભાવનાથી મંત્રજાપનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત જિનપૂજા, જિનાભિષેક, પ્રાતઃકાળની ભક્તિ વગેરે કાર્યક્રમો યોજાશે. શિબિરમાં પધારવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે બોડી પ્રોફાઇલ (પેથોલોજી) તપાસ કેમ્પ

આપણી સંસ્થા સંચાલિત **મેડિકલ સેન્ટર**માં, પૂજ્યશ્રીના જન્મમંગલદિન નિમિત્તે આયોજિત શિબિરના ઉપક્રમે **તા. ૦૧.૧૨.૨૦૧૯ ને રવિવારના રોજ સવારે ૦૭ થી ૧૧ કલાક દરમિયાન રાહત દરે બોડી પ્રોફાઇલ (પેથોલોજી) કેમ્પનું આયોજન કરેલ છે.**

આ દરમિયાન રૂા. ૩૦૦/- ના રાહત દરે (લેબોરેટરી) તપાસ (Pathological diagnostic profile) કરવામાં આવશે. સામાન્યતઃ પ્રાઇવેટ લેબોરેટરીમાં જેનો ચાર્જ રૂા. ૪૦૦૦/- ની નજીક થાય છે.

- આ તપાસમાં નીચેના ટેસ્ટ આવરી લેવામાં આવ્યા છે :
- CBC (કમ્પલીટ બ્લડ કાઉન્ટ), Urine, SGPT (લીવર માટે), Creatinine (કીડની માટે), TSH (થાઇરોઇડ માટે), B12, Vitamin D3, RBS (ડાયાબીટીશ માટે) અને Lipid profile (કોલેસ્ટ્રોલ માટે), Uric Acid (વા માટે)

આ ટેસ્ટના રીપોર્ટ ૪ દિવસ પછી સંસ્થામાં આવી જશે, જે મેડિકલ સેન્ટરના સમય દરમિયાન

લેવાના રહેશે. (સોમવારથી શનિવાર બપોરે ૩.૩૦ થી ૫.૦૦)

આ કેમ્પ માટે આર્થિક સહયોગ શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર (રાજકોટ) તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

**નોંધ :** ટેસ્ટ માટે ભૂખ્યા પેટે આવવું હિતાવહ છે.

## સદ્‌ગુરુપ્રાસાદ (મીઠાખળી, અમદાવાદ) સ્વાધ્યાયશ્રેણી સમાપન સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૮-૦૯-૨૦૧૯ ના રોજ અમદાવાદ મીઠાખળી - 'શ્રી સદ્‌ગુરુપ્રાસાદ' માં ૩૫-૪૦ વર્ષથી ચાલી રહેલી સ્વાધ્યાયશ્રેણીનો સમાપન કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો.

પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું. સંસ્થાની વિનંતીને માન આપી એલ.ડી. ઇન્સ્ટીટ્યુટ ના ડીરેક્ટર આદ. ડૉ. જિતેન્દ્રભાઇ શાહ, આદ. કબીરપંથી સંતશ્રી નિર્મદદાસજી, શ્રી પ્રકાશભાઇ ડી. શાહ તથા સંસ્થાના સૌ સ્વાધ્યાયકારો તેમજ મુમુક્ષુ ભાઈ-બહેનો પધાર્યા હતા. ડૉ. કુમારપાળભાઈ દેસાઇ અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હોવાને કારણે આવી શક્યા નહોતા, પણ તેઓએ ભાવવાહી શુભસંદેશ મોકલાવ્યો હતો. પાલડી શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિરથી આદ. શ્રી અરવિંદભાઈ શાહ તથા અમદાવાદના સૌ મુમુક્ષુઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.કાર્યક્રમનું સંચાલન આદ. ડૉ. રાજેશભાઈએ સંભાળ્યું હતું. સાયંકાલીન દેવવંદન તથા સાધકો દ્વારા ભાવવાહી ભક્તિથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

પ્રથમ પૂજ્ય બહેનશ્રીએ અહીંની સ્વાધ્યાયશ્રેણીની શરૂઆતનો ટૂંકમાં ઇતિહાસ કહ્યો હતો. પુષ્પવિલાનું જૂનું મકાન શેઠશ્રી ભગવાનદાસ તેજાજી ખારાવાલાએ (પૂજ્ય બહેનશ્રીના નાનાજીએ) તેમની દીકરી (બહેનશ્રીના માતુશ્રી) પૂજ્ય જયાબેનને ભેટ આપ્યું હતું. માતા-પિતા સાથે પૂજ્ય બહેનશ્રી ઇન્દોર સ્થાયી થયા હતા. પ્રસંગોપાત અમદાવાદ આવતા ત્યારે મકાનને વ્યવસ્થિત કરી થોડા દિવસ રહેતા.

પૂજ્યશ્રી આત્માનંદજી ૧૯૭૪ પછી વિશેષ સાધના માટે એકાંત પસંદ કરતા, તેથી તેઓ સોનેજી હોસ્પિટલ, કાંકરિયાથી સ્વાધ્યાય-લેખન-ચિંતન માટે પુષ્પવિલા આવી જતા. અહીંયા નાની લાયબ્રેરી પણ બનાવી હતી. પંચભાઈની પોળ શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળામાં તો નિયમિત સ્વાધ્યાય થતા. પણ આ જગ્યાએ અઠવાડિયે એક વખત સ્વાધ્યાય ચાલુ કર્યા હતા, જેનો ઘણા સાધક ભાઈ-બહેનોએ લાભ લેતાં ૧૯૭૫ માં ૯ મે ના રોજ આ જ જગ્યાએ આદ. શ્રી ચંદુભાઈ, આદ. શ્રી હેમન્દ્રભાઈ, આદ. શ્રી ભોગીભાઈ, આદ. શ્રી રમણિકભાઈ અને સૌ મુમુક્ષુઓની હાજરીમાં શ્રી સુત્શ્રુત સેવા સાધના કેન્દ્રની સ્થાપના થઇ હતી. પૂજ્ય ગોકુળભાઈ, શ્રી પ્રકાશભાઈ ડી. શાહ પણ સત્સંગ માટે પધારતા. ઇ.સ. ૧૯૮૫ પછી પૂ.બા-બાપુજી સ્વાસ્થ્યને કારણે અમદાવાદ આવી ગયા હતા. ૧૯૯૦ માં પૂ. બાપુજીનો દેહવિલય થયો. ત્યાર પછી પૂજ્ય બા તથા પૂ. કાકા-કાકી થોડા વખત રહ્યા પછી તેઓ પણ હરિનગર રહેવા આવી ગયા હતા.

પૂ. બા એ તે વખતે ડૉ. રાજેશભાઇને કહ્યું કે આ મકાન ઘણું જૂનું છે. તેને પાડીને તમને અનુકૂળ આવે એવું સારું મકાન બનાવો. આ જગ્યા બહુ પવિત્ર છે, જેથી સત્સંગ પણ થઇ શકશે. તેમની આજ્ઞા અનુસાર ડૉ. રાજેશભાઇએ ઘણો પ્રેમપરિશ્રમ કરી 'સદ્‌ગુરુપ્રાસાદ' સત્સંગહોલ તથા ઉપર મકાન બનાવ્યું; જેમાં તેમના મિત્ર એન્જીનીયર શ્રી શોધનભાઇ, આર્કિટેક્ટ શ્રી સમીરભાઇ અરવિંદભાઇ શાહ, સંસ્થાના પ્રમુખ આદ. શ્રી જયંતભાઇ શાહ તથા ઘણાનો સહકાર મળ્યો. પૂજ્યશ્રીએ તેમની વિશાળ દૃષ્ટિથી ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું. ડૉ. કુમારપાળભાઈ પણ અવારનવાર આવતા અને માર્ગદર્શન આપતા.

તા. ૧૨-૧૨-૧૯૯૯ ના રોજ શ્રી મહાવીરપ્રભુ, અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યદેવ, યુગપુરુષ એવા શ્રી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટો બાજુમાં મામાને ત્યાંથી વાજતેગાજતે હૉલમાં લાવી પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્યશ્રી મનુવર્યજી મહારાજ (યોગાચાર્ય), પૂજ્યશ્રી અધ્યાત્માનંદજી તથા સૌ વિદ્વાનો તેમજ મુમુક્ષુઓની હાજરીમાં ચિત્રપટોની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. બાજુની દીવાલોમાં જૈન તથા વૈષ્ણવ સંતોના તેમજ દેશભક્તોના મ્યુરલ બનાવ્યા, જે પૂજ્યશ્રીની વિશાળદષ્ટિના દ્યોતક રહ્યા છે. સ્થાપનાદિનથી આજ સુધી દર બુધવારે પૂજ્યશ્રીના, અન્ય સંતો તથા સ્વાધ્યાયકારોના અહીંયા સ્વાધ્યાય થયા છે, જેનો અમદાવાદના સૌ ભાવિક ભાઈ-બહેનોએ ખૂબ લાભ લીધો છે. અન્ય સંસ્થાઓના સાધકોએ પણ આ જગ્યાનો સત્સંગ-ભક્તિ માટે ઉપયોગ કર્યો છે તે આનંદનો વિષય છે.

હવે પૂજ્યશ્રીના સ્વાસ્થ્યને અનુલક્ષીને કોબાથી દર બુધવારે આવવાનું બની શકતું નથી અને બીજું આ પવિત્ર જગ્યાનો વિશેષ સદુપયોગ થાય તેથી આ સ્વાધ્યાય શ્રેણીના સમાપનનો નિર્ણય લીધો છે. જે જે સ્વાધ્યાયકારોએ અહીંયા પધારી નિયમિત સ્વાધ્યાય આપ્યા છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. અંતમાં પૂજ્ય માતા-પિતાને પણ સ્મરણાંજલિ આપી તેમનું ઋણ સ્વીકાર કરીએ છીએ.

ડૉ. જિતેન્દ્રભાઇ શાહે તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આ જગ્યાએ બધાએ સ્વાધ્યાયનો સારો લાભ લીધો છે. જગ્યા ભલે બદલાય પણ આપણા સ્વાધ્યાય-સત્સંગ-ભક્તિ તો ચાલુ જ રહેવા જોઇએ.

પરમ આદરણીય શ્રી નિર્મદદાસજીએ ભાવવાહી ભજન 'સંકલ્પ હૈ હમારા ઇન્સાન હમ બનેંગે' રજૂ કર્યું હતું. આદ. બા. બ્ર. શ્રી સુરેશજીએ બધા સંતોના મ્યુરલ (ચિત્રો) નો ઉલ્લેખ કરી તેમનું માહાત્મ્ય સમજાવ્યું હતુ. પ્રકાશભાઈ શાહે તેમના ઉદ્બોધનમાં સત્સંગ-સ્વાધ્યાયની અગત્યતા વિષે જણાવ્યું હતું. ડૉ. રાજેશભાઇએ સૌ સ્વાધ્યાયકારોનો અને સૌ મુમુક્ષુઓનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં પૂજ્યશ્રીએ શુભાશીર્વાદ આપી સૂત્ર ઝીલાવ્યું હતું. જે જૈનસંઘ આ જગ્યા લેવાના છે તેઓએ પણ આ જગ્યાની પવિત્રતા જોઇ આનંદ વ્યક્ત કર્યો હતો. અંતમાં બધાએ પ્રસાદની પ્રભાવના લઇ ભાવભીની વિદાય લીધી હતી.

## સંસ્થામાં 'જૈન પારિભાષિક શબ્દકોશ' પુસ્તક વિમોચનનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

તા. ૨૮-૦૯-૨૦૧૯ ના રોજ આદરણીય મુમુક્ષુ ભાઈશ્રી પ્રવીણભાઇ દેસાઇએ સંકલન કરેલું "જૈન પારિભાષિક શબ્દકોશ" પુસ્તકની બીજી આવૃત્તિનું પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્યશ્રી ગોકુળભાઇ તથા પૂજ્ય બહેનશ્રીના શુભહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રી ગોકુળભાઇએ જણાવ્યું કે શબ્દકોશનો આધાર લઇ શબ્દાતીત બની સ્વરૂપ અનુસંધાન કરવું તે આપણું ધ્યેય છે. પૂજ્ય બહેનશ્રીએ આદ. પ્રવીણભાઇને આવા સુંદર પુસ્તકના સંકલન માટે પ્રેમપરિશ્રમ બદલ ધન્યવાદ આપ્યા હતા અને અનુકૂળતાએ સત્સંગ અર્થે કોબા પધારવા વિનંતી કરી હતી.

અંતમાં પૂજ્યશ્રીએ આશીર્વચન આપ્યા હતા. મુમુક્ષુ બહેનશ્રી રીનાબહેન શાહે પ્રકાશનમાં ઘણો સહયોગ આપ્યો છે તે માટે આદ. પ્રવીણભાઇએ તેમને ખૂબ ધન્યવાદ આપ્યા હતા.

## ડુંગરપુર (રાજસ્થાન) મુકામે 'દશલક્ષણ મહાપર્વ' ની આરાધના સંપન્ન

આપણી સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા મુમુક્ષુવર્ય આદ. શ્રી બદામીલાલજી વખારિયા 'શામળાજી ઊંડા મંદિર' દિગંબર જૈન સમાજ, ડુંગરપુર (રાજસ્થાન) ના અગ્રણી અને અધ્યક્ષ છે. તેઓશ્રીના અને સમાજના અગ્રગણ્ય મહાનુભાવોના હાર્દિક નિમંત્રણને માન આપીને અને પૂજ્યશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની

આજ્ઞાનુસાર દશલક્ષણ મહાપર્વની આરાધના હેતુ તા. ૦૩-૦૯-૨૦૧૯ થી તા. ૧૨-૦૯-૨૦૧૯ દરમિયાન બા.બ્ર.સુરેશજી, બા.બ્ર.અલકાબેન, બા.બ્ર. સંધ્યાબેન તથા આદ. હિતેશભાઈ ડુંગરપુર ગયા હતા. દસ દિવસના ધાર્મિક અને આધ્યાત્મિક આયોજનોના માધ્યમથી ધર્મપ્રભાવના થઈ. બા.બ્ર. અલકાબેન તથા બા.બ્ર. સંધ્યાબેને શ્રી જિનાભિષેક અને જિનપૂજાના કાર્યક્રમનું આધ્યાત્મિક મર્મની સમજૂતી દ્વારા સુંદર સંચાલન કર્યું હતું. આદ. બા.બ્ર. શ્રી સુરેશજીએ પોતાની આગવી જ્ઞાનસભર લાક્ષણિક શૈલીમાં દશ ધર્મનું સ્વરૂપ અને સાર સ્વાધ્યાય અંતર્ગત સમજાવ્યા હતા. સાંજે પ્રતિક્રમણ તથા ધ્યાનપ્રયોગ બા.બ્ર. અલકાબેને કરાવ્યા હતા. રાત્રે વિશિષ્ટ ભક્તિ સાથે આદ. સુરેશજીએ તત્વાર્થ શ્રદ્ધાન અને આત્મસંશોધન જેવા વિષયો પર સુંદર ધર્મવાર્તા કરી હતી. બા.બ્ર.સંધ્યાબેને પ્રતિદિન રાત્રે વિભિન્ન ધાર્મિક સ્પર્ધા અને પ્રશ્નોત્તરીના માધ્યમ દ્વારા નિર્દોષ આનંદ સાથે જ્ઞાનવૃદ્ધિ કરી. દશલક્ષણપર્વના અંતિમ દિવસે (ચતુર્દશી) સાંવત્સરિક પ્રતિક્રમણ કરી એકબીજાને મિચ્છા મિ દુક્કડમ્ પાઠવ્યા. શ્રાવક-શ્રાવિકાઓ, બાળ અને યુવાનો - સૌએ આત્મશુદ્ધિના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સંસ્થામાં બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

સંસ્થામાં બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ તા. ૨૭-૧૦-૨૦૧૯ ના રોજ પધાર્યા હતા. સંસ્થામાં તેઓશ્રીના નિવાસ દરમિયાન તેઓશ્રીની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ વચનામૃત પત્રાંક-૨૧ ના આધારે તત્ત્વસભર શૈલીમાં, દૃષ્ટાંતયુક્ત મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. સ્વાધ્યાયશ્રેણીનો લાભ લઈ મુમુક્ષુઓએ સાત્ત્વિક આનંદનો અનુભવ કર્યો.

## આદ. પંડિત સંજીવ ગોધાજીનું આગમન

જયપુરના પ્રસિદ્ધ પંડિત શ્રી સંજીવભાઈ ગોધાનું દસ લક્ષણા પર્વ (પર્યુષણ) અમદાવાદના વસ્ત્રાપુર દિગંબર મંદિરમાં હતું. તે પૂરું થયા પછી સપ્ટેમ્બર ૧૩મી એ એક દિવસ માટે તેઓ આપણી સંસ્થામાં પધારેલ. સવાર અને બપોરના, તેમના બે સ્વાધ્યાયમાં તેમણે સરળ, લોકભોગ્ય, શ્રવણ-દર્શન (Audio Visual) શૈલીમાં "કર્મ સિદ્ધાંત" પર ખૂબ સુંદર પ્રવચનો આપ્યા. આપણી ડિસેમ્બર શિબિર (ડિસે ૧-૩) દરમ્યાન તેઓ ખાસ આવીને સ્વાધ્યાયનો લાભ આપશે.

## સંસ્થામાં 'શ્રી દશ લક્ષણ મહાપર્વ' ની ઉજવણી સંપન્ન

૨૬ ઓગષ્ટ - ૨ સપ્ટેમ્બરના પવિત્ર પર્યુષણ પર્વ આનંદ ધર્મ ઉલ્લાસથી પૂર્ણ થયા પછી ૩-૧૨ સપ્ટેમ્બર પવિત્ર દસ લક્ષણા પર્વ ઉજવાયું. આદ. મહેન્દ્રભાઈ ખંધારે ઉત્તમ માર્દવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય પર ૮ મનનીય સ્વાધ્યાય આપ્યા. આદ. પ્રવીણભાઈ મહેતાએ ઉત્તમ ક્ષમા અને ઉત્તમ આર્જવ પર સુંદર સ્વાધ્યાય આપેલ. દસ લક્ષણા પર્વની આરાધના ભાવોલ્લાસપૂર્વક થઈ.

## સાભાર સ્વીકાર

લોસ એંજલસ રહેતા શ્રી સુમીતભાઈ મહેન્દ્રભાઈ ખંધાર અને તેજલબેન સુમીતભાઈ ખંધાર તરફથી ગયા વર્ષે પૂ. સાહેબજી માટે અમેરિકાની અદ્યતન ડીઝાઈન અને સગવડવાળી વ્હીલચેર આપેલ. આ વર્ષે તેઓએ તે વ્હીલચેર ઉપર મુકવાની કનુપી (Canopy) એક જાતની સ્પેશ્યલ ડીઝાઈન છત્રી મોકલેલ છે કે જે તડકો, વરસાદ, પવનથી રક્ષણ કરે. સંસ્થા સહર્ષ સ્વીકાર સાથે સુમીતભાઈ-તેજલબેનના પૂ. સાહેબજી પ્રત્યેના પ્રેમસમર્પણભાવની અનુમોદના કરે છે.

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - ૧૯ સંપન્ન

અર્હમ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર આયોજિત ગોવાલિયા ટેંક જૈન સંઘમાં **જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - ૧૯** સફળતાપૂર્વક સંપન્ન થયું.

અજયભાઈ શેઠ, હસમુખભાઈ પાડેચીયા તથા જ્યોત્સનાબહેન દેસાઈ (કલકત્તા) ના દીપપ્રાગટ્ય પછી આચાર્ય ભગવંત પૂ.રાજહંસસૂરિ મ.સા.ના મંગલાચરણથી કાર્યક્રમ શરૂ થયો. સત્રના આયોજક અને ટ્રસ્ટી શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ સેંટરની પ્રવૃત્તિઓ અને જ્ઞાનસત્રના હેતુઓ તેમજ આયોજન અંગે પ્રકાશ પાડ્યો હતો. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રમુખસ્થાનેથી જૈન ધર્મની ગઈકાલ અને આજ અંગે વાત કરી ઉજ્જવળ આવતી કાલ વિશેના પોતાના વિચારો જણાવ્યા હતા.

શ્રી ગુણવંતભાઈ બરવાળિયા સંપાદિત **''જૈન ધર્મની ગઈ કાલ, આજ આવતી કાલ''** અને **''સાંપ્રત સમસ્યાનું ધર્મમાં સમાધાન''** એ બન્ને વિષયના ગ્રંથોનું વિમોચન મહેશભાઈ ગાંધી, ખીમજીભાઈ છાડવા, યોગેશભાઈ બાવીશી તથા ચેતનભાઈ શાહે કર્યું હતું.

આ જ્ઞાનસત્રનું એક વિશિષ્ટ પાસું એ હતું કે જૈન જ્ઞાનભંડારોની જાળવણી, સંવર્ધન અને સંચાલન કરનાર સંચાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું; જેમાં બાબુલાલ શાહ (અમદાવાદ) નું સન્માન હીરેનભાઈ શાહ (રૂબી મિલ), સેવંતીભાઈ મહેતા (સુરત)નું અરવિંદભાઈ ગોડા (ટ્રસ્ટી સેવા સંઘ), સંદીપભાઈ શાહ (મુંબઈ)નું કુમુદભાઈ મહેતા (કલ્પતરુ) તથા કુશલ જૈન (ઉમરા) નું સન્માન મનસુખભાઈ કોઠારી (ટ્રસ્ટી - જૈન એજ્યુ. સોસાયટી) એ કર્યું હતું.

વિષયવાર બેઠકના અધ્યક્ષસ્થાને ડૉ. અભય દોશી તથા સેજલબહેન શાહે વિષયની સુંદર છણાવટ કરી હતી. મણિલાલ ગાલા, ડૉ. મહેબૂબ દેસાઈ, ડૉ. થોમસ પરમાર, ડૉ. રતનબહેન છાડવા, પ્રો. પ્રીતિબહેન એન. શાહ, કનુભાઈ શાહ, મિતેશભાઈ શાહ, ડૉ. પ્રીતિ શાહ, ડૉ. પ્રફુલ્લા વોરા, ડૉ. નમન બુચ, ડૉ. ઉત્પલા મોદી, ડૉ. હેમાલી સંઘવી, ડૉ. ભાનુબેન સત્રા, ડૉ. પાર્વતીબહેન ખીરાણી, રીનાબહેન શાહ વગેરે વિદ્વાનોએ શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા. મુંબઈ પત્રકાર સંઘ દ્વારા શ્રેષ્ઠ તંત્રીનો પ્રથમ એવોર્ડ મેળવનાર ડૉ. સેજલ શાહનું સન્માન કરાયું હતું.

સમાપનમાં પદ્મથી ડૉ. કુમારપાળ દેસાઈએ જીવનમાં ઉદ્ભવતી સમસ્યા અને ધર્મ દ્વારા તેના ઉકેલ વિશે વિદ્વાનોએ પ્રસ્તુત કરેલા શોધપત્રોના સંદર્ભે પોતાના ચિંતનસભર વિચારો રજૂ કર્યા હતા.


આચાર્ય ભગવંત રાજહંસસૂરિ મહારાજે ધર્મમાર્ગથી ચ્યુત થવાથી જ સમસ્યા સર્જાઈ છે ત્યારે પુનઃ ધર્મમાર્ગે કેમ વળવું તે વાત સુંદર રીતે કરી. પૂ. ભાસ્કરમુનિજીએ આવા જ્ઞાનસત્રોની આવશ્યકતા વિશે વાત કહી હતી. યોગેશભાઈ બાવીશીએ આભારદર્શન કર્યું. વીરચંદ રાઘવજી ગાંધીના જીવનક્વન પર પંકજ હિંગઢ (જૈન)એ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરેલ. જહોની શાહ દિગ્દર્શિત, અર્ચના જહોની શાહ દ્વારા ''પાહિણીદેવી'' એકપાત્રીય અભિનયે સૌને મંત્રમુગ્ધ કર્યા. શ્રીપ્રકાશભાઈ અને શ્રી ચંદ્રકાંતભાઈ લાઠીયાએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **વૈયાવચ્ચ :** | Concept RF Technology (India) P. Ltd. , શ્રી મહેશભાઇ તથા પ્રીતિબેન બદાણી | | |
| | હસ્તે :- શ્રી પ્રવીણભાઇ વી. મહેતા | | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| **સાધારણ ખાતું :** | (૧) | શ્રી રશ્મિકાંતભાઇ મોદી, રાજકોટ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી મૃદુલા સી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઇ<br>હસ્તે : શ્રી ચંદ્રકાંતભાઇ મહેતા | રૂા. ૫૦,૦૦૦/- |
| | (૩) | શ્રી દિગંબર ઉંડા મંદિર જૈન સમાજ, ડુંગરપુર (રાજસ્થાન)<br>હસ્તે : શ્રી બદામીલાલજી વખારિયા | રૂા. ૧૬,૦૦૦/- |
| | (૪) | શ્રી સુમતિ ફાઉન્ડેશન, મુંબઇ<br>હસ્તે : શ્રી નયનાબેન એસ. દોશી,<br>શ્રી નીતિનભાઇ પારેખ | રૂા. ૧૧,૧૧૧/- |
| **ગુરુકુળ :** | (૧) | શ્રી પ્રદીપભાઇ બી. શાહ, યુ.એસ.એ.<br>(ઓડિયો-વીડિયો પ્રોજેક્ટ, જીવદયા) | રૂા. ૧,૮૫,૦૦૦/- |
| | (૨) | શ્રી નલીનભાઇ એન. શાહ, રાજકોટ<br>હસ્તે : શ્રી નરેન્દ્રભાઇ શાહ<br>(જ્ઞાનદાન, જીવદયા, સાધારણખાતું) | રૂા. ૩૯,૦૦૦/- |
| **મેડિકલ :** | શ્રી લલિતાબેન યશવંતરાય મહેતા, અમદાવાદ<br>હસ્તે : શ્રી મનહરભાઇ જશવાણી (જીવદયા) | | રૂા. ૧૧,૦૦૦/- |
| **ભોજનાલય :** | શ્રી બ્રોડવે સાઇકલ એન્ડ મોટર કંપની, અમદાવાદ<br>હસ્તે : શ્રી ભોગીલાલ એન. બ્રધર્સ | | રૂા. ૧૦,૫૦૦/- |
| **યાત્રા :** | (૧) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ<br>(સરદાર સરોવર યાત્રા નિમિત્તે) | રૂા. ૧૯,૧૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



**(૧) મુંબઇ :** ધર્મનિષ્ઠ મુમુક્ષુવર્ય **આદ. શ્રી શાંતિલાલ સી. મહેતા**નું તા. ૨૮-૦૯-૨૦૧૯ ના રોજ ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ ઘણા વર્ષોથી આપણી સંસ્થા સાથે જોડાયેલા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી ઇ.સ. ૧૯૫૮ માં મુંબઈમાં તેઓના નિવાસસ્થાને જતા ત્યારે શ્રી ચમનભાઈ, ડૉ. ભગવાનદાસ મહેતા અને ડૉ. દુલેરાય સંઘવી વગેરે સાથે સત્સંગ કરતા. તેઓએ પૂજ્યશ્રી આત્માનંદજી સાથે અનેક તીર્થયાત્રાઓ કરી હતી. સાધનાપંથે પ્રયાણ કરતાં તેઓશ્રીને પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી સમંતભદ્રજી મહારાજ (કુંભોજ), પૂજ્યશ્રી મનોહરલાલજી વર્ણીજી, પૂજ્યશ્રી આત્માનંદજી, આદ. શ્રી માણિકચંદજી ચવેરજી, આદ. ગજાબેન વગેરે

મહાપુરુષોના સંપર્કમાં આવ્યા હતા. તેઓશ્રીએ કુંડલપુર, લલિતપુર, ઈસરી, ઇડર આશ્રમ, સતના, જબલપુર, સાગર જેવા અનેક તીર્થક્ષેત્રોની યાત્રા કરી હતી. તેઓ શ્રી હેમેન્દ્રભાઈ શાહ, શ્રી જયંતભાઈ શાહ, શ્રી અરુણભાઇ બગડિયા, શ્રી શશીકાંતભાઇ ધ્રુવ, શ્રી ચંદુભાઈ મહેતા જેવા મુમુક્ષુઓ સાથે આત્મીયતાપૂર્વક સંકળાયેલા હતા. તેઓ ખાસ કહેતા, ''આપણે સુખી થવું હોય તો જરૂરિયાતો ઓછી કરવી. નાના થઈ જવું. પરમાત્માને હૃદયમાં રાખો અને ભૂલશો નહીં. સૌ સુખી થાઓ, સૌનું ભલું થાઓ.''

સ્વ. શાંતિભાઇ સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ (અષાઢી બીજ) ના પ્રસંગે ખાસ પધારીને લાભ લેતા. તેઓના કુટુંબીજનો શ્રી શિશિરભાઈ, શ્રી સમીરભાઈ વગેરે આજે પણ અષાઢી બીજના દિવસે પધારી નૂતન ધ્વજારોહણનો લાભ લે છે. સ્વ. શાંતિભાઈને ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. ઉત્તમ મુમુક્ષુ તરીકેનું તેઓનું જીવન સૌને માટે પ્રેરણાદાયી છે. તેઓ ઉદાર દિલના અને પરોપકારી સ્વભાવના હતા. શાંત સ્વભાવ, પ્રસન્ન અને સૌમ્ય મુખમુદ્રા, નમ્ર અને સરળ સ્વભાવ, ધર્મ પ્રત્યે અભિમુખતા, શ્રુતભક્તિ, પરમાત્મામાં શ્રદ્ધા વગેરે તેઓના વ્યક્તિત્વના ધ્યાનાકર્ષક પાસાઓ હતા. તેઓશ્રી પોતાના કુટુંબીજનોને ધર્મસંસ્કારનો વારસો સોંપતા ગયા છે. તેઓના દેહાવસાનથી કોબા પરિવારને મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થનો આત્મા વિશેષ ધર્મઆરાધના કરી શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) **કોબા :** સંસ્થામાં મહિલાભુવનમાં રહેતા **આદ. શારદાબેન વિનુભાઈ શાહ**નું તા. ૧૩-૯-૨૦૧૯ ના રોજ હાર્ટએટેકને કારણે દેહાવસાન થયું છે. તેઓશ્રીનો જન્મ તા. ૨૯-૬-૧૯૪૧ ના રોજ થયો હતો. તેઓશ્રીનું ભણતર ઓછું પણ ઘડતર સારું હતું. વારસામાં તેઓને ખાનદાની સંસ્કાર પ્રાપ્ત થયા હતા. તેઓ પોતાની ત્રણ સુપુત્રીઓને સંસ્કારનો વારસો સોંપતા ગયા છે. તેઓના પતિ વિનુભાઇનું અવસાન થતાં તેઓ પ્રાયે કોબા જ રહેતા હતા. સત્સંગમાં તેઓને વિશેષ રુચિ હતી. તેઓના જીવનમાં ભક્તિની પ્રધાનતા હતી. તેઓને કોબા આશ્રમમાં રહેવું ખૂબ ગમતું હતું. તેઓશ્રીને પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી તેમજ પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે અત્યંત અહોભાવ હતો. કોઈનું દિલ દુભવ્યું હોય કે મતભેદ પડ્યો હોય તો તેનું તેઓ પ્રતિક્રમણ કરી લેતા. તેઓ હસમુખા અને મિલનસાર સ્વભાવના હતા. તેઓની સેવાભાવના પ્રશંસનીય હતી. હૃદયની તેમજ અનેક શારીરિક તકલીફોમાં તેઓ સમતાભાવ રાખતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

---

**સ્ટેચ્યુ ઓફ યુનીટી - યાત્રા પ્રવાસ ....** (પાના નં. ૩૫ પરથી ચાલુ...)

ગયા. બન્ને દિવસ રસ્તામાં અને સ્ટેચ્યુ તથા ડેમ વિસ્તારમાં વરસાદના ઝાપટા ખબર કાઢવા આવી જતા પણ કોઇ તકલીફ પડી નથી.

સમગ્ર પ્રવાસનું આયોજનશ્રી અરૂણભાઈએ સુપેરે કર્યુ. તેમની મદદમાં સર્વ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ખંધાર, અનુપમભાઇ શાહ અને વીણાબેન ખંધાર હતા. વિશેષમાં, સ્ટેચ્યુ તથા ડેમ પાવર પ્લાન્ટ જોવા માટે ખાસ પરવાનગી, એક પ્રોટોકોલ ઓફીસર, એક ગાઇડ અને સરકીટ હાઉસમાં સગવડ આદિ માન. શ્રી મુકેશકુમાર તથા મોનાબેન ખંધાર (બન્ને આઇ.એ.એસ., કલેક્ટર-કમિશ્નર) ની ભલામણથી ડે. કલેક્ટરશ્રી બી. એસ. પટેલ સાહેબે પ્રેમથી સારી રીતે કરી આપેલ. સંસ્થા સર્વેનો ઘણો આભાર માને છે.

દેવ-ગુરુ અને પૂ. સાહેબજીના યોગબળથી પ્રવાસ અને વિધાન નિર્વિઘ્ને સાનંદ સંપન્ન થયા.



પાવાગઢમાં આદ. અનુપમભાઈ અને નીતાબેનના
ઉપક્રમે ભક્તામર સ્તોત્રનું વિધાન



વડોદરામાં શ્રી ધર્મેશભાઈ સોનેજીને ત્યાં પૂ. સાહેબજીનું
સ્વાગત અને આહાર



સ્ટેચ્યુ ઓફ યુનીટીમાં
પૂજ્ય સાહેબજીના સાન્નિધ્યમાં



પોઈચા ગામના
સ્વામિનારાયણ સંસ્થાનમાં



સ્ટેચ્યુ ઓફ યુનીટીમાં
સરદારનું લાક્ષણિક દર્શન



સાકવા ગામમાં ધીરેન્દ્રભાઈ સોનેજીને ત્યાં
પૂ. સાહેબજીનું સ્વાગત અને આહાર



સરદાર સરોવર ડેમ



રાષ્ટ્રીય એકતાના પ્રતીકસમ લોહપુરુષ
સરદારનું વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

## ‘જૈન પારિભાષિક શબ્દકોશ’ પુસ્તકના વિમોચન વેળાએ (તા. ૨૮-૦૯-૨૦૧૯)




### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ ‘દિવ્યધ્વનિ’ ઓક્ટોબર-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
રુચિ (ડેલીવાલા) મૌલિક મહેતાના સુપુત્રી ચિ. કિયારાના જન્મદિવસ (૩૦ ઓક્ટોબર) નિમિત્તે
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ ‘જ્ઞાનદાન’ની અનુમોદના કરે છે.

૨ ‘દિવ્યધ્વનિ’ ઓક્ટોબર-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
સ્વ. શ્રીમતી નીલાંજના હમીરભાઈ ભાટિયાના સ્મરણાર્થે
હસ્તે : ડૉ. કનીર ભાટિયા અને જયેશ ભાટિયા પરિવાર, મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ ‘જ્ઞાનદાન’ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,